Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : 33 ● અંક : ૨૨
તા.૨૭-૦૨-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૩ ફાગણ સુદ - ૦૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૦૫ સૂર્યાસ્ત : ૦૬:૪૧

તાપમાન: ડીસા ૩૬, અમદાવાદ ૩૬, ગાંધીનગર ૩૪.૭, વડોદરા ૩૬.૬, સુરત ૩૭.૬, નલિયા ૩૪.૯

ચાંદી : ૪૨૫૦૦ સોનું : ૨૯૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૧ વર્ષ...

# ચોટીલા મંદિર ઉડાવી દેવાનું કાવતરૂ નિષ્ફળ

## આઈએસના ત્રાસવાદીઓ પાસેથી બોંબ બનાવવાની સામગ્રી કબજે : બે સગાભાઈ પૈકી એકની રાજકોટમાંથી અને બીજાની ભાવનગરમાંથી ગુજરાત એટીએસ દ્વારા ધરપકડ : આકરી પુછપરછનો દોર શરૂ : સલામતી મજબૂત

અમદાવાદ

ગુજરાતની એન્ટી ટેરેરિઝમ સ્કવોર્ડ (એટીએસ)ને મોટી સફળતા હાથ લાગી છે. એટીએસે આજે આગામી થોડાક દિવસોમાં ગુ-જરાતમાં અનેક ધાર્મિક સ્થળો ઉપર સિરિયલ બોંબ બ્લાસ્ટ કરવાની યોજના બનાવી રહેલા આઈએસના બે ત્રાસવાદીઓની ધરપકડ કરી લીધી છે. આ બંને સગા ભાઈ છે અને સોશિયલ મિડિયા મારફતે તેમના વિદેશમાં રહેલા આઈએસના આકાઓ સાથે સીધીરીતે સંપર્કમાં હતા. તેમની પાસેથી બોંબ બનાવવાની સામગ્રી પણ કબજે કરવામાં આવી છે. બંનેની પુછપરછનો દોર શરૂ કરવામાં આવ્યો છે. ગુજરાત એટીએસે બંને આતંકવાદીઓને જુદા જુદા વિસ્તારમાંથી પકડી પાડવામાં આવ્યા છે જે પૈકી એકને રાજ-કોટમાંથી અને બીજાને ભાવનગરમાંથી પકડી પાડવામાં આવ્યો છે. બંને ટેકનિકલ નિષ્ણાત છે અને છેલ્લા એક વર્ષથી સોશિયલ મિડિયા પર સક્રિય હતા.

અનુસંધાન પાના નં.૬



### બંને ત્રાસવાદીને અમદાવાદ લાવવામાં આવ્યા

## ગુજરાતમાં પ્રથમવાર આઈએસના ત્રાસવાદી ઝડપાતા ચકચાર

### રાજકોટથી શાર્પશૂટરો ઝડપાયા બાદ વધુ સફળતા મળી

અમદાવાદ

ગુજરાતમાં પ્રથમ વખત સિરિયા અને ઈરાકમાં સક્રિય ખતરનાક આતંકવાદી સંગઠન આઈએસના ત્રાસવાદીઓની ધરપકડ કરવામાં આવી છે. ઝડપાયેલા આ આતંકવાદીઓએ ગુજરાતમાં ૧૫ દિવસ પહેલા જ એક ધાર્મિક સ્થળ પર હુમલો કરી દેવાની યોજના બનાવી હતી પરંતુ સુરક્ષાના કારણોસર યોજનાને અંજામ આપી શક્યા ન હતા. એનઆઈએ દ્વારા થોડાક દિવસ પહેલા ઉત્તરપ્રદેશથી મુફ્તી અબ્દુલ કાશ્મીની ધરપકડ કરવામાં આવી હતી. ગુજરાતમાંથી ધરપકડ કરવામાં આવેલા આ બંને શખ્સોના સંબંધ કાશ્મી સાથે પણ હોવાનું જાણવા મળી રહ્યું છે. પોલીસ સમગ્ર મામલામાં તપાસ કરી રહી છે. આ બંનેના અન્ય કોઈ સોર્સ અમદાવાદ અથવા તો અન્ય કોઈ જગ્યાએ છે કે કેમ તેમાં પણ તપાસ કરવામાં આવી રહી છે. શનિવારના દિવસે રાજકોટમાંથી શાર્પશૂટરો ઝડપાયાના બીજા દિવસે આઈએસના બે ત્રાસવાદીઓને ગુજરાત એટીએસે પકડી પાડીને મોટી સફળતા મેળવી લીધી છે. એટીએસ બંને ત્રાસવાદી ભાઈને રાજકોટથી લઈ અમદાવાદ પહોંચી રહી છે.

### સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા

## રાજયના તમામ ધાર્મિક સ્થળો ઉપર વધુ સઘન સુરક્ષા

### બંને સગાભાઈ આખરે આતંકવાદીઓ તરીકે નિકળતા આસપાસના વિસ્તારમાં રહેતા લોકો પણ આશ્ચર્યચકિત

અમદાવાદ

ગુજરાત એટીએસની ટીમે બે ત્રાસવાદીઓને ઝડપી પાડવામાં આવ્યા બાદ ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. ખાસ કરીને ધાર્મિક સ્થળો ઉપર સુરક્ષા વધારી દેવામાં આવી છે. ચોટિલા અને અન્ય કેટલાક ધાર્મિક સ્થળો ઉપર આગામી બે દિવસમાં હુમલા કરવાની યોજના તૈયાર કરવામાં આવી હતી. પોલીસ અધિકારીઓએ કબૂલાત કરતા કહ્યું છે કે, તેમની પાસે બોંબ બનાવવાની સામગ્રી મળી આવી છે. આ બંને શખ્સો ટ્વિટર અને સોશિયલ મિડિયા મારફતે દેશની બહાર આઈએસ સાથે સંપર્કમાં હતા. આ ઉપરાંત હાલમાં હુમલાની યોજનાને અંજામ આપવા માટે તૈયારી કરી ચુક્યા હતા પરંતુ મજબૂત સુરક્ષા હોવાના કારણે તેમની યોજના નિષ્ફળ રહી હતી. બીજી બાજુ તેમના અન્ય સંપર્કોની પણ શોધખોળ હાથ ધરવામાં આવી છે. નવી વિગત મળે તેવી પ્રબળ શક્યતા દેખાઈ રહી છે. ગનપાઉડર, લોકલ બોંબ બનાવવાની બેટરી અને માસ્ક મળી આવ્યા છે. પોલીસે કોમ્પ્યુટરો જપ્ત કર્યા છે જેમાં વાંધાજનક અને પ્રતિબંધાત્મક સામગ્રી મળી આવી છે. હાલમાં વધુ વિગત પોલીસે આપી નથી પરંતુ અન્યત્ર જગ્યા પર સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે.

### વિચાર વૈભવ...

આજકાલ વેપારઉદ્યાગમાં છેતરપિંડી, ઠગાઈ ઊતરતી કવોલિટીનો માલ આપવો એ બધું 'વ્યાવહારિક' ગણવામાં આવે છે.એટલું જ નહીં, વિદેશ માટે નિકાસ કરતાં માલ બતાવે નમૂનો ઊંચી જાતનો ને મોકલે હલકા પ્રકારનો, આમાં વેપારીનું ખરાબ લાગે જ છે. પણ દેશનું રાષ્ટ્રનું પણ નામ બગડે છે. પણ શરમ કોને છે. ?

હિંદના દાદા તરીકે પ્રખ્યાત દાદાભાઈ નવરોજી કારકિર્દીની શરૂઆતમાં એક વેપારી પેઢીમાં ભાગીદાર તરીકે જોડાયા હતા. એમની કંપનીને દોરાના રીલ મોકલવાનો ઓર્ડર મળ્યો. ભાગીદાર અને મેનેજરની સાંઠગાંઠથી સો ગજ દોરાને બદલે ફીંડલામ એંસી વજ દોરો જ મુકાયો હતો.

દાદાભાઈની આંખે આ ચોરી પકડાઈ ગઈ. માલ અટકાવાયો. દોરાનું નવેસર માપ કઢાવ્યું. સો ગજને બદલે દરેક એસી ગજ દોરો થયો.

દાદાભાઈઓ આ વાત પોતાના ભાગીદારને કરી ભાગીદાર કહે,'નફો વધારવા આવું તો કરવું પડે ! જો ફરિયાદ આવશે તો જોઈ લેશું !'

નીતિવાન દાદાભાઈને આઘાત લાગ્યો. આવી અનીતિમય કમાણી કરતાં ભૂખે મરવાનું તેમને બહેતર લાગ્યું અને પેઢીમાંથી છૂટા થયા.

- સુરેશ પ્રા.ભટ્ટ

### ૧૧ જિલ્લાની ૫૧ બેઠક પર ૬૦૮ ઉમેદવારો મેદાનમાં

## ઉત્તરપ્રદેશ : પાંચમાં તબક્કામાં આજે ઉત્સાહ વચ્ચે મતદાન

### ૯૬ લાખ મહિલા મતદાર સહિત ૧.૮૪ કરોડ મતદારો ઉમેદવારોના ભાવિનો ફેસલો કરવા માટે સજ્જ થયા : અમેઠીમાં મહત્તમ ૨૪ ઉમેદવારો મેદાનમાં

લખનૌ

ઉત્તરપ્રદેશમાં અભૂતપૂર્વ સુરક્ષા વચ્ચે આવતીકાલે પાંચમાં તબક્કામાં મતદાન યોજનાર છે. જેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. હજુ સુધીના ચાર તબક્કામાં ઉંચુ મતાદન થયા બાદ આવતીકાલે પણ ઉંચા મતદાનની અપેક્ષા રાખવામાં આવી રહી છે. ૧૧ જિલ્લાને આવરી લેતી ૫૧ બેઠક પર આવતીકાલે મતદાન યોજાનાર છે. પાંચમાં તબક્કામાં કુલ ૬૦૮ ઉમેદવારો તેમના ભાગ્ય અજમાવી રહ્યા છે. તમામ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે સજ્જ અને ઉત્સુક દેખાઈ રહ્યા છે. વર્ષ ૨૦૧૨માં પાંચમાં તબક્કામાં ૫૨ સીટ પૈકી સમાજવાદી પાર્ટીએ ૩૮ બેઠકો જીતીને જોરદાર સપાટો બોલાવ્યો હતો. જ્યારે કોંગ્રેસના ખાતામાં પાંચ બેઠકો આવી હતી. જેથી આ દ્રષ્ટિએ ૮૫ ટકા સીટ ગઠબંધનના ખાતામાં આવી હતી. જે જિલ્લામાં આવતીકાલે ચૂંટણી યોજાનાર છે તેમાં બલરામપુર, ગૌન્ડા, ફૈઝાબાદ, આમ્બેડકર નગર, બહરાઈચનો સમાવેશ થાય છે. કુલ વોટરની સંખ્યા ૧.૮૪ કરોડની આસપાસ છે. જે પૈકી મોટા ભાગના મતદારો તેમના મતાધિકાનો ઉપયોગ કરવા માટે સજ્જ છે. અમેઠીમાં ૨૪ ઉમેદવારો મેદાનમાં છે. આ તબક્કામાં જે મહત્વપૂર્ણ ઉમેદવારોના ભાવિનો ફેસલો થનાર છે તેમાં ગાયત્રી પ્રસાદ પ્રજાપતિ, ગરીમા સિંહ, વિનોદ કુમાર ઉર્ફે પંડિત સિંહ, તેજ નારેન પાન્ડે ઉર્ફે પવન પાન્ડેઅને બસપના રાજ્ય પ્રમુખ રામ આંચલનો સમાવેશ થાય છે. આ તબક્કામાં પુરૂષ મતદારોની સંખ્યા ૯૫ લાખ છે. જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૮૯ લાખ છે. ચોથા તબક્કામાં મતદાન પૂર્ણ થયા બાદ હજુ સુધી કુલ ૨૬૨ બેઠકો ઉપર મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે. યુપીમાં પાંચમાં તબક્કામાં બાવન સીટ માટે ૨૭મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે.

## આર્મી ભરતી કાંડ : ૧૮ની પેપર લીક મામલે ધરપકડ

થાણે

આર્મી પરીક્ષા પહેલા લીક કરવામાં આવેલા આર્મી પરીક્ષા પેપરના સંબંધમાં થાણે પોલીસ દ્વારા ઓછામાં ઓછા ૧૮ લોકોની ધરપકડ કરવામાં આવી ચુકી છે. જુદા જુદા ભાગોમાં દરોડા પાડવામાં આવ્યા છે. નાગપુર અને નાસિકમાં દરોડા પાડવાની કામગીરી ચાલી રહી છે. મહારાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં લીક કરવામાં આવેલા પેપરોના સંદર્ભમાં અહેવાલ આવ્યા બાદ દરોડાની કામગીરી હાથ ધરાઈ હતી. આ પરીક્ષા સવારે ૯ વાગે લેવામાં આવનાર હતી. મહારાષ્ટ્રના નાગપુર, થાણે, નાસિક અને ગોવામાં દરોડા પાડવામાં આવ્યા છે. પોલીસને જુદી જુદી હોટલ અને લોજમાં ગઈકાલે મોડી રાત્રે કેટલાક ઉમેદવારોને પેપર લખાવી દેવામાં આવ્યા છે તેવી બાતમી મળી હતી.

### મન કી બાતમાં વડાપ્રધાન મોદીએ અપીલ કરી

## ડિજિટલ પેમેન્ટને જન આંદોલનમાં ફેરવવા અનુરોધ

### ૧૫ વર્ષના કિશોરથી લઇને ૭૦ વર્ષના વરિષ્ઠ લોકો ડિજિટલ પેમેન્ટ કરી રહ્યા છે : ભીમ એપ પર ભાર મુક્યો

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત કાર્યક્રમમાં ડિજિટલ પેમેન્ટને જનઆંદોલનમાં ફેરવી કાઢવા લોકોને અપીલ કરી હતી. વડાપ્રધાને કહ્યું હતું કે, દેશમાં હવે ૧૫ વર્ષના કિશોરને લઈને ૭૦ વર્ષના વરિષ્ઠ નાગરિકો સુધી ડિજિટલ પેમેન્ટ કરી રહ્યા છે જે ઉત્સાહજનક પરિણામ છે. રેડિયો ઉપર પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, ડિજિટલ કરન્સી તરફ લોકો વધી રહ્યા છે. યુવા પેઢી મોબાઈલ ફોનથી ડિજિટલ પેમેન્ટની ટેવ પાડી રહી છે. ગયા મહિને શરૂ કરવામાં આવેલી ડિજિધન વેપારી યોજના અને લકી ગ્રાહક યોજનાને અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે. આ સ્કીમોથી ડિજિટલ ચુકવણીને જનઆંદોલન બનાવવાની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. આ સ્કીમ હેઠળ હજુ સુધી ૧૦૦૦૦ લોકોને ઈનામ મળી ચુક્યા છે. ૧૫૦ કરોડથી વધુની રકમ આપવામાં આવી ચુકી છે. ઈનામ મેળવનારમાં ૧૦૦ ગ્રાહકને એક લાખથી વધુના ઈનામ મળી ચુક્યા છે. ઈનામ મેળવનારમાં ૧૫ વર્ષના યુવાથી લઈને ૬૫ વર્ષના લોકો સામેલ છે. મન કી બાત કાર્યક્રમની ૨૯મી એડિશનમાં મોદીએ અન્ય મુદ્દાઓ ઉપર પણ વાત કરી હતી. બાબા સાહેબ ભીમરાવ આંબેડકરને યાદ કરતા મોદીએ કહ્યું હતું કે, ડિજિટલ યોજના સાથે જોડાયેલી ઈનામી યોજનાની પૂર્ણાહૂતિ ૧૪મી એપ્રિલના દિવસે થનાર છે. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે, આ પ્રસંગ ઉપર ઓછામાં ઓછા ૧૨૫ લોકોને ભીમ એપ ડાઉનલોડ કરવાની અપીલ કરવી જોઈએ. આ સ્કીમના ૧૦૦ દિવસ પુરા થવાના પ્રસંગે ૧૪મી એપ્રિલના દિવસે આંબેડકર જયંતિ પ્રસંગે લકી ડ્રોનું આયોજન કરવામાં આવ્યું છે. ભીમ એપ ડાઉનલોડ જારી કરવામાં આવી રહ્યા છે. બાબા સાહેબ તરફથી મુકવામાં આવેલી આધારશીલાને વધુ મજબૂત કરવાનો સમય આવી ગયો છે.

### સાર સમાચાર...

#### મેઘાલયમાં અકસ્માતમાં ૧૬ના મોત : ૫૦ને ઇજા

શિલાંગ

મેઘાલયના વેસ્ટ ખાસી હિલ્સ જીલ્લામાં એક તેજ ગતિ ટ્રક માર્ગ પર કંક્રીટના બેરિકેટથી ટકરાઈ હતી જેથી ઓછામાં ઓછા ૧૬ લોકોના મોત નિપજ્યા હતાં જ્યારે વેસ્ટ ખાસી હિલ્સના જીલ્લા મુખ્ય મથકે નોંગસ્ટોઈનથી ૧૧ કિલોમીટર દુર દોહક્રોહ ગામમાં થયેલ આ દુર્ઘટનામાં ૫૦થી વધુ લોકોને ગંભીર ઈજા થઈ હતી.

પશ્ચિમી ખાસી હિલ્સના પોલીસ પ્રમુખ સિલવેસ્ટર નોન્ગટંગરે કહ્યું કે ૧૨ લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતાં જ્યારે ચાર અન્યે હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતાં.મૃતકોમાં નવ મહિલા અને ૧૩ વર્ષની એક બાળકી પણ સામેલ છે. તમામ લોકો નોન્ગલૈંસ ગામમાં પ્રેસ્બિટેરિયન ચર્ચની ધર્મસભામાં ભાગ લેવા જઈ રહ્યાં હતાં.

### રોકેટ લોન્ચર અને વિસ્ફોટકોથી હુમલા થઇ શકે

## મોદીની જાન પર ભય : હવે મઉ રેલી પહેલા સુરક્ષા વધી

### મઉની રેલી પહેલા સાવચેતીના તમામ પગલાઓ લેવાયા

લખનૌ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આવતીકાલે મઉમાં સૂચિત રેલીને લઈને ગુપ્તચર સંસ્થાઓ દ્વારા એલર્ટની જાહેરાત કરવામાં આવી છે જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાન ઉપર ત્રાસવાદીઓ તરફથી ખતરો હોવાની વાત કરવામાં આવી છે. વડાપ્રધાન પર રોકેટ લોન્ચર અને વિસ્ફોટકો ભરેલા વાહન મારફતે હુમલા કરવાની યોજના હોવાના અહેવાલ મળ્યા છે. ગુપ્તચર સંસ્થાઓની સૂચના બાદ પોલીસ હાઈએલર્ટ પર છે. મઉના એડિશનલ એસપી આરકે સિંહે આઅંગેના અહેવાલ આપતા કહ્યું છે કે, ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી હરેન પંડ્યાની હત્યાના આરોપી રસુલ પાર્ટી પણ વડાપ્રધાન ઉપર હુમલાની યોજના બનાવી રહી છે. ઈન્પુટના કહેવા મુજબ રસુલ પાર્ટી અને તેના બે સાથી વડાપ્રધાનના કાફલા ઉપર હુમલો કરવાની યોજના બનાવે છે. ગુપ્તચર સંસ્થાઓની સૂચના પર રેલીની સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દેવામાં આવી છે. સોમવારના દિવસે ભુજોટી ઓફિસર્સ કોલોનીની સામે વડાપ્રધાનની રેલી યોજાનાર છે. આરકે સિંહે કહ્યું છે કે, છેલ્લા કેટલાક વર્ષોમાં આ વિસ્તારમાં ત્રાસવાદીઓની ધરપકડ પણ કરવામાં આવી છે.

### સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ૩૮.૩ ડિગ્રી

## રાજયના ઘણા વિસ્તારમાં પારો વધી ૩૮ ડિગ્રી થયો

### ગરમીના પ્રમાણમાં વધારો : અમદાવાદમાં પારો ૩૬ થયો

અમદાવાદ

અમદાવાદ શહેર અને રાજયમાં ફરી એકવાર ગરમીનું પ્રમાણ વધી ગયું છે. રાજયના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં ફરી વધારો થયો છે. ગુજરાતના કેટલાક ભાગોમાં આજે પારો ૩૮થી પણ ઉપર રહ્યો હતો. રાજયના જે ભાગોમાં પારો ૩૮થી ઉપર પહોંચ્યો હતો તેમાં સુરેન્દ્રનગરમાં ૩૮.૩ અને અમરેલી ૩૮ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું જયારે ભુજમાં ૩૭.૮ ડિગ્રી સુધી મહત્તમ તાપમાન નોંધાયું હતું. રાજયના અન્ય ભાગોમાં પણ મહત્તમ તાપમાનમાં વધારો થયો છે. રાજયના પાટનગર ગાંધીનગરમાં આજે મહત્તમ તાપમાન ૩૪.૭ અને લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી નોંધાયું હતું. આવી જ રીતે વડોદરામાં મહત્તમ તાપમાન ૩૬.૬ અને લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી નોંધાયું છે. અમદાવાદની સાથે સાથે રાજયના જુદા જુદા ભાગોમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન વધતા માસુમ બાળકોને તકલીફ થઈ રહી છે. આરોગ્યને લઈને ઈન્ફેકશનની તકલીફ વધી છે. શરદી, ગરમીથી ગ્રસ્ત રોગના કેસમાં વધારો નોંધાયો હોવાના અહેવાલ મળી રહ્યા છે. અમદાવાદ શહેર અને રાજયમાં હાલમાં મિશ્ર વાતાવરણનો અનુભવ લોકો કરી રહ્યા છે. એકબાજુ સવારમાં ફુલગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. જયારે બીજી બાજુ બપોરના ગાળામાં ગરમીનો અનુભવ પણ લોકો કરી રહ્યા છે. બાળકો જે સ્કુલ જઈ રહ્યા છે તેમને ફરી એકવાર બીમારીમાં સકંજામાં ખેંચી જાય તેવું વાતાવરણ સર્જાયું છે.

### ગુજરાતની નાની કંપનીઓ દ્વારા ૨૩૪ કરોડ ઉભા થયા

## ગુજરાતની ૨૫ નાની કંપની દ્વારા મોટી સિદ્ધિ મેળવાઈ

અમદાવાદ

ગુજરાત સ્થિત મધ્યમ અને નાના ઉદ્યોગ સાહસિકી (એસએમઈ) દ્વારા ૨૩૪ કરોડ રૂપિયા ઉભા કરવામાં આવ્યા છે. ૨૦૧૬માં એક્સચેંજ ઉપર લિસ્ટેડ એસએમઈમાં ગુજરાત સૌથી ઉપર હોવાની વિગત મળી રહી છે. વર્ષ ૨૦૧૬માં લિસ્ટેડ એસએમઈની વાતકરવામાં આવે તો ગુજરાતમાંથી ૨૫ કંપનીઓ છે. રાજયમાંથી નાની કંપનીઓ દ્વારા ૨૩૪ કરોડ રૂપિયા ઉભા કરવામાં આવ્યા છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અંગેના અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા બાદ આંકડાકીય વિગત સપાટી ઉપર આવી છે. આ મામલામાં મહારાષ્ટ્રી બીજા, રાજસ્થાન ત્રીજા, પશ્ચિમ બંગાળ ચોથા અને મધ્યપ્રદેશ પાંચમાં ક્રમાંક ઉપર છે. મહારાષ્ટ્ર દ્વારા ૯૯ કરોડ રૂપિયા ઉભા કરવામાં આવ્યા છે. લોકલ નાની કંપનીઓ દ્વારા ઉભી કરવામાં આવેલી મૂડીની દ્રષ્ટિએ અન્ય રાજયો કરતા ગુજરાત આગળ છે. લિસ્ટિંગની સંખ્યાના મામલામાં જ નહીં બલ્કે નાણા ઉભા કરવામાં પણ આગળ છે. મુંબઈ સ્ટોક એંક્સચેંજ અને નેશનલ સ્ટોક એક્સચેંજમાં ૨૦૧૬માં કુલ ૬૬ કંપનીઓ દ્વારા લિસ્ટેડનો આંકડો આવ્યો હતો જે પૈકી ગુજરાતમાંથી ૨૫ કંપનીઓ નોંધાઈ ચુકી છે.

### ગતકડું...!

- દેવેન વ્યાસ



આપણા જેવા ભોગી લોકોને યોગ કરવાનું કયાંથી સુઝે....??

સૂર્યોદય -૭.૦૫ સૂર્યાસ્ત - ૬.૪૧

## તિથિદર્શન

ફાગણ સુદ ૧ સોમવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૮, નામ સંવત્સર :દુર્મુખ નામ વીર જૈન સંવત ૨૫૪૩ ફાગણ સુદ એકમ સોમવાર નક્ષત્ર: પુર્વભાદ્રપદ યોગ:સિદ્ધ કરણ:કિસ્તુઘનઆજે જન્મેલા બાળકની કુંભ (ગ.શ.ષ.સ) રાત્રે ૧૨.૧૦ પછી મીન (દ.ચ.ઝ.થ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**અબુધા અજંગમા અપિ,**
**કયાપિ ગત્વા પરં પદમવત્યા,**
**મંત્રિણાં ઈતિ કીર્ત્યન્તે નય ,**
**બલગુટિકા ઈવ જનેન**

'જે લોકો જ્ઞાન- જાણકારી- અનુભવ વિનાના જડ હોવા છતાં ઉચ્ચ પદ પર પહોંચી ગયા છે તેઓ શતરંજનાં પ્યાદાંની જેમ રાજા - પ્રધાન- મંત્રી તરીકે ઓળખાય તો છે પણ શતરંજના પ્યાદાં જેમ નામના - નિર્જીવ જ છે.'

ઉત્તરપ્રદેશમાં અત્યારે લાખો કર્મચારી 'બઢતી'માં પણ 'અનામત'નો વિરોધ કરી હડતાલમાં છે. રાજ-કારણી નેતાઓ 'યશ' લેવા માટે મતનું રાજકારણ રમી પછાત કે લઘુમતીઓને રીઝવવા લોકસભા-રાજસભા અને રાજ્યની વિધાનસભાઓમાં 'અનામત' ના દાવપેચ ખેલે છે. 'અનામત'થી આગળ આવેલા અને બઢતી પામનાર 'મેરિટવાળા' વિદ્યાર્થીઓ- કર્મચારીઓને અન્યાય કરે છે. ગાંધીજીએ બંધારણમાં એક મર્યાદા બાંધી છે ત્યાં સુધી જ 'અનામત'નો અમલ રાખવો પણ હવે 'રાજકારણ' નું પ્યાદું થઈ ગયું છે.

જે માણસો લાગવગ - દબાણ- કોપી કરીને ખોટી રીતે પરિણામો લાવી 'હોદ્દા' સત્તા મેળવે છે. તેમને જાણકારી હોતી નથી. નિષ્ણાત હોતા નથી, પરિણામે, સત્તા પ્રાપ્ત કર્યા પછી પણ પોતાના 'હોદ્દા' ને વાસ્તવિક ન્યાય આપી શકતા નથી. 'સાહેબ', 'ડૉક્ટર', 'ઈજનેર' કહેવાય ખરા પણ એમના વતી એમનું કામ કોઈક કરતું હોય છે. એ તો નામના જ હોય છે.

# એફડીઆઈ દરખાસ્તોને મંજુરી આપવા એસઓપી રચાશે

નવીદિલ્હી

રિઝર્વ બેંક દ્વારા ટૂંક સમયમાં જ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીડર (એસઓપી) ઘડી કાઢવામાં આવશે. એફઆઈપીબીને તબક્કાવાર રીતે નાબૂદ કરવાના સરકારના નિર્ણય બાદ જુદા જુદા મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવતી એફડીઆઈની દરખાસ્તોને મંજુરી આપવા માટે એસઓપીની રચના કરવામાં આવનાર છે. હાલમાં આંતરપ્રધાન સ્તરની બેઠકમાં આ મુદ્દા ઉપર વિસ્તાપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. સંવેદનશીલ સેક્ટરોમાં સીધા વિદેશી મૂડીરોકાણની દરખાસ્તોને મંજુરી આપવા માટે ધારાધોરણ નક્કી કરવા માટેની દરખાસ્ત ઉપર ચર્ચા થઈ હતી. સૂત્રોના કહેવા મુજબ આ બેઠકમાં ચર્ચામાં જુદા જુદા વિકલ્પો ઉપર વાત થઇ હતી. કારોબારને વધુ સરળ ભનાવવાના ઈરાદા સાથે સરકારે થોડાક સમય પહેલા જ ફોરેન ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડને નાબૂદ કરવાનો નિર્ણય કર્યો હતો જેથી હવે એસઓપી પર ચર્ચા ચાલી રહી છે.

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

દેશને કાજે ફના થઈ જનાર આપણા મહાન ક્રાંતિકારી ચંદ્રશેખર આઝાદની પુણ્યતિથિ છે. એમનો જન્મ ઈ.સ.૧૯૦૫માં મધ્ય પ્રદેશના ભાવરા નામના ગામડામાં થયો હતો. પોતાની અદ્રિતીય સંગઠનશક્તિ અને અસીમ સાહસિકતાથી સૌના પ્રિય બનેલા 'આઝાદ' જીવનનાં છેલ્લા શ્વાસ સુધી આઝાદ જ રહ્યા. એક સામાન્ય કુંટુંબમાં જન્મી પોતાના પ્રચંડ પુરૂષાર્થ વડે દેશના ક્રાંતિકારી દળના સેનાપતિપદે પહોંચેલા 'આઝાદ' આપણા આજના યુવાનો માટે એક 'આદર્શ' છે. આ મહાન ક્રાંતિકારીનું તા.૨૭-૨-૧૯૩૧ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# ભીલડી બી.એમ મહેશ્વરી કોલેજમાં વસંતોત્સવ યોજાયો

**નવીન રૂમનું લોકાર્પણ કેન્દ્રિય મંત્રીના હસ્તે કરાયું**



જમીન મેમણ

પ્રતિનિધિ ભીલડી

ભીલડી બી.એમ. મહેશ્વરી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર્ટસ કોલેજના પટાંગણામાં કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને વસંતોત્સવ - ૨૦૧૭નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રાજયકક્ષાના મંત્રી કેશાજી ચૌહાણ, જિલ્લા પંચાયત પ્રમુખ દીનેશભાઈ જોષી, ભરતસિંહ ભટેસરીયા, દિનેશભાઈ અનાવાડીયા, લેબજીભાઈ ઠાકોર, બાબરાભાઈ પટેલ, બાબુલાલ પાનકુટા, સરપંચ મહેશભાઈ મોદી, જોઈતા ભાઈ પટેલ, બાબુલાલ નાની ઘરનાળ, વિરમજી બારોટ (સોતમલા), ઓબજી રાઠોડ (મુડેઠા) દયાલજી રાઠોડ (મુડેઠા) ભેમજી રાઠોડ, રમેશભાઈ ધનાધરા, રઘુભાઈ રાજગોર વીગેરે બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સ્વાગત પ્રવચન ટ્રસ્ટના મંત્રી નટુભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના પ્રિન્સીપાલ ડો. સુનિતાબેન ખત્રીએ કોલેજની પ્રગતિની રૂપરેખા રજુ કરી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરી ઉપસ્થિત મહેમાનોને મંગ્મુગ્ધ કરી દીધા હતા. કેન્દ્રિય મંત્રી હરિભાઈ ચૌધરીની ગ્રાન્ટમાંથી બનાવેલ નવીન રૂમનુ લોકાર્પણ કર્યુ હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજ પરિવારે તથા બી એમ. મહેશ્વરી ટ્રસ્ટના પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી. જ્યારે આભાર વિધિ ટ્રસ્ટના પ્રમુખ ભવાનીશંકર મહેશ્વરીએ કરી હતી.

# વાઈબ્રન્ટ સ્કૂલ ઓફ સાયન્સ ડીસામાં એસ.એસ.સી. ટોપ ટેન કસોટી યોજાઈ



ડીસા

ડીસા શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા વાઈબ્રન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં ડીસા શહેર અને તાલુકાના ધો.૧૦ (એસ.એસ.સી.) માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં બોર્ડની પરીક્ષાની પૂર્વ તૈયારીના ભાગરૂપ તેમજ પરીક્ષાનો ભય દૂર થાય અને નિર્ભય રીતે પરીક્ષા આપી શકે તથા એમસીક્યૂ સીટથી પરીક્ષાનો મહાવરો થાય તે હેતુથી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડીસા શહેર અને તાલુકાની શાળાઓના ધો.૧૦ ના ૭૪૮ વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને ઉત્સાહથી પરીક્ષા આપી હતી. જેમાં પ્રથમ દસ ક્રમાંકમાં કુલ ૧૭ વિદ્યાર્થીઓ વિજેતા થયા હતા. જેમાં પ્રથમ નંબરે હર્ષ પરેશભાઈ સોલંકી, દ્વિતીય નંબરે હાર્દિક પ્રતાપભાઈ વેણ, તૃતિય ક્રમે વિરજ મંગુભાઈ પટેલ ચોથા ક્રમે દલપત ભામનદાસ સુથાર, કરણ નટવરલાલ ઠક્કર પાંચમા ક્રમે વિપુલ કાન્તિજી ટાંક છઠ્ઠા ક્રમે સોહમ હર્ષદભાઈ પટેલ સાતમા ક્રમે જયદીપ પ્રવિણભાઈ ગોરાડકર, કમલદાન કૈલાસદાન ગઢવી આઠમા ક્રમે વિક્રમ શંકરભાઈ માળી, હર્ષિલા રમેશભાઈ દેસાઈ નવમા ક્રમે ધાર્મિક પ્રકાશભાઈ જોષી, મન નવિનભાઈ ગોહિલ, ફેનીલ સુજ્ઞેશભાઈ પોપટીયા દસમા ક્રમે મીત ભરતભાઈ બનાવાલા, દિશા અશોકભાઈ ત્રિવેદી, રોશની ગૌરીશંકર શ્રીમાળી વિજેતા થયા હતા. મોટી સંખ્યામાં વાલીઓ તથા શિક્ષ-કોએ ઉપસ્થિત રહીને વિજેતા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

# દાંતીવાડાના જેગોલ ખાતે બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા શિવરાત્રીની ઉજવણી


ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

દાંતીવાડા તાલુકાના જેગોલ ગામ ખાતે બી. સી. ચૌધરી વિદ્યાલયના પટાંગણમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દાંતીવાડા દ્વારા શિવજયંતી (શિવરાત્રી) નિમિતે સંગીત સંધ્યાના ભવ્ય પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલું હતું. આ પ્રોગ્રામમાં દાંતીવાડા સેન્ટરના ઈન્ચાર્જ બ્રહ્માકુમારી રાજયોગીની શીવાનીબેને પ્રોગ્રામમાં પ્રધારેલ મહેમાનો તથા શ્રોતાગણનું હાર્દિક સ્વાગત કર્યું હતું. તથા પાલનપુર સેન્ટરના મુખ્ય સંચાલિકા રાજયોગીની ભારતીદીદીએ આ પ્રોગ્રામમાં પ્રાસંગીક પ્રવચન આપી શ્રોતાગણને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. તેમજ મહેમાનોમાં પધારેલ બ્ર.કુ.ચંદ્રિકાબેન ગઢ, બ્ર.કુ.રાજુભાઈ પાલનપુર, પી.જે.ચૌધરી બનાસડેરી ના ડિરેક્ટર ડાંગીયા, નથાભાઈ પટેલ પૂર્વ બનાસ બેંક ના ચેરમેન ધાનેરા, નટુભાઈ દાંતીવાડા તાલુકાના ભા.જ.પ.ના પ્રમુખ, હરજીવનભાઈ ભૂતડીયા પાંથાવાડા માર્કેટ યાર્ડના ચેરમેન ઉપસ્થિત રહી સર્વેને શુભકામના પાઠવી હતી. તથા ભલાભાઈ વકીલ ફતેપુરવાળા જેમને આ પ્રોગ્રામનું આયોજન કરનાર તથા પ્રોગ્રામમાં પ્રધારેલ મહેમાનો અને શ્રોતાગણનો દિલથી આભાર વ્યકત કર્યો હતો.

# શેરબજારમાં ઉથલપાથલનો દોર હાલ યથાવત રહે તેવી સંભાવના

મુંબઈ

દલાલ સ્ટ્રીટમાં આવતીકાલથી શરૂ થતા નવા કારોબારી સેશનમાં મુખ્ય રીતે પાંચ પરિબળોની અસર જોવા મળી શકે છે. જે પરિબળોની અસર રહેશે તેમાં ફેબ્રુઆરી મહિનામાં ઓટો વેચાણના આંકડા, ડિસેમ્બર ત્રિમાસિક ગાળાના જીડીપીના આંકડા, માઈક્રો ડેટા, વૈશ્વિક પરિસ્થિતિ અને ટેકનિકલ પરિબળોનો સમાવેશ થાય છે. જીડીપીના આંકડા ઉપર તમામની નજર રહેશે. મંગળવારના દિવસે ડિસેમ્બર ત્રિમાસિક ગાળાના જીડીપીના આંકડા જારી કરાશે. મોટાભાગના નિષ્ણાતો માની રહ્યા છે કે, વર્તમાન નાણાંકીય વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળામાં જીડીપીના ડેટા છ ટકાથી નીચે રહી શકે છે. ૩૦થી વધુ અર્થશાસ્ત્રીઓ માની રહ્યા છે કે, ભારતનો જીડીપી વિકાસદર ઓક્ટોબર-ડિસેમ્બરના ત્રિમાસિક ગાળામાં ૬.૪ ટકા હતો. વર્તમાન નોટબંધીની સંપૂર્ણ અસરને લઈને ઘણા અર્થશાસ્ત્રીઓ નિશ્ચિત વાત કરવાની સ્થિતિમાં નથી. જાન્યુઆરી મહિનામાં મેન્યુફેક્ચરિંગ એક્ટિવીટીમાં વધારો થયો છે. બીજી બાજુ ફોર અને ટુ વ્હીલરના શેરમાં ઉતારચઢાવની સ્થિતિ રહી શકે છે. પહેલી માર્ચના દિવસેથી વેચાણના આંકડા જારી કરવામાં આવનાર છે. મારુતિ સુઝુકી, હિરો મોટો, બજાજ ઓટો, અશોક લેલેન્ડ ઉપર તમામ કારોબારીઓની નજર રહશે. બીજી બાજુ અમેરિકામાં હાલમાં ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓને લઈને પણ ચર્ચા છે. જાન્યુઆરી મહિનાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉત્પાદનના આંકડા પણ મંગળવારે જારી થશે.

# ડીસામાં મહાકાળી માતાજીના મંદિરે વાર્ષિકોત્સવ ઉજવાયો



ડીસા

ડીસા શહેરના રેલ્વે સ્ટેશન ચાર રસ્તા પાટણ હાઈવે ઉપર આવેલા મહાકાળી માતાજીના મંદિરે ગઈકાલે શ્રી મહાકાળી મિત્ર મંડળ દ્વારા વાર્ષિકોત્સવ નિમિત્તે લાપસીની પ્રસાદી અને રાત્રે ગરબાનું આયોજન કરાયુ હતું. જે પ્રસંગે બહોળી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

# અનાથ બનેલી ત્રણ બાળકીને મહાત્મા ગાંધી સ્કૂલમાં પ્રવેશ

અમદાવાદ

અમદાવાદ શહેરના આજે ૬૦૭ મા સ્થાપના દિવસે શહેરના મેયરે એક ઉત્તમ માનવતાનું ઉદાહરણ પુરૂ પાડતા તાજેતરમાં શહેરમા હિટ એન્ડ રન કિસ્સામાં માર્યા ગયેલા દંપત્તિની ત્રણ દિકરીઓને શહેરની પ્રતિષ્ઠીત એવી મહાત્મા ગાંધી ઈન્ટરનેશનલ સ્કૂલમાં પ્રવેશ અપાવ્યો છે.આ સાથે જ આ ત્રણેને દર માસ રૂપિયા ૯ હજાર ઉપરાંતની આર્થિક સહાય એમના બેંક એકાઉન્ટમાં મળતી થઈ જશે.આ અંગેની વિગત એવી છે કે,શહેરમાં થોડા સમય અગાઉ ગુણોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ સમયે એક શાળામાં હાજરી આપવા પહોંચેલા મેયરને એક દિકરી સાથેની વાતચીતમાં ખબર પડી હતી કે,તેના માતા-પિતા નથી.આ ઘટના બાદ સર્વે કરાવવામાં આવતા મ્યુનિ.શાળાઓમાં આવા કુલ ૬૯૧ બાળકો અભ્યાસ કરતા હોવાની વિગત જાણવા મળી હતી.બીજી તરફ મેયરે આવા તમામ બાળકોની સાથે શહેરના સ્થાપના દિવસે ઉજવણી કરવાનો નિર્ણય કરવા ઉપરાંત આવા તમામ બાળકોને દર માસે રૂપિયા ૩ હજારની રકમ મળે એ પ્રમાણેનું પણ આયોજન કરવાનું નકકી કર્યુ હતું.જેને આજે શહેરના જલધારા વોટરપાર્ક,કાંકરીયા ખાતે આયોજિત કરવામાં આવેલા કાર્યક્રમમાં અમલમાં મુકવામાં આવ્યું હતુ.શહેરના શાસ્ત્રીનગર વિસ્તારમાં થોડા સમય અગાઉ ફૂટપાથ ઉપર સુતેલા પરીવાર સાથે હીટ એન્ડ રનનો બનાવ બનવા પામ્યો હતો.

# હવે અશફાકના અનિષ સાથેના સંબંધમાં ચકાસણી હાથ ધરાઈ

અમદાવાદ

રાજકોટમાં ચાર શાર્પશૂટરોની ધરપકડ કરવામાં આવ્યા બાદ ઉંડી તપાસનો દોર ચાલી રહ્યો છે. હવે એવી ચોંકાવનારી વિગત સપાટી ઉપર આવી છે કે, જામનગરના અસ્ફાક ખત્રી અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમના ભાઈ અનિષ ઈબ્રાહીમ સાથે સંપર્કમાં હતો. શાર્પશૂટરોને પકડી પાડવામાં આવ્યા બાદ રાજકોટ ક્રાઈમ બ્રાંચ ખાતે ખત્રીને લાવવામાં આવ્યા બાદ તેમના મોબાઈલની ચકાસણી કરવામાં આવી હતી જેમાં પોલીસને અનિષ ઈબ્રાહીમનો વોટ્સઅપ નંબર મળી આવ્યો હતો. વોટ્સઅપ ઉપર બંને વચ્ચે કઈ વાતચીત થઈ હતી તેમાં તપાસ ચાલી રહી છે. એવું પણ જાણવા મળી રહ્યું છે કે, છેલ્લા એક મહિનાથી ખત્રીને ધમકી મળી રહી હતી. શાર્પશૂટરો અસ્ફાક ખત્રીની હત્યા કરવા માટે પહોંચ્યા હોવાની વિગત પહેલાથી જ ખુલી ચુકી છે. શાર્પશૂટરોને પકડી પાડવામાં આવ્યા બાદ તેમની પણ પુછપરછનો સિલસિલો જારી રહ્યો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ અસ્ફાક અને અનિષ વચ્ચે ઘણી વખત વાતચીત થઇ હતી. વોટ્સઅપ ઉપર એક મહિનાથી વાતચીત થઇ રહી હતી. વોટ્સઅપ ઉપર ધમકી પણ અપાઈ હોવાનું જાણવા મળ્યું છે. અત્રે નોંધનીય છે કે, શાર્પશૂટરો ખત્રીની હત્યા કરવા માટે મહારાષ્ટ્રથી વાયા અમદાવાદ થઈને રાજકોટ પહોંચી રહ્યા હતા. ખત્રીની હત્યાના કાવતરામાં તેના બિઝનેસ પાર્ટનર પણ સામેલ હોવાની શંકા સેવાઈ રહી છે.

# રાઈઝીંગ સ્ટાર પર માત્ર સાચી પ્રતિભા ચમકી રહી છે



કલર્સ પર પ્રથમ લાઈવ ગાયક રીયાલીટી શો રાઈઝીંગ સ્ટારની શરૂઆત સાથે જ પ્રેક્ષકોના સક્રીય જોડાણના બંધારણ સાથે મનોરંજનના સ્તરને પુનઃ વ્યાખ્યાયીત કર્યું છે. તે તો બધાને ખબર જ છે કે દરેક પ્રતિભાને રાઈઝીંગ સ્ટાર કી દીવાર ચડવા માટે ઓછામાં ઓછા ૭૦ ટકા મતો જરૂરી છે. ગાયકની પ્રતિભાનો નિર્ણય દર્શકો દ્વારા મોકલવામાં વાસ્તવિક સમયના મતો પર ભારે આધાર રાખે છે. પણ એક નિષ્ણાતના શંકર મહાદેવન, મોનાલી ઠાકુર અને દિલજીત દોસાંઝ વિશ્વાસ મતને અવગણી ન શકો જે ઉભરતી પ્રતિભાને પ્રોત્સાહન આપવા મહત્વપૂર્ણ છે અને દરેક પસાર થયેલા સપ્તાહ સાથે તે લાગે છે કે નિષ્ણાંતના કામ વધારે અઘરા બની ગયા છે.

છેલ્લા સપ્તાહના અંતે જોયું કે દિવાલ ખરેખર અદ્ભુત પ્રતિભા માટે જ ઉંચી ચડી રહી હતી. રાજસ્થાનના પિયુષ પરમાર જેણે સોનુ નિગમ અને તમામ સ્ત્રી જુથ માટે, ગૃહિણીઓને માન આપીને સ્વરાગીની નામ આપ્યું પણ તેણે નિષ્ણાંતના અઘરા પ્રતિસાદનો સામનો કરવો પડશે. જોકે તેમની કામગીરી સારી ગણવામાં આવી હતી. પણ મૌલિકતાનો અભાવ હતો અને તે નિષ્ણાંતોને પ્રભાવિત કરવામાં નિષ્ફળ ગયેલ હતો.

ઓપ્પો કેમેરા ફોન દ્વારા પ્રસ્તુત રાઈઝીંગ સ્ટાર સાથે પ્રથમ લાઈવ રીયાલીટી શોના ભાગીદાર બની રહો દરેક શની રવિ રાત્રે ૯ વાગે કલર્સ પર.

# આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**

આ સપ્તાહ દરમિયાન હિમ્મત અને સ્વાસ્થય ટકાવી રાખવા હિતાવહ. દ્રઢતા અને મક્કમતા કેળવવા માનસિક સ્વાસ્થય જાળવી શકશો તો પરિસ્થિતની સાનુકૂળતા રહેશે. નાણાંકીય મૂંઝવણ રહ્યા કરે. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ રહે. ધંધા-વ્યવસાયમાં મિશ્ર સંજોગો રહે. નોકરીયાતને અટકેલા લાભો મળે અને ઉન્નતિનો માર્ગ સરળ બને. મળેલી તકને ઝડપી લેવી. કૌટુંબિક પ્રશ્નોને કારણે મનમાં અશાંતિ રહે. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે.

**વૃષભ**

આ સમય દરમિયાન માનસિક ઉત્પાત કે અજંપો વર્તાય. આત્મવિશ્વાસ અડગ રાખવું. તમારા વિચારો અને સિધ્ધાંતોને વળગી ન રહેવું. આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય. અગત્યની કામગીરી કે ઉપરી દ્વારા યશ ન મળતા ઉદ્વેગ રહે. જીવનસાથી સાથે કુનેહપૂર્વક અને સહનશીલતાસભર વર્તન કરવું. સંતાનો સાથે સારૂં રહે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**મિથુન**

આ સપ્તાહ દરમિયાન તમારી સમસ્યાનો ઉકેલ મળતા રાહતનો અનુભવ થાય. નાણાંકીય સ્થિતિ મુશ્કેલીભરી રહે. એક બાજુ ખર્ચ વધે જ્યારે બીજી બાજુ આવક યથાવત રહે જેથી નાણાંભીડનો સામનો કરવો પડે. નોકરી ક્ષેત્રે પણ દેખીતા લાભ મેળવી શકશો નહીં. વિરોધીઓના કારણે વિઘ્નો આવે. વેપાર-ધંધા ક્ષેત્રે પણ સંઘર્ષમય સ્થિતિ રહે. દામ્પત્યજીવનમાં સાનુકૂળતા અને લાગણીસભર વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારું રહે.

**કર્ક**

આ સપ્તાહ દરમિયાન અકારણ ચિંતાને કારણે અકળામણ અને અશાંતિ વધે. મનને શાંત રાખવું હિતાવહ. વાણી સંયમ જાળવવું. નાણાંકીય જવાબદારી વધે, આવક કરતા જાવક વધે. આ સમય દરમિયાન નાણાંનુ રોકાણકરવું નહિં કે મોટા સાહસમાં ન પડવું હિતાવહ. નોકરીયાત માટે આ સમય સારો છે. પ્રગત્તિ અને ઉન્નતિની તક મળે. વડીલો કે સ્નેહિજનોની તબિયત અંગે ચિંતા રહે. જીવનસાથીનો સહકાર મળે.

**સિંહ**

આ સપ્તાહ દરમિયાન અંગત મુશ્કેલીઓને કારણે વ્યથા અનુભવાય. બેચેની રહે, મનને પ્રવૃત્તિમાં રાખવું જેથી રાહત અનુભવાય. નાણાંકીય પરિસ્થિતિ મધ્યમ રહે. ખર્ચ અને ચૂકવણીના કારણે આવક વપરાઈ જાય. નોકરીયાત વર્ગ માટે આ સમય પ્રતિકૂળતાસભર છે. વિરોધીઓથી સાવધ રહેવું અને ઉતાવળીયા નિર્ણયો ન લેવા. ઉપરી અધિકારીથી ચકમક ઝરે. મિલ્કત અંગેના પ્રશ્નો યથાવત રહે. ગૃહજીવનમાં મતભેદ હોય તો તે દૂર થાય. આરોગ્ય એકંદરે સારું રહે.

**કન્યા**

આ સપ્તાહ દરમિયાન તમે સર્જનાત્મક કાર્યો કરી શકશો. સફળતા મળે. મનમાં આનંદ-ઉત્સાહનું વાતાવરણ રહે. નાણાંકીય રીતે મૂંઝવણ અનુભવાય છતાં કોઈ કાર્ય અટકે નહીં. ધંધા-વ્યવસાય ક્ષેત્રે ધીમીગતિએ પ્રગતિ થાય. વિરોધીઓના હાથ વડે નોકરીયાત વર્ગ માટે આ સમય સફળતા-યશ-માન અપાવનાર રહે. ગૃહસ્થીજીવનમાં સંવાદીતતા ભર્યું વાતાવરણ રહે. સંતાનો પ્રત્યે વધુ ધ્યાન આપવું જરૂરી બને. આરોગ્ય સારું રહે.

**તુલા**

આ સપ્તાહ દરમિયાન ટેન્શન અને તાણમાંથી મૂક્તિ મળે. નવિન તકો આવે તેને વધાવી લેજો. યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આર્થિક પરિસ્થિતિ થોડી ગુંચવાય. ફરજ અને ખર્ચાઓ વધે છતાં તમારા કાર્યો અટકે નહીં. નોકરી-ધંધા ક્ષેત્રે આ સમય સાનુકૂળતાસભર છે. નોકરીયાત વર્ગને મુશ્કેલી હોય તો તેને તેમાંથી માર્ગ મળે. ધંધા-વ્યવસાયવાળાના ભાગીદારીના પ્રશ્નો હલ થાય, હિતશત્રુઓથી સાવધ રહેવું. ધીરજ અને સંયમ રાખવું. સ્વજનો સાથે મતભેદ રહે. કુનેહપૂર્વકનું વર્તન રાખવું અને આરોગ્ય જાળવવું હિતાવહ.

**વૃશ્ચિક**

આ સપ્તાહ દરમિયાન તમે માનસિક રીતે સ્વસ્થ રહો. આત્મવિશ્વાસમાં વધારો થાય. વ્યવસાયમાં નવી તકો મળે જેનું ભવિષ્ય માટે આયોજન થાય. નોકરીયાત માટે સારું રહે. અંગત પ્રશ્નો ઉકેલાય. બઢતી મળે, ભાગીદારીથી ચેતતા રહેવું. હિતશત્રુઓના કારણે વિઘ્નો આવે. કૌટુંબિક રીતે જોતા ભાઈ-ભાંડુ સાથે વિવાદ સર્જાય. બાળકોથી સુખ મળે. જીવનસાથીનો સહકાર સંપાદન કરી શકાય.

**ધન**

આ સપ્તાહ દરમિયાન ખોટી ચિંતાઓ વધે. અવિશ્વાસ, શંકા, ભયથી દૂર રહેવું નહિંતો ગૃહસ્થીજીવનમાં અસંતોષ રહે. નાણાંકીય તકલીફ દૂર થાય. અન્યોની મદદ દ્વારા ધંધાકીય કાર્યો પાર પડે. ખર્ચ વધે, નોકરીયાત વર્ગ માટે સાનુકૂળતાસભર સમય. ઉપરી અધિકારીઓનો વિશ્વાસ સંપાદન કરી શકશો. કોર્ટ-કચેરીને લગતા પ્રશ્નો ઉકેલાય. વડીલો અને ભાઈ-ભાડુંઓની મદદ મળે. જીવનસાથી સાથે સમજદારીભર્યું વર્તન રાખવું નહિં તો અશાંતિ સર્જાય. તબિયત એકંદરે સારી રહે.

**મકર**

આ સપ્તાહ દરમિયાન લાંબા સમયથી ચાલી આવતી અશાંતિ દૂર થાય. સાનુકૂળતા સભર સમય. વધારાની આવક ઊભી થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે શુભ સમય, નોકરીયાત વર્ગના બઢતી-બદલીના પ્રશ્નોનો હલ થાય. મહત્વની કામગીરી અંગે યશ મળે. કૌટુંબિક પ્રશ્નો હલ થાય. જીવનમાં શાંતિ અને આનંદનું વાતાવરણ રહે. તબિયત સારી રહે.

**કુંભ**

આ સપ્તાહ પ્રગતિકારક રહે. માનસિક સ્વાસ્થય જાળવી શકાય. વિપરીત સંજોગોમાંથી માર્ગ મળે. ધંધાકીય ક્ષેત્રે સ્થિતિ યથાવત રહે. આવક વધે નહિં પરંતુ ખર્ચમાં થોડો વધારો થતા નાણાંકીય મૂંઝવણ રહે. વિરોધીઓથી ચેતતા રહેવું. નોકરીયાત માટે સારો સમય છે છતાં પણ સમાધાનકારી વલણ અપનાવવું હિતાવહ. દામ્પત્યજીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય. સહકાર ભર્યું વાતાવરણ રહે.

**મીન**

આ સપ્તાહ દરમિયાન નિરાશાના વાદળો દૂર થતા જણાય. બોધરેશન હળવું થાય અને મનમાં રાહત અનુભવાય. ધંધાકીય ક્ષેત્રે જરૂરી આવક મળી રહે પરંતુ પુરૂષાર્થ કરવું પડે. મહત્વના નિર્ણયો લઈ શકાય. નોકરીયાત વર્ગ માટે મિશ્ર સમય. વાણી સંયમ જાળવવો હિતાવહ. ગૃહસ્થીજીવનમાં મતભેદ રહે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# કંબોઈ ખાતે સંત મેળાવડો યોજાયો


સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

તા. ૨૪/૨/૧૭ ને મહાશિવરાત્રીના રાત્રે કંબોઈ પ્રા.શાળાના નિવૃત આચાર્ય સોલંકી હિન્દુસિંહ ડુંગરસિંહ અને તેમના પુત્ર પારસિંહ દ્વારા સંત મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાશિવરાત્રીની રાત્રે સંત મેળાવડામાં પધારનાર સંતો, મહંતોના સામૈયા કરવામાં આવ્યા હતા. સંત શ્રી પરથીરામબાપુ - (કોટડી નિવાસી) અને મહંતશ્રી ૧૦૦૮ શ્રી જગદીશપુરી મહારાજ (થળી મઠ જાગીર) ઉપસ્થિત રહી સત્સંગ પીરસ્યો હતો. મોટી સંખ્યામાં ભક્તો હાજર રહી સંતવાણીનો લાભ લીધો હતો.

ત્યારબાદ સવારે તા. ૨૬/૨/૨૦૧૭ ના રોજ કંબોઈની દરેક શાળાના બાળકોને નિવૃત આચાર્ય હિન્દુસિંહ સોલંકી દ્વારા પ્રિતિભોજન આપવામાં આવ્યું હતું.

# ડીસા કોલેજના યજમાન પદે યુનિવર્સિટી ક્રિકેટ ફાઈનલમાં તલોદ કોલેજ ચેમ્પિયન


ભરત સુંદેશા

ડીસા

છેલ્લા ૧૦ વર્ષથી ડીસાની ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ડીસા હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી આંતર કોલેજ ક્રિકેટ ભાઈઓનું આયોજન સફળતાપૂર્વક કરે છે. ત્યારે આ વર્ષે પણ ડીસા કોલેજના યજમાન પદે આર્ટસ કોલેજ તલોદ અને સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ પાલનપુર વચ્ચે યુનિ.ની ફાઈનલ મેચ યોજાઈ. જેમાં ટોસ જીતી પાલનપુરે પ્રથમ બેટીંગ લઈ ૨૪૦ રન બનાવેલ. તેના જવાબમાં તલોદ ટીમે ૮ વિકેટે ૨૪૩ રન બનાવી બે વિકેટે યુનિવર્સિટી ચેમ્પિયન બનેલ. આ સ્પર્ધામાં કુલ ૩૫ ટીમોએ ભાગ લીધેલ.

સમગ્ર ટુર્નામેન્ટનું સફળ આયોજન ડીસા કોલેજના શા.શિ.અધ્યક્ષ ડૉ.આર.ડી. ચૌધરીએ કરેલ. આ પ્રસંગે ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા એમ.વી.હાથી પ્રિ.યોગેશભાઈ ડબગર, ડૉ.વિપુલ ઉપાધ્યાય, યુવા ભાજપ પ્રમુખ બ.કાં. હરેશભાઈ ચૌધરી, રાહુલભાઈ ડેરીયા, રંગુસિંહભાઈ, બીરેન ચૌધરી તથા પાલનપુર જી.ડી.મોદી કોલેજની સંસ્થાઓના પ્રિન્સીપાલો હાજર રહેલ.

# સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ ડીસાના બાળકોએ ગુજરાત વિધાનસભાની મુલાકાત લીધી



ડીસા

તા. ૨૩/૦૨/૨૦૧૭ના રોજ ડીસા સેંન્ટ ઝેવિયર્સ સ્કૂલના પ્રાથમિક વિભાગના ધો.૭ અને ૮ ના વિદ્યાર્થી ભાઈ - બહેનોએ શૈક્ષણિક પ્રવાસના ભાગરૂપે ગુજરાત વિધાનસભાની જીવંત પ્રસારણ મુલાકાત લીધી હતી.

આ મુલાકાતમાં બાળકોને ડીસા મત- વિસ્તારના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ ખૂબ જ સાથ સહકાર આપ્યો હતો તેમજ બાળકોને અલ્પાહારની વ્યવસ્થા કરી આપી હતી. વિદ્યાથીઓએ વિદ્યાનસભાના વિવિધ નેતાઓ તથા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આ શૈક્ષણિક પ્રવાસમાં બાળકોએ ઈન્દ્રોડા પાર્ક તથા અક્ષરધામ મંદિરની પણ મુલાકાત લીધી હતી.

શાળાના આ શૈક્ષણિક પ્રવાસને સફળ બનાવવા શાળાના શિક્ષકો પટેલ જયોત્સનાબેન ડી., વિજયભાઈ જે. ખ્રિસ્તિ, ફાધર લક્ષ્મણ, આચાર્ય ફા. જોન પીટર, દવે આશાબેન, પીંપળીયા કલ્પેશભાઈ તથા પ્રવાસ આયોજક પ્રકાશભાઈ ઠક્કરનો ફાળો અગત્યનો રહ્યો હતો.

# કામલપુરમાં ઓર્ગેનિક ખેતીના ભાગરૂપે બટાકાની સફળ ખેતી

### ચાલુ વર્ષે ભાવ ઓછા હોવા છતા બટાકામાંથી સારી આવક થશે


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

સમગ્ર ગુજરાતમાં બટાકાની ખેતી માટે ડીસાનું નામ આગળ પડતું છે, પરંતુ રાધનપુર તાલુકાના કામલપુર (ધરવડી) ના બે સગાભાઈઓ દઝાભાઈ ચૌધરી અને ગણેશભાઈ ચૌધરીએ વિચાર્યુ કે ડીસામાં બટાકાની ખેતી થાય તો કામલપુરમાં કેમ નહિં? અને ગત વર્ષે ત્રીસ વિઘામાં બટાકાની ખેતી કરીને રૂા. ૧૩ લાખ જેટલી આવક મેળવી હતી. જ્યારે ચાલુ વર્ષે ૫૦ વિઘા જમીનમાં ડ્રીપ એરીગેશન પધ્ધતિથી ખેતી કરીને ૮૦૦ કટ્ટા બટાકાની ખેતી કરી છે અને હાલમાં જમીનમાંથી બટાકા કાઢવાની પ્રક્રિયા ચાલુ છે, અને બટાકાની ક્વોલીટી પણ ડીસા કરતાં ચડિયાતી છે. ખેતીક્ષેત્રે અવનવા અખતરા કરનાર બન્ને ભાઈઓને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રાષ્ટ્રિય કક્ષાનો એવોર્ડ મેળવીને ખેડૂતોને ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડવાની ખેવના છે. જેના માટે તેઓ સતત પ્રયત્નશીલ છે.

પ્રગતિશીલ ખેડૂત ગણેશભાઈ ચૌધરીનો પુત્ર પિયુષ ગ્રેજ્યુએટ થયેલ છે અને એ પણ ખેતીક્ષેત્રે સતત પ્રગતિશીલ વિચારોનું સિંચન કરવા માંગે છે. પિયુષભાઈ ચૌધરીના જણાવ્યા મુજબ ગત વર્ષ બટાકાના ભાવ એક મણના સો રૂપિયાથી વધુ હતા, પરંતુ ચાલુ વર્ષે રૂા. ૬૦ જેટલા છે, તેમ છતાય લાંબુ નુકશાન નથી. સરકારે જેમ મગફળીમાં ટેકાના ભાવ નક્કી કર્યા તેમ બટાકામાં પણ ટેકાના ભાવ જાહેર કરવા જોઈએ.

**૯૦ દિવસનો પાક**

ગણેશભાઈ ચૌધરીના જણાવ્યા મુજબ બટાકાની ખેતી ૯૦ દિવસની હોય છે. માત્ર ૯૦ દિવસમાં પાક તૈયાર થઈ જાય છે. એક વિઘા જમીનમાં ૪૦૦ મણ પાક મળે છે.

**ઓર્ગેનિક ખાતરનો ઉપયોગ**

દઝાભાઈ ચૌધરીના જણાવ્યા મુજબ બટાકાની ખેતી ઉત્તમ છે, જેમાં ઓર્ગેનિક ખાતર અને ટપક સિંચાઈ પધ્ધતિથી ખેતી કરવાથી ખર્ચ ખૂબ જ ઓછો આવે છે. સોલાર સીસ્ટમથી ફુવારા ચાલુ કરીને પાણી આપવામાં આવે છે. બટાકાની ખેતીમાં રેતાળ જમીન અનુકૂળ ગણાય છે અને માત્ર ૫૦ દિવસ જ પાણી આપવુ પડે છે.

# રાવણા રાજપૂત યુવક મંડળ દીઓદર આયોજીત રક્તદાન શિબિર યોજાઈ



તાલુકા પ્રતિનિધિ દીઓદર

દર શિવરાત્રીની જેમ આ મહાશીવરાત્રીના પર્વ નિમિત્તે દીઓદર મુકામે નીલકંઠ મહાદેવજીના મંદિરમાં રાવણા રાજપુત યુવક મંડળ તથા રાવણા રાજપુત યુવા સેના દ્વારા ૧૨મો રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ.આ રક્તદાન શિબિરમાં દરેક સમાજના વડીલો-ભાઈઓ તથા બહેનોએ પોતાના રક્તનું દાન કરી ૧૧૧ બોટલ રક્ત એકત્રીત કરી ડીસા ભણસાળી ટ્રસ્ટ વોલેન્ટરી બ્લડ બેંન્કને આપેલ.

આ પ્રસંગે પૂર્વ ધારાસભ્યશ્રી માનસિંહજી વાઘેલા તથા દીઓદર સરપંચશ્રી ગિરિરાજસિંહજી વાઘેલા ઉપસ્થિત રહેલ અને ગુજરાત સરકારના મંત્રીશ્રી કેશાજી ચૌહાણ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને રક્તદાન શિબિરને ખુલ્લો મુકેલ અને રાવણા રાજપુત યુવક મંડળ-યુવા સેનાના તમામ ભાઈઓ તથા વડીલોએ આ શિબિરમાં ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવેલ.

# ડીસાની ચી.હં.દોશી પ્રા.શાળામાં મા સરસ્વતી- પ્રાર્થનાખંડનું ઉદઘાટન


ભરત સુંદેશા

ડીસા

ડીસાની શ્રી ચી.હં.દોશી પ્રા.શાળામાં ગં.સ્વ.હીરાબેન અંબાલાલ પટેલ (નાવલીવાળા) ના સૌજન્યથી તેમના સુપુત્રો દિનેશભાઈ, ડૉ.રસીકભાઈ, ચંદ્રકાન્તભાઈ તથા દિનેશભાઈ અંબાલાલ પટેલ પરિવારના દાન થકી મા સરસ્વતી શાળાના પ્રાર્થના હોલ તૈયાર કરાયો છે.

શિવાનીબેન વિનોદભાઈ પટેલ (મોટેલ બિઝનેશ- અમેરીકા) તથા દીકરી ગ્રિષ્માબેન પટેલ (આર્કટિક- અમેરીકા) તથા ડૉ.નિસર્ગ પટેલે બાળકોને બેસવા માટે ''મા- સરસ્વતી'' પ્રાર્થના હોલ બનાવવાનો વિચાર આવ્યો હતો. અગાઉ પણ આ બ્રાન્ચ શાળા- ડીસા ૧૯૬૦ (ઓગણીસો સાઈઠ) માં શ્રી મંગળભાઈ ધોરીભાઈ પટેલ (નાવલીવાળા) અને ભૂતપૂર્વ વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈના હસ્તે આ શાળાનો પાયો નાખવામાં આવેલ અને જે તે સમયમાં રૂપિયા બાર હજાર એકસો પચ્ચીસનું માતબર દાન મળેલ. જે વાતને ધ્યાનમાં રાખીને ગતરોજ ચી.હં.દોશી શાળા ખાતે ''મા- સરસ્વતી'' પ્રાર્થના ખંડને ખુલ્લો મુકાયો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષ જાગૃતિબેન દેસાઈ (તાલુકા શિક્ષણાધિકારી ડીસા), પાંચાભાઈ દેસાઈ (ડીસા તાલુકા શિક્ષક સંઘ, પ્રમુખ), માંગીભાઈ ચૌધરી (રાજ્ય સંઘ પ્રતિનિધિ), રજનીભાઈ સીસોદીયા તથા મા- સરસ્વતી પ્રાર્થના ખંડના દાતાઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો. આ પ્રસંગે શાળાના આચાર્ય મનહરભાઈ પરમારે આવેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી ટ્રસ્ટીગણ વિનોદભાઈ પટેલનું શાલ- સાફો તથા પુષ્પગુચ્છ આપી સન્માન કરાયું હતું. બાદમાં મહેમાનો તથા અધિકારીગણ દ્વારા આ પ્રાર્થના હોલનું શ્રીફળ વધેરી ખુલ્લો મુકવામાં આવ્યો. આ પ્રસંગે ચંદુભાઈ એ.ટી.ડી.( રાષ્ટ્રિય પારિતોષિક ચિત્ર - શિક્ષક) દ્વારા વિનોદભાઈ પટેલ પરિવારનું ''દીકરી દેવો ભવ'' ચિત્ર મોમેન્ટો તથા પુસ્તક સન્માનપત્ર આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું. તેમજ ભાવિકાબેન દવે તથા શાળા પરિવારે સુંદર આયોજન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો.

# ઉણ આર્ટસ કોલેજ ખાતે પ્રતિમા અનાવરણ-નામકરણ દાતા સન્માન સમારોહ યોજાયો


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના ઉણ વિભાગ કેળવણી મંડળ સંચાલિત પૂ.મુનિરાજ જયચંદ્ર સાગરજી મહારાજા પ્રેરીત માતૃશ્રી સવિતાબેન સેવંતીલાલ દલાલ આર્ટસ કોલેજના દાતા પ્રતિમા, અનાવરણ, નામકરણ, દાતા સન્માન સમારોહ શંકરતીર્થ આશ્રમના પ.પૂ. આનંદ મુર્તિ મહારાજની પાવન નિશ્રા, આશીર્વચન અને કાંકરેજ ધારાસભ્ય ધારશીભાઈ ખાનપુરાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેનું દિપ પ્રાગટય નારણભાઈ ડી.ઠક્કર (રૂક્ષ્મણી સીન્ટેક્ષ-મુંબઈ), કાંતિલાલ એસ.ઠક્કર (થરા), પુર્વ ધારાસભ્ય બાબુભાઈ જે.દેસાઈ, વિમળાબેન પી.ઠક્કરે કરી ખુલ્લો મુકયો હતો. ડૉ.હર્ષદભાઈ આર.મહેતા- ફાઉન્ડરનું ખાસ સન્માન કરવામાં આવેલ. મહેન્દ્રભાઈ દલાલ, દિનેશભાઈ દલાલ દ્વારા નામાભિધાન કરવામાં આવેલ.

આ પ્રસંગે અચરતલાલ ઠક્કર, હરિભાઈ ઠક્કર, રતિલાલ જે.અખાણી, હર્ષદભાઈ જે.શાહ, ચીનુભાઈ પાંચાણી, શ્રીપાલભાઈ મહેતા, દીપકભાઈ એચ. શાહ, દેવદત્તભાઈ જૈન, દક્ષેશભાઈ સોની, જયંતિભાઈ ઓઢાવાળા, થરા પાલીકા ઉપપ્રમુખ ધીરજભાઈ શાહ, ગીરાબેન શાહ, મહેશભાઈ મુલાણી, સેવંતીલાલ સુરાણી, પ્રેમીલાબેન સુરાણી, ચીનુભાઈ ગુંજારીયા, નવીનચંદ્ર સોની (ઉણ), રેવાભાઈ સુથાર, ચંદુજી ઠાકોર, નવીનભાઈ ઠક્કર (વાલપુરા), બાબુભાઈ દેસાઈ, જામાભાઈ દેસાઈ, બાબુલાલ શાહ (ગાંધીધામ) અમરતભાઈ પંચાલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કેળવણી મંડળના પ્રમુખ અમૃતભાઈ કે.ઘેલાએ શબ્દપુષ્પથી મહાનુભાવોનું સ્વાગત કરેલ. પૂર્વ આચાર્ય મેને.ટ્રસ્ટી નવીનભાઈ ભોજકે સંસ્થાની રૂપરેખા રજુ કરેલ. કાર્યક્રમને સફળ બનાવવામાં ઉપપ્રમુખ હનુભા વાઘેલા, મંત્રી વિનોદભાઈ કે.શાહ, નવીનભાઈ સોની, આચાર્ય બળદેવપ્રસાદ પંડયા, પિયુષ વડનગર, ડૉ. રીપલ પરમાર, હરગોવનભાઈ સુથાર, એન.બી. ગઢવી તથા કેળવણી મંડળના ટ્રસ્ટીઓ, શાળા કોલેજના સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. દાતાઓએ ઉદાર હાથે વિવિધ યોજનામાં પોતાનું યોગદાન આપ્યું હતું. પુ.આનંદમુર્તિજી મહારાજે આશીર્વચન પાઠવેલ. શાળાની બાળાઓએ પ્રાર્થના સ્વાગતગીત જેવા સુંદર કાર્યક્રમો રજુ કરેલ. કાર્યક્રમનું સંચાલન પ્રહલાદભાઈ આઈ. ઠક્કરે કર્યું હતું.

# પાલનપુરમાં અખિલ આંજણા પરિવાર દ્વારા ગેનાજી પટેલનું સન્માન

### રકતદાન કેમ્પમાં ૨૦૦ થી વધુ યુનિટ રકત એકઠું કરાયું


સંજય જોશી

પાલનપુર

પાલનપુરમાં ગઈકાલે અખિલ આંજણા પરિવાર દ્વારા બનાસકાંઠાના ગૌરવ સમાન ગેનાજી પટેલનું જાહેરમાં સન્માન કરવામાં આવ્યું હતું તેમજ આ પ્રસંગે એક મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ૨૦૦ થી વધુ યુનિટ બ્લડ એકઠું કરાયું હતુાં આ પ્રસંગે બોલતા ગેનાજી પટેલે જણાવ્યું મોટા ભાગે બ્લડ ની જરૂર જયારે જરૂર પડે છે ત્યારે જ તેની કિંમત સમજાય છે જો કે આજે ૨૦૦ થી વધુ બ્લડ યુનિટ એકઠું થતા આવનારા સમય માં ચૌધરી પરિવાર સહીત અન્ય સ્થાનિક લોકો ને પણ બ્લડ મેળવવા માટે હવે ભટકવાની જરૂર રહેશે નહિ તેમ જણાવ્યું હતું તેમજ આ સન્માન સમારોહ ના આયોજક તેમજ ચૌધરી ટાઈમ્સ પરિવાર ના રતનજી ચૌધરી એ ગેનાજી પટેલની કાર્યશૈલી બદલ મળેલા પધ્મશ્રીને પગલે ખુશી વ્યક્ત કરી હતી તેમજ બ્લડ કેમ્પ થકી કોઈના જીવન માટે મદદરૂપ થવા હાજર રહેલા સૌ કોઈને આવકાર્યા હતા.જો કે આ સમારોહમાં રાજકીય પક્ષાપક્ષીથી દૂર રહી ગેનાજી પટેલ ના સન્માન સમારોહ સાથે બ્લડ કેમ્પ નું આયોજન કરાયું હતું જેમાં સવારના ૯.૩૦ થી ૧૨ કલાક સુધી આબુ હાઈવે પર આવેલા ચૌધરી ચા કોમ્પ્લેક્ષના મેદાનમાં આ કેમ્પ તેમજ સન્માન સમારોહ નું આયોજન કરાયું હતું જેમાં પધ્મશ્રી ગેનાજી પટેલ સહીત,પાલનપુર નાયબ કલેકટર આર.કે. પટેલ,આંજણા ટાઈમ્સ પરિવારના રતન ચૌધરી,જસવંત જેગોડા (ડેપ્યુટી કલેકટર ,સિદ્ધપુર), કિરણભાઈ ચૌધરી(ડીવાયએસપી ,અમદાવાદ) તેમજ ભગવાન ભાઈ પટેલ અને વીરજીભાઈ જુડાલ ખાસ હાજરી આપી હતી આ પ્રસંગે સમાજ ના અગ્રણીઓ તેમજ અન્ય સ્થાનિક લોકો મોટી સંખ્યા હાજરી આપી હતી તેમજ સમાજ ને એકરૂપ થઇ બ્લડ ડોનેટ કરવાં અપીલ કરાઈ હતી.

## માણેક બુરજની મેયરના હસ્તે પૂજા કરાઈ

# અમદાવાદ સ્થાપના દિવસે શ્રેણીબદ્ધ કાર્યક્રમો યોજાયા

### ૧૪૧૧માં અમદાવાદની સ્થાપના કરવામાં આવી હતી માણેક બુરજ પર નવી ધજા પણ રોહણ કરવામાં આવી

અમદાવાદ

અમદાવાદના ૬૦૬ સ્થાપના દિવસની આજે પરંપરાગતરીતે ઉજવણી કરવામાં આવી હતી. જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. અમદાવાદ શહેરના મેયર ગૌત્તમ શાહે જણાવ્યું હતું કે, આજના દિવસે માણેકનાથજીની યાદમાં અહેમદશાહ બાદશાહે બનવેલ માણેક બુરજની મેયર ગૌત્તમ શાહ અને ગુરુ માણેકનાથજીના વારસદાર ૧૩માં મહંત ચંદનનાથજી ઘનશ્યામનાથજીના હસ્તે સવારે પૂજા કરવામાં આવી હતી. આ અંગે માહિતી આપતા મેયરે વધુમાં જણાવ્યં છે કે, સને ૧૪૧૧માં આજ રોજ અમદાવાદના સ્થાપના દિન નિમિત્તે સ્વામી વિવેકાનંદ પુર (એલિસબ્રિજ) ખાતે આવેલા માણેક બુરજની પૂજા અર્ચનાના કાર્યક્રમનું આયોજન માણેકનાથજીના વારસદાર એવા ૧૩માં મહંત ચંદનાથજી ઘનશ્યામનાથજી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ ગઈકાલે સાંજે માણેક બુરજ પર નવી ધજા પણ રોહણ કરવામાં આવી હતી. આજના આ પૂજા વિધિના કાર્યક્રમમાં ડેપ્યુટી મેયર પ્રમોદાબેન સુતરિયા,સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન પ્રવિણ પટેલ, મ્યુનિસિપલ ભાજપના નેતા બિપીનભાઈ સિક્કા, મ્યુનિસિપલ ભાજપ દંડક લાલાભાઈ ઠાકોર, લીગલ કમિટિના ચેરમેન કૃષ્ણવદન (કોકાભાઈ) બ્રહ્મભટ્ટ, હાઉસિંગ ઈમ્પ્રુવમેન્ટ એન્ડ ઈડબલ્યુએસ આવાસ કમિટિના ચેરમેન બિપીનચંદ્ર પટેલ, મટીરીએલ મેનેજમેન્ટ એન્ડ પરચેજ કમિટિના ચેરમેન અજયસિંહ ભદોરિયા, રીક્રિએશન, કલ્ચરલ એન્ડ હેરિટેજ કમિટિના ચેરપરસન બિજલબહેન પટેલ, મહિલા અને બાળ વિકાસ કલ્યાણ કમિટિના ચેરપરસન નંદિનીબેન પંડ્યા સહિત વિવિધ કમિટિના ચેરમેનો અને મ્યુનિસિપલ કાઉન્સિલરો તેમજ માણેકનાથજીના વારસ પરિવારજનો તથા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદ ગુજરાત રાજ્યના સૌથી મોટા શહેર તરીકે છે જે સાબરમતી નદીના કિનારા ઉપર સ્થિત છે. આ શહેર સ્થાપના થયા બાદથી જ પ્રદેશના આર્થિક પાટનગર તરીકે પણ બની ગયું છે. વર્તમાન શહેરની સ્થાપના ૧૪૧૧માં કરવામાં આવી હતી અને ચોથી માર્ચ ૧૪૧૧ના દિવસે પાટનગર તરીકે જાહેરાત કરવામાં આવી હતી. ગુજરાત સંતલતના અહેમદશાહ દ્વારા આની જાહેરાત કરાઈ હતી. મરાઠા અને મુગલ વચ્ચે સંયુક્ત શાસનના લીધે કેટલાક ફેરફાર અહીં જોવા મળ્યા હતા. ૧૯૧૫માં મહાત્મા ગાંધીના આગમન બાદ અમદાવાદ શહેર ભારતીય સ્વતંત્રતા ચળવળના મુખ્ય સ્થળ તરીકે ઉભરી આવ્યું હતું. સરદાર પટેલે ચળવળમાં ભાગ લેતા પહેલા શહેરની મ્યુનિસિપલમાં સેવા આપી હતી. સ્વતંત્રતા બાદ બોંબે સ્ટેટના ભાગરુપે પણ અમદાવાદ શહેર રહ્યું હતું. ૧૯૬૦માં ગુજરાતની રચના કરવામાં આવી ત્યારે પણ તે રાજ્યના પાટનગર તરીકે રહ્યું હતું. ૧૯૬૫માં ગાંધીનગરની સ્થાપના સુધી અમદાવાદ પાટનગર તરીકે હતું. અમદાવાદને ગુજરાતના સાંસ્કૃતિક અને આર્થિક સેન્ટર તરી- કે પણ ગણવામાં આવે છે.

# કટ્ટરપંથી સામે લાલઆંખ કરાશે : રાષ્ટ્રવાદને મહત્વ

નવીદિલ્હી

જમ્મુ કાશ્મીરમાં શાંતિ વ્યવસ્થા સ્થાપિત કરવા માટે મોદી સરકાર એક સાથે કઠોર અને નરમ બંને વલણ અપનાવવાના મૂડમાં દેખાઈ રહી છે. આના માટે ભારતની સામે નફરત ફેલાવી રહેલા ધાર્મિક નેતાઓ સામે લાલઆંખ કરવામાં આવશે. બીજી બાજુ ઉદાર મૂલ્ય ધરાવનાર મદરેસાઓમાં રાષ્ટ્રવાદી અભ્યાસ અને વિચારોને સામેલ કરવા માટે પહેલ કરવામાં આવશે. હિઝબુલના કમાન્ડર બુરહાન વાનીના મોત બાદ ખીણમાં હિંસાને ધ્યાનમાં લઈને સરકારની છાવણીમાં રહેલા લોકોની પ્રતિક્રિયા કઠોર નીતિની રહી છે. સરકાર સાથે જોડાયેલા લોકોનું કહેવું છે કે, આવા કટ્ટર ધાર્મિક રાજકીય તત્વોનોસામનો કરવા માટે રાજકીયસ્તર પર કઠોર પગલા લેવા પડશે.

અનુસંધાન પાના નં.૬

# સિવિલ સર્વિસ પરીક્ષા દ્વારા ૯૮૦ અધિકારીઓને લેવાશે

નવીદિલ્હી

સરકાર દ્વારા પ્રતિષ્ઠાજનક આઈએએસ, આઈએફએસ, આઈપીએસમાં ખાલી જગ્યાઓને સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૧૭ મારફતે ભરવામાં આવશે. છેલ્લા પાંચ વર્ષમાં સ્થિતિ સારી થઈ નથી. સરકાર દ્વારા સિવિલ સર્વિસની પરીક્ષા મારફતે ૯૮૦ અધિકારીઓની ભરતી કરવામાં આવનાર છે. આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, સિવિલ સર્વિસની પરીક્ષા ૨૦૧૬ અને ૨૦૧૫માં ક્રમશઃ ૧૦૭૯ અને ૧૧૬૪ જગ્યાઓ ભરવામાં આવનાર હતી. ગયા વર્ષના ટેસ્ટના પરિણામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી. ૨૦૧૪ અને ૨૦૧૩ મારફતે કરવામાં આવનાર ભરતી માટે ક્રમશઃ સંખ્યા ૧૩૬૪ અને ૧૨૨૮ જેટલી હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૧૨ માટે જુદી જુદી કેન્દ્રીય સેવામાં કુલ ૧૦૯૧ જગ્યાઓ માટે જાહેરાતો આપવામાં આવી હતી. વાર્ષિક પરીક્ષા લેનાર યુનિયન પબ્લિક કમિશનના જાહેરનામામાં આ મુજબની વાતકરવામાં આવી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે સરકારે ૨૦૧૧ સિવિલ સર્વિસ પરીક્ષા મારફતે જુદી જુદી સર્વિસમાં ૮૮૦ જગ્યા ભરવા પરીક્ષા લેવામાં આવી હતી. સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૧૭ના પરિણામના આધાર પર ભરવામાં આવનાર ખાલી જગ્યાઓની સંખ્યા આશરે ૯૮૦ રહી શકે છે

અનુસંધાન પાના નં.૬

## તંત્રી સ્થાનેથી ...

**ગુસ્સો હંમેશા મુર્ખતાથી શરૂ થઈ પશ્ચાતાપ પર પૂરો થાય છે.**

# તામિલનાડુમાં સત્તા હસ્તગત કરવા નવા પક્ષની રચના

તામિલનાડુ રાજ્યમાં પૂર્વ મુખ્યમંત્રી જયલલીતાના અવસાન બાદ રાજકીય ક્ષેત્રે સત્તા હસ્તગત કરવા માટે વિવિધ પ્રકારના રાજકીય દાવપેચ થઈ રહ્યા છે. ત્યારે હવે જયલલીતાના સાચા વારસદાર કોણ તે બાબતે ઘણા બધા રાજકીય મહારથીઓ મેદાનમાં આવવાની શક્યતાને નકારી શકાય તેમ નથી. જયલલીતાના સાચા વારસદાર કોણ? તે સવાલ મહત્વનો માની શકાય. વર્ષોથી જયલલીતાને સાથ આપનાર શશીકલાનું રાજકીય સ્તરેથી પત્તુ કપાઈ ગયું. મર્યાદિત આવક કરતાં વધુ આવક હોવાની બાબત બહાર આવતા શશીકલાને ચાર વર્ષની જેલની સજા થઈ છે, આમ તો મુખ્યમંત્રી બનવાના સપના સેવ્યા હતા પરંતુ તે સપનું ચકનાચૂર થઈ ચૂક્યું. ત્યારે હવે જયલલીતાના સાચા વારસદાર હોવાની હરિફાઈ હવે આખરી તબક્કામાં પ્રવેશી છે. જેમાં જયલલીતાની ભત્રીજી દીપાએ જયલલીતાના ૬૯ મા જન્મદિવસની ઉજવણી કરતા નવા રાજકીય પક્ષ ‘એમજીઆર અમ્મા- દીપા ફોરમ’’ ની રચના કરી છે અને દીપા રાજ્યમાં પક્ષ અને સરકારને બચાવવા જયલલીતાની બેઠક ઉપરથી જ ચૂંટણી લડે તેવી સંભાવના જણાય છે.

તામિલનાડુમાં હાલ શાસક એઆઈડીએમકે ની અંદર પણ અલગ અલગ છાવણીઓ રચાઈ ગઈ છે. જેમાં મુખ્ય પ્રધાન ઈલાયદી કે. પલાની સ્વામીએ અને તેમના પુરોગામી ઓ. પનિર સેલ્વમે જયલલીતાના જન્મદિવસની ઉજવણી અલગ અલગ રીતે કરી છે. જેમાં તેમણે રક્તદાન વગેરેના કેમ્પ યોજવા ઉપરાંત રાજ્યમાં વૃક્ષારોપણના કાર્યક્રમો યોજ્યા હતા. ત્યારે તેમની ભત્રીજી દિપાના ભાઈએ નવા એમજીઆર અમ્મા દીપા ફોરમને જાહેર કરતાં કહ્યું હતું કે ‘જ્યારે વિરોધીઓ પક્ષ અને સરકારને હરાવવા કમર કસી રહ્યા છે. ત્યારે અમ્માના આત્માએ દોરવણી આપીને આ પ્રકારના નવા પક્ષની રચના કરી પ્રેરણા આપી છે, નવા પક્ષની મંત્રી તરીકે દીપાનું નામ નક્કી કરવામાં આવ્યું છે અને તે જયલલીતાની ખાલી બેઠક આર.કે.નગર બેઠક પરથી પેટા ચૂંટણી લડે તેવી શક્યતા જણાય છે. જો કે બીજા પ્રાદેશિક પક્ષો પોતાની રાજકીય કારકિર્દી કેવી રીતે આગળ ધપાવે છે તે જોવાનું રહ્યું.

વળી પનિર સેલ્વમે પક્ષને શશીકલા અને તેના પરિવારે લીધેલા કબજા અંગે પ્રહારો કરતાં એવું કહ્યું હતું કે તેઓ અમ્માની ઈચ્છા વિરૂધ્ધ પક્ષનો કબજો લેવા પ્રયાસ કરી રહ્યા છે.

પનિર સેલ્વમે પક્ષ અને સરકારને ટકાવવા માટે ધર્મયુધ્ધ ચાલુ રહેશે તેવી પણ જાહેરાત કરી છે. તેમણે માનવીય અભિગમ દાખવીને જયલલીતાને અંજલી આપીને ઉ.ચેન્નાઈને ટોડિયા પેટ વિસ્તારમાં જરૂરતમંદોને આર્થિક સહાય કરી છે.

# ભાારતમાં દુર્યોધન અને કર્ણનું પણ પ્રસિદ્ધ મંદિર છે

મહાભારતમાં સમજદાર યુધિષ્ઠિર, ધનુર્ધારી અર્જુન, ગદાધારી ભીમ, ભગવાન કૃષ્ણ, પિતામહ ભિષ્મ, ગુરૂ દ્રોણ વગેરે જેવા નામ મોટેભાગે લેવામાં આવે છે ત્યારે જેને કિસ્મતે સાથ ન આપ્યો તે કર્ણ અને ખલનાયક દુર્યોધનને પણ ભૂલી શકાય નહીં. મહાભારત કથામાં જેની કથા બહું જ હદયસ્પર્શી છે તે કર્ણને જનમતાની સાથે માતા કુંતી દ્વારા તરછોડી દેવાથી, ગુરૂ દ્રોણ દ્વારા વિદ્યા આપવાનો ઈન્કાર, દ્રોપદી

દ્વારા સુત પુત્ર તરીકેનું અપમાન, પરશુરામ પાસેથી મળેવેલ વિદ્યા જરૃર પડે ત્યારે ભૂલી જવાનો શ્રાપ તેના નસીબમાં કૌરવોનો સાથ જેને લીધે તેના પર દયા ઉપજે છે. શોધકર્તાનુ માનવું છે કે કર્ણ એ મહાભારતનુ નિંદિત પાત્ર નથી પરંતુ તેને બનાવી દેવામાં આવ્યું છે.

જો કર્ણ યોગ્ય સંગતમાં હોત તો તેનુ ચરીત્ર સૌથી ઊંચું અને અનોખુ હોત.જો તેને માતાનો પ્રેમ અને સ્નેહ મળ્યો હોત તો પાંડવોના મોટાભાઈ તરાકે ગર્વ લેવાતો હોત. જાણીને નવાઈ લાગશે કે કર્ણનુ એક મંદિર પણ છે જ્યાં તેની દેવ તરીકે પૂજા પણ થાય છે. જેને દેવભૂમિ તરાકે ઓળખવામાં આવે છે. જે ઉત્તરાખંડમાં કર્ણનુ મંદિર આવેલું છે

તેનાથી થોડે દૂર જેને મહાભારતમાં ખલનાયક તરીકે ચિતરવામાં આવેલ છે તે દુર્યોધનનું પણ મંદિર ઉત્તરકાશીમાં આવેલ સૌર ગામમાં છે. જે દેહરાદુનથી આશરે ૧૬૧ કિ.મીના અંતરે છે. ચકરાતા ગામ થઈને નેતવાર ગામે જવાય છે.

જ્યારે કર્ણનું મંદિર નેતવારતી આશરે દોઢ માઈલ દૂર સારનૌલ ગામમાં છે. અહિં આ મહાભારતમાં પંકાયેલા પાત્રોના મંદિર કેમ બન્યા તેની પાછળ એક કહાની પણ છે.

### આત્મચિંતન

## જીવન સાધના

મનુષ્ય પોતાના જીવનને ઉપર ઉઠાવવા માટે પ્રયત્નો કરતો રહે છે. ભૌતિક દ્રષ્ટીએ તેમજ સામાજીક દ્રષ્ટીએ ઉપર ઉઠવું એ સારી વાત છે પરંતુ ઉપર ઉઠવા માટે જે માર્ગ અપનાવવામાં આવે છે તે પણ યોગ્ય હોવો જરૂરી છે. યોગ્ય માર્ગેથી મેળવેલી સિદ્ધિઓ જ કાયમ માટે ટકી રહે છે. ભુતકાળમાં અનેક દેવી દેવતાઓને ભજીએ છીએ પરંતુ તે દેવી દેવતાઓના ગુણને આપણે અંદર ઉતારવાના પ્રયત્નો કરવા જોઈએ તો જ સાચી જીવન સાધના કહેવાશે. પોતાના કર્તવ્યોને પુરી નિષ્ઠાપુર્વક પુર્ણ કરવા તેને જ જીવન સાધના કહેવાશે. તમે કોઈ દેવી દેવતાની સાધના કટોકટી ના કરો પરંતુ જીવન સાધના અવશ્ય કરવી જોઈએ. **ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# ભગવાનની કૃપા હોય તો જ સાચા સદગુરૂનો ભેટો થાય :આનંદમૂર્તિજી

## સંવેદના
**પ્રવિણ એમ. નાઈ**

જ્યાં દિવ્યચેતના મૌજુદ હોય ત્યાં આસપાસનું વાતાવરણ આપોઆપ પવિત્ર બની જતું હોય છે. અને વિશાળ પ્રમાણમાં અનહદ કાર્ય સ્વયંભુ રીતે થતું હોય છે. કોઈ પણ કાર્યની પાછળ દિવ્ય ચેતનાની પ્રેરણાથી અવિસ્મણીય, અકલ્પનીય અને ઈતિહાસના પાને સુવર્ણ અક્ષરે લખાય તેવા ભવ્ય પ્રસંગો બની જતા હોય છે. મારે વાત કરવી છે. સાણંદ આશ્રમમાં તા.૧૮ ફેબ્રુઆરી થી તા.૨૫ ફેબ્રુઆરી ૨૦૧૭ સુધી યોજાયેલ ભવ્ય શ્રીમદ ભાગવત કથા,જ્યોત સે જ્યોત જગાવો દ્વિમાસિક અંતર્ગત પરમ પુજ્ય શંકરનાથ મહારાજ સ્મૃતિ વિશેષાંકનું વિમોચન અને અવધૂત ધ્યાનયોગી શંકરનાથજી મહારાજની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા અંગેની. ગુરૂદેવના આદેશથી તા. ૨૦ ફેબ્રુઆરીના રોજ સાણંદ ખાતે જવાનું થયું. સવારના ખુશનુમા વાતાવરણમાં સવારે ૯ થી ૧ વાગ્યા સુધી કથાના શ્રવણનો લાભ મળ્યો આવો જોઈએ, શ્રી આનંદમૂર્તિજીના શ્રીમુખથી કથાના કેટલાક અંશો. ગુરૂદેવની વાણી જ એવી છે કે તેમની વાણીમાં આબાલવૃધ્ધ સર્વેને રસ પડે. અમુક સમયે શ્રોતાઓને ઉંચી ભૂમિકામાં લઈ જાય, વળી અનહદ જ્ઞાનની પણ વાતો થાય ને વળી ગમ્મત કરતાં કરતાં જાણે કડવી દવા પાઈ લેતા હોય તેવો અનુભવ પણ થાય. એમની વાણીમાં ત્રણથી સાડા ત્રણ કલાક એકધારા શ્રેતાગણ બેસીને તરબોળ થાય... ને જ્યારે કથા પૂરી થાય ત્યારે ખબર પડે કે અમે ક્યાં બેઠા છીએ..! ગુરૂજી જ્યારે જ્યારે ભક્ત અને સદગુરૂની વાત કરે ત્યારે ચોક્કસ ભાવુક બની જાય છે. ઘણીવાર મેં તો સાંભળ્યું છે કે, નંદુબાને તથા શ્રોતાઓને સંબોધીને કહેલું કે,“આ જે વાણી છે તે અગમ્ય અગોચર છે તેને હું પણ સાંભળું ને તમે પણ તેનો રસાસ્વાદ લો.” કથા કે સત્સંગ દરમિયાન કંઈક ખલેલ પડે ત્યારે તેમની વાણીમાં ધારા કપાઈ જાય તો ક્ષણિક ઉશ્કેરાટમાં પણ આવી જાય છે... પણ ક્ષણ પુરતું. તેઓ જ કહે છે કે , “મને મારો ઓતાર છે,” અરે.. ફોટા કે શુંટીગ ચાલુ હોય તો પણ ગુરૂદેવ ના પાડી દે છે. છાશની ઉપર રહેલા માખણની જેમ રહેતા આનંદમૂર્તિજીના સાનિધ્યમાં બેસી જવુ એ જ પરભવનું પુણ્ય છે. ભક્તના વખાણ કરતાં તેઓ કહે છે કે, “હું કંઈ નથી એવું ખબર પડી જશે તેનું નામ ભક્ત છે.” બીજાની સંવેદનાઓને પોતાનામાં ઝીલે, તેનું નામ ભક્ત છે. જ્ઞાની અને ભક્તમાં તો ભક્ત જ મહાન છે કે જ્ઞાનીને તો પોતે સાવચેત રહેવું પડે છે.. પણ, ભક્ત તો ભગવાનને સમર્પિત થઈને ચિંતામુકત થઈ જાય છે. આ બાબતે ગુરૂદેવ ઘણા બધા પ્રસંગો કહે છે, પણ મને એમનો આ પ્રસંગ ખુબ જ ગમે છે. દુર્યોધન આક્ષેપ કરે છે કે પિતામહ તમે જાણી જોઈને પાંડવોને મારતા નથી. ત્યારે ભિષ્મ એવી પ્રતિજ્ઞા લે છે કે,આવતીકાલ સાંજ સુધીમાં હું પાંચેય પાંડવોને મારી નાખીશ. ભિષ્મની આ પ્રતિજ્ઞાથી કૌરવ સેના ખુબ જ રાજી થાય છે, પણ પાંડવ સેનામાં યુધિષ્ઠિર, ભીમ,સહદેવ, નકુલ સહીત અન્ય ચિંતાતુર થાય છે કે ભિષ્મ પ્રતિજ્ઞા લેતે પૂરી થઈને જ રહેશે. રાત પડે છે.. શ્રીકૃષ્ણ પાંડવોની છાવણી જોવા નીકળે છે. યુધિષ્ઠિર, ભીમ, સહદેવ,નકુળ બધા જાગે છે. કોઈને ઉંઘ આવતી નથી. એક જ અર્જુન શાન્તિથી પથારીમાં ઉંઘ્યો છે. શ્રીકૃષ્ણ તેની પાસે જાય છે, અને કહે છે કે તને ભિષ્મની પ્રતિજ્ઞા યાદ નથી.? કાલે તમને બધાને મારી નાખશે તો.! ત્યારે અર્જુન સરસ જવાબ આપતાં કહે છે કે, મારૂ સર્વસ્વ તમને સોપ્યું હોય, પછી મારે ચિંતા કરવાની શી જરૂર..! આપણે સૌ જાણીએ છીએ કે શ્રીકૃષ્ણ સવારમાં ત્રણ વગ્યે ભિષ્મ પાસે દ્રોપદીને લઈ જાય છે, અને શ્રીકૃષ્ણની યોજનાથી સૌભાગ્યવતી ભવનું વરદાન અપાવે છે. અને બની જાય છે.. ચોધાર આંસુએ ધ્રુસકે ધ્રુસકે રહી પણ પડે છે. તેઓ કહે છે કે સદગુરૂ ભગવાનથી અર્જુન સહીત પાંચ પાંડવોને જીવીત રખાવે છે. એટલે જ ગુરૂદેવ કહે છે કે, જ્ઞાની કરતાં ભક્ત મહાન છે. સદગુરૂની વાત જ્યારે નીકળે છે ત્યારે આનંદમૂર્તિજી રીતસરના ભાવુક ઓછું કંઈ ન આપે, સદગુરૂ આપણને બે રીતે મળે.. એક તો આપણું પુણ્ય ભેગું થાય તો અને બીજુ કે ભગવાનની કૃપા હોય તો સદગુરૂ મળે. પણ આ બંનેમાં ફરક એટલો પુણ્યથી જે સદગુરૂ મળે તેમને આપણે શોધવા પડે પણ ઈશ્વરની કૃપાથી સદગુરૂ મળે તે ખુદ આપણને શોધી લે છે. સદગુરૂનો સ્વભાવ જનેતાની ગોદ જેવો છે. પણ અહી તો સદગુરૂ વળી એક પગથિયું ઉંચા છે, જનેતા તો માત્ર જગાડે, પણ સદગુરૂ તો જગાડ્યા બાદ ઈશ્વર સુધી લઈ જાય છે. અંત સમયે સદગુરૂ જ ખબર કાઢે છે. સફળ થાય તેવો રસ્તો કેવળ શરણાગતિ જ છે. અને જેને જેને શરણાગતિ સ્વીકારી તેનાં સઘળાં કામ શ્રી હરીએ કર્યા છે.. ગુરૂદેવે આ કથામાં ઘણું બધું કહ્યું. પણ વધુ વળી ફરી ક્યારેક.. એમની વાણી જ એવી છે કે જ્યારે જ્યારે સાંભળીએ ત્યારે ત્યારે તેમાં હમેશા નવીનતા જ સાંભળવા મળે. બંધ અને અશ્રુભરી નયનવાળા તેમના મુખારવિંદથી અસ્ખલિત નીકળતી જ્ઞાનધારામાં બસ બેસી જવું એ જ પામર મનુષ્ય માટે અનહદ આનંદ આપનાર શ્રેષ્ઠ ક્ષણ કોઈ શકે છે..

**પ્રવિણ એમ.નાઈ**
**રતનગઢ (તા.કાંકરેજ)**

# રાજયમાં ધુમ મચાવતું “ વટથી કહો બૈરીના ગુલામ “ કોમેડી નાટક

રીધમ કોમ્યુનિકેશન અને ક્રિશ્ના કોમ્યુનિકેશન રાજયભરમાં શો યોજી રહ્યા છે.રીધમ કોમ્યુનિકેશન પંદર વર્ષથી કલા ક્ષેત્રે નીત નવા નજરાણા કલારસિકો સમક્ષ લાવી રહ્યા છે. તેઓ આ વખતે અર્પણ સંસ્થાના રમેશ અમીન ક્રિશ્ના કોમ્યુનિકેશન દ્વારા નિર્મીત દિગ્દર્શીત નાટક “વટથી કહો બૈરીના ગુલામ ” રજુ કરી રહ્યા છે. રાજયમાં રીધમ કોમ્યુનિકેશન ના ભાવિક શાહે જણાવ્યું હતું કે, અમે ફુલ ગુલાબી નવી નક્કોર લાજવાબ કોમેડી નાટક લાવી રહ્યા છે. સાથે આ નાટક એક સામાજીક સંદેસો પણ આપી જાય છે,.નાટકના નિર્માત્રી અને દિગ્દર્શક અલ્પના મઝમુદારનુ આ નાટક દર્શકોને કોમેડીના ડોઝની સાથે સતત જકડી રાખે તેવી વાર્તા ધરાવે છે. આ અંગે નાટકના દિગ્દર્શક અને તેમાં અભિનય કરી રહેલા અલ્પના મઝમુદારે જણાવ્યું હતું કે, ” અમારા નાટકના લેખક રાજેન્દ્ર શુકલ છે,અને અમે આ ધમાલ કોમેડી નાટકને રાજયભરમાં સંગીત નાટક અકાદમીના સહયોગથી રજુ કરી રહ્યા છીએ અને તેને દર્શકો ભરપેટ વખાણ કર્યા છે. નાટકમા સામાજીક વાર્તામાં કોમેડી વણી લેવાઇ છે. બે છોકરીઓની માતા તેની દિકરીઓને ધરે રાખવા તેની દિકરીને પરણાવીને ધરે અટલેકે ધરજમાઇની સાથે રહે છે, તેવા સંજોગામાં વાર્તા આગળ વધતા ફેમીલી સાથે માણી શકાય તેવી કોમેડી અને એક સંદેશો આપતી પટકથા બનાવી છે. રાજય સરકારની ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગના પગલે એક કલાકારની સાથે દિગ્દર્શક બનવાનો પણ મોકો મળ્યો છે.” અલ્પના મઝુમદારે નાટય ક્ષેત્રે ૧૯૮૪થી મુંબઇ અને રાજયમાં અભિનયના ઓજસ પાથર્યા છે, અને આ નાટક અગાઉ તેઓએ પન્નાલાલ પટેલની વાર્તા પરથી ધુલીયા સાગ સીસમના અને આ ફેમીલી ફેન્ટાસ્ટીક છે તે નાટકનું દિગ્દર્શન કર્યુ છે,અને વટથી કહો બૈરીના ગુલામ એ તેમનું ત્રીજુ દિગ્દર્શીત નાટક છે.

# ઈન્ડિયન આઈડલ ૯ ફરાહ ખાને સૌને મોહિત કરી દીધા



જોકે આ શોમાં ફરાહ ખાને સૈને મોહિત કરી દીધા હતા. તે બહુ જ સુંદર દેખાતી હતી. ફરાહ આજકાલ ફિટનેસ બહુ જ ગંભીરતાથી લઇ રહી છે એવું જણાય છે અને તેના નિત્યક્રમમાં ટ્રેનરના સુપરવિઝનમાં કસરતો, યોગ્ય આહારનું સેવન અને આરોગ્યવર્ધક રહેવાનો સમાવેશ થાય છે. ઈન્ડિયન આઇડલ પર તેનો સ્ટાઈલ મંત્ર છેલ્લા થોડા સમયથી ધૂમ મચાવી રહયો છે. તેની યમકદાર કાયા અને ભરપૂર ઊર્જા સાથે ફરાહ ખાન બોલીવૂડના બ્લોક પર આગામી યમી મમ્મી બની રહેશે એવું જણાય છે. સોની એન્ટરટેઇનમેન્ટ પર રવિવારે રાત્રે ૮ વાગ્યથી "સારિત થનાર એપિસોડ માટે ઈન્ડિયન.

# રિઝર્વ બેંકને ફરી સંપૂર્ણ સ્વાયતતા બક્ષી, નોટબંધીની સમષ્યા હળવી કરવા બેંક કર્મચારીઓનો સહકાર અતિ આવશ્યક

નોટબંધી દરમ્યાન સરકારને તન,મનથી સહકાર આપનાર બેંક કર્મચારી તથા અધિકારી વર્ગને પોતાની ન્યાયી અને વ્યાજબી માંગણીઓ માટે હાલમાં ભારત સરકાર સામે બાંયો ચઢાવવી પડી છે. બેંકના કાયમી કામોનું આઉટ સોર્સિંગ કરવાની વૃત્તિથી બેંક કામદારોને ખુબ અન્યાય થઈ રહ્યો છે. છેલ્લાં ઘણા સમયથી બેંકીંગ ક્ષેત્રના સુધારાઓ, શ્રમ કાનુનમાં સુચિત સુધારાઓ જે સરકારની મનસુફી પ્રમાણે થવા જઈ રહ્યા છે તેને કારણે સંગઠીત ક્ષેત્રના કામદારો માટે પણ ગુલામીનો યુગ શરૂ થવાના એંધાણ આવી રહ્યા છે. એનડીએ સરકારની મજુર વિરોધી નિતી-રિતીને કારણે તથા સામાજીક જવાબદારી નિભાવવાની ઉદાસીનતાને કારણે ઘણા પ્રશ્નો ઉદ્ભવ્યા છે. બેંક કર્મચારીઓના પ્રશ્નો પ્રત્યે કેન્દ્ર સરકારની ઉપેક્ષાવૃત્તિ દુર કરવા ૨૮મી ફેબ્રુઆરીના રોજ કર્મચારીઓએ રાષ્ટ્રવ્યાપી હડતાલનું એલાન આપ્યું છે તે યથાયોગ્ય છે.

દેશના સુસ્થાપિત મજુર કાયદામાં સુધારાની આડાશમાં સરકાર ખાનગી અને વિદેશી રોકાણકારોની જરૂરીયાત સંતોષવા, મજુર તરફી કાયદાઓ ખતમ કરી દેવા માંગે છે. વધુમાં, અન્ય કાયદાઓ જેવાં કે, ઔદ્યોગિક વિવાદધારો, બાળ મજુરી કાયદા, ગુમાસ્તાધારા વિગેરેમાં સુચિત સુધારાઓને પરિણામે શાંતિમય જીવન માટે કામદારોને કોઈ જ અવકાશ બાકી નહીં રહે કેમકે, સુચિત સુધારાઓ નોકરીદાતાઓને નોકરી ઉપર રાખવા અને રૂખસદ આપવા માટે સંપૂર્ણ આઝાદી બક્ષે છે. તેથી કરીને સમગ્ર દેશના કામદાર આલમ અને બેંક કર્મચારીઓએ ખુબ જ જહેમતથી મેળવાયેલા હક્કોના રક્ષણને સુનિશ્ચિત કરવા માટે બેંક કર્મચારીઓએ તેમની લડત શરૂ કરી છે. ઉપરાંત કામદાર સંગઠન ધારા ૧૯૨૬ની જોગવાઈઓ અંતર્ગત કામદારોને કામદાર સંગઠનની રચના કરવા અને તેમની સુખાકારી પ્રાપ્ત કરવા વાટાઘાટો કરવાનો અધિકાર બક્ષાયેલ છે. સામુહિક ધોરણે વાટાઘાટ આધારીત નિતી નિર્ધારણ અને રજુઆત કરવાના અધિકારો, મજુર મંડળ પ્રવૃતિઓ અને હડતાલ પાડવાના અધિકારને હવે બચાવી રાખવા ખુબ અઘરૂં કામ થનાર છે. બેંકીંગ ઉદ્યોગ ક્ષેત્રમાં પણ મજુર સંગઠનના અધિકારો પુરા થવાની અણી પર છે. ત્યારે સમગ્ર કામદાર જગતને આ અંગે જાગૃત કરવા અને પોતાના હક્ક માટે લડવા માટેની દિશા બતાવવાનું કામ બેંક કર્મચારીઓના સંગઠનોએ ઉપાડ્યું છે.નોટબંધી યોજના દાખલ કરાયાને પરિણામે બેંકીંગ ક્ષેત્રમાં વ્યાપક પરિવર્તન અનુભવાયેલ છે. જેને લીધે બેંક કર્મચારીઓ અને અધિકારીઓનું રોજ બરોજનું કામકાજ જ માત્ર પ્રભાવિત નથી થયું. પરંતુ સમગ્રતયા ગ્રાહકો અને આમ જનતા પણ પ્રભાવિત થઈ છે. ભયજનક અને અભડાતફડીનો માહોલનો સામનો બેંક કર્મચારીઓ અને અધિકારીઓએ સહ્યો હતો. આને કારણે વધારે કલાકો માટે ફરજો અદા કરવી પડેલ તે સામે આજદિન સુધી બેંક કર્મચારીઓ અને અધિકારીઓને ન્યાયોચિત વળતર ચુકવાયું નથી.

બેંકીંગ ઉદ્યોગના વાસ્તવિક દુષણ અથવા ઉપદ્રવ, જેવાં કે ભયજનક પણે વધતા રહેલા શકમંદ ધિરાણને નજર અંદાજ કરી, જરીપુરાણા સુધારાત્મક પગલાં ભરવાનું ચાલુ રાખવા સરકાર વધુ ગંભીર જણાય છે. ધીરાણ મેળવનારા લોકો લોન લઈ લીધા પછી જાણી બુઝીને તેની પરત ચુકવણી નથી કરતાં બલ્કે બેંકીંગ ઉદ્યોગ ખાતે સુલભ ઘાલખાધની જોખમ કારક જોગવાઈઓની ઓથ લઈને મુશ્કેલીમાંથી આબાદ છટકી જાય છે. લોન પરત નહીં ચુકવવાની પધ્ધતિ અપનાવનારાઓમાં મોટા ભાગના મોટાગજાના લોકો અને કોર્પોરેટરો છે. આ લોકોના નાણાં પાછા મેળવવા માટે બેંક કર્મચારીઓ સરકારને વારંવાર વિનંતી કરતા હોય છે કે, શકમંદ લોન વસુલ કરવા માટે કઠોર પગલાં લેવામાં આવે તથા બેંકના ઉચ્ચ પદાધિકારીઓની જવાબદેહીતા નક્કી કરવામાં આવે. તદુપરાંત આવા કસુરવારો સામે ફોજદારી રાહે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે જેથી એનપીએની વસુલી સહેલાઈથી થઈ શકે.

આ બધી પરિસ્થિતિમાંથી બેંકીંગ ઉદ્યોગને સહીસલામત બહાર કાઢવો હોય તો, એક કરોડ અથવા વધુ રકમની લોનોના બાકીદારો, કસુરદારોના નામ જાહેર કરવા જોઈએ. આની વસુલાત કરવા માટે આકરા અને કઠોર પગલાં ભરવા જોઈએ. ફાસ્ટ ટ્રેક ઋણ વસુલાત ટ્રીબ્યુનલની સ્થાપ્ના કરીને ઝડપથી એનપીએની વસુલાત કરવી જોઈએ. આ સાથોસાથ નોટબંધીએ ઘણી સમષ્યાઓ સર્જી છે. હવે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને સંપૂર્ણ સ્વાયતતા ફરી પાછી આપવી જોઈએ. અત્યારે રિઝર્વ બેંક સરકારનું રમકડું બની ગયું છે તેને બદલે નિર્ણયો લેવાની સત્તા ફરીથી તેમને સુપ્રત થાય તો જ ભલીવાર આવી શકે તેમ છે. ગ્રામીણ તથા સહકારી બેંકો અને એટીએમને તાત્કાલિક ધોરણે પર્યાપ્ત રોકડનો પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવે. બેંકોને રોકડ પુરી પાડવામાં પક્ષપાત કે ભેદભાવ દુર કરવામાં આવે અને આની પારદર્શિતા સુનિશ્ચિત કરવામાં આવે. સૌથી વધુ અગત્યનું બેંકોની શાખાઓ ખાતે કાયદો વ્યવસ્થાની જાળવણી થવી રહી જેથી બેંક કર્મચારીઓ અને અધિકારીઓની સલામતી અને સુરક્ષા જળવાઈ રહે. રિઝર્વ બેંકને ફરી સ્વાયતતા અને બેંક કર્મચારીઓના સહકાર સાથે, હાલની બરબાદ થયેલી પરિસ્થિતિ ઉપર કાબુ મેળવી શકાય તેમ છે. નોટબંધીના ખોટા નિર્ણયમાંથી બહાર આવવા માટે સરકારને આ સિવાય કોઈ જ રસ્તો નથી.

**લેખક - ગૌતમ ઠાકર (હિં.સ.)**

# પતિ-પત્ની વચ્ચે કકળાટ થતો હોય તો અપનાવો આ ઉપાય...

વાસ્તુ શાસ્ત્ર અનુસાર કોઈ પુરૂષ જો અગ્નિ ખૂણે આવેલા રૂમમાં ઊંઘે છે તો તેને અગ્નિ-તત્વ સાથે સંબંધિત રોગ થઈ શકે છે. અગ્નિ-તત્વ સંબંધિત રોગમાં હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ, હાર્ટ એટેક હોય છે. એવામાં પતિ-પત્નીના વિચારોમાં મતભેદ સર્જાઈ શકે છે.

બેડરૂમ જો દક્ષિણ-પૂર્વમાં હોય તો પતિ-પત્ની વચ્ચે અણબનાવ સર્જાઈ શકે છે. ગુસ્સો અને તણાવ પણ હોય છે. જો તમે તમારૂ બેડરૂમ અન્યત્ર બનાવી ન શકતાં હોવ તો બેડરૂમની વ્યવસ્થા દક્ષિણ-પશ્ચિમમાં કરો તથા દક્ષિણ તરફ માથુ મૂકીને સૂઓ.

અગ્નિ ખૂણામાં બેડરૂમ હોવાથી ફાલતુ ખર્ચ વધે છે અને પતિ-પત્ની વચ્ચે નાહકનો ઝઘડો થાય છે.અગ્નિ ખૂણામાં પતિ-પત્ની વચ્ચે મતભેદો સર્જાય છે તથા સમય માત્ર એકબીજાની ખામીઓ શોધવામાં જ પસાર થાય છે.

# ડ્રાયફ્રૂટ્સથી થતા ફાયદા

તમારા રોજિંદા ખોરાકમાં અખરોટ, પિસ્તા, હેઝલનટ અને બદામ જેવાં ડ્રાયફ્રૂટ્સ ઉમેરશો તો એનાથી સ્વાસ્થ્યને અનેક ફાયદા થઈ શકે છે. જર્મનની યુનિવર્સિટી ઓફ જેનાના રિસર્ચરોનું કહેવું છે કે ડ્રાયફ્રુટ્સ ખાવાથી આંતરડામાં કેન્સરના કોષોનો ગ્રોથ ધીમો પડી જાય છે. ડ્રાયફ્રૂટ્સથી ઓકિસજન સાથે પ્રક્રિયા દ્વારા થતું ડેમેજ અટકે છે અલ્ટ્રાવાયલેટ રેડિયેશનને કારણે શરીરમાં ઓકિસજન સાથે પ્રક્રિયા કરે એવા જીવાણુઓ પેદા થાય છે જે રોગપ્રતિકારક શકિતને ખોરવીને મૂળભૂત કોષને જ ડેમેજ કરે છે.હ્યુમન બોડીને ઓકિસજન સાથે આવી પ્રક્રિય કરતી પ્રજાતિના જીવાણુઓને કન્ટ્રોલ કરી શકે એવા ઘટકો ડ્રાયફ્રૂટ્સમાં હોય છે. ડ્રાયફ્રૂટ્સમાં રહેલા અસેન્શિયલ ફેટી એસિડ્સ હાર્ટ, રકતવાહિનીઓ અને મગજના સ્વાસ્થ્ય પર પોઝિટિવ અસર કરે છે. અભ્યાસીઓનું કહેવુ છે કે હેઝલનટ્સ, અખરોટ, બદામ અને પિસ્તાનું પાચન થઈને જયારે એ આંતરડામાંથી પસાર થાય છે ત્યારે આંતરિક ત્વચાને હાનિકારક જીવાણુઓ અને કેમિકલ્સરહિત બનાવે છે જેને કારણે કોલન કેન્સર થવાની શકયતાઓ ઘટે છે

# સફળ થવા માટે આત્મવિશ્વાસ જરૂરી

વાત સાચી હતી. સાચો મિત્ર તેને જ કહેવાય જે સુખ અને દુ:ખ બન્નેમાં સાથ આપે. તેણે આ શ્લોક વાંચ્યો અને બોલ્યો કે આ પ્રાણી આપણું મિત્ર છે. ચારેય બ્રાહ્મણોએ આ ગધેડાની પાસે જઇને તેને હાથ ફેરવ્યા અને પોતાની સાથે લઇ જવાનું નક્કી કર્યું

એક નગરમા ચાર બ્રાહ્મણ રહતા હતા. આ ચારેય બ્રાહ્મણોને અભ્યાસ કરવા માટે બહાર ગામ જવાનો વિચાર કર્યો. એક દિવસ આ ચારેય બ્રાહ્મણો અભ્યાસ માટે કન્નોજ નગરમા જવા નીકળ્યા હતા. ત્યાં જઇને તે એક પાઠશાળામા ભણવા લાગ્યા હતા. આ પાઠશાળામા ૧૨ વર્ષ સુધી અભ્યાસ કર્યા પછી તેમને લાગ્યુ કે અમારે હવે આગળ ભણવાની જરૃર નથી. અમે વિદ્વાન બની ગયા છીએ. હવે આપણે ગુરુની આજ્ઞા લઇને આપણા નગરમા પાછા જવુ જોઇએ. ત્યાર પછી તે ગુરુજી પાસે ગયા અને પોતાના નગરમા પાછા જવાની આજ્ઞા લઇને પોતાના અભ્યાસના પુસ્તકો લઇને તે પાછા નગર જવા માટે નીકળ્યા. તે ચાલતા ચાલતા પોતાના નગરમા જતા હતા ત્યાં રસ્તામા બે રસ્તા પડયા આ બે રસ્તામાંથી પોતાના નગરમા જવાનો કયો રસ્તો છે તેની સમજ ના પડી. તેમની અક્કલ કામમાં ના આવી તે વિચાર કરવા લાગ્યા આપણે કયા રસ્તા પર જઇએ. તેમાંથી એક બ્રાહ્મણ પોથી કાઢીને બેઠો અને જોવા લાગ્યા આ બાબતે પોથીમા શુ લખ્યુ છે. એ સમયે ત્યાં બાજુના નગરમા એક વેપારી મૃત્યુ પામ્યો હોવાથી કેટલાય લોકો તેને સ્મશાને લઇ જવા માટે નદી કિનારે જતા હતા. આ સમયે બીજા બ્રાહ્મણે પોથીમાં પોતાના પ્રશ્નનો જવાબ શોધતા તેણે વાંચ્યુ કે મહાજનો યેન ગત: પન્થા. ચારેયમાંથી કોઇએ પણ ના વિચાર્યુ કે આ મહાજન શબ્દનો અર્થ શો છે. કયા માર્ગની વાત કરી રહ્યા છે. શ્રેણી કે કારવો બનાવીને નીકળનાર માટે વૈશ્યો માટે મહાજન શબ્દ પ્રયોગ કરવામા આવતો હતો. મહાન વ્યકિતઓ માટે પણ મહાજન શબ્દ વપરાય છે. તેમણે પોતાના મગજથી સહેજ પણ વિચારવાની કોશિશ ના કરી. તે પંડિત બોલ્યો મહાજન લોકો જે રસ્તે જાય છે તમે પણ તેમની પાછળ ચાલતા થાવ. ત્યાર પછી ચારેય સ્મશાન જતા રસ્તા તરફ ચાલવા લાગ્યા હતા.

સ્મશાન પહોંચ્યા ત્યારે ત્યાં એક ગધેડાને તેમણે જોયો. એકાંતમા રહીને અભ્યાસ કરતા હોવાથી તેમણે બીજા કોઇ પ્રાણીઓને જોયા ન હતા. એક બોલ્યો કે જુઓ આ પ્રાણી કોણ હશે. ત્યારે બીજાએ પોથી કાઢીને શોધવાનુ શરૃ કર્યું. પોથીમા આ પ્રશ્નનુ પણ સમાધાન તેમને મળી ગયુ. પોથીમા લખ્યુ હતુ કે ઉત્સવે વ્યસને પ્રાપ્તે દુભક્ષે શત્રુસંકટે. રાજદ્વારે સ્મશાને ચ ય:તિષ્ઠતિ બાંધવ: વાત સાચી હતી સાચો મિત્ર તેને જ કહેવાય જે સુખ અને દુ:ખ બંનેમા સાથ આપે. તેણે આ શ્લોક વાંચ્યો અને બોલ્યો કે આ પ્રાણી આપણુ મિત્ર છે. ચારેય બ્રાહ્મણોએ આ ગધેડાની પાસે જઇને તેને હાથ ફેરવ્યા અને પોતાની સાથે લઇ જવાનુ નક્કી કર્યુ. આ બધુ ચાલી જ રહ્યુ હતુ ત્યારે એક બ્રાહ્મણની નજર ઊંટ પર પડી. તેમના માટે તે નવાઇની વાત બની ગઈ. તે સમજી શકતા ન હતા કે આટલી ઝડપથી ચાલતુ આ કયુ પ્રાણી છે. આ સમયે ત્રીજા બ્રાહ્મણે પોથી કાઢી અને શોધવા લાગ્યો. ત્યારે તેને વાંચ્યુ કે ધર્મસ્ય ત્વરિત ગતિ:ધર્મની ગતિ તેજ હોય છે. હવે તેઓ ધર્મ કોને કહેવામા છે તે સમજી ગયા હતા. ત્યારે ચોથાને એક સ્મરણ કરેલ વાક્ય યાદ આવ્યુ ઈષ્ટ ધર્મેણ યોજયેત. એટલે પ્રિયને ધર્મ સાથે જોડવુ જોઇએ. હવે ચારેય બ્રાહ્મણોએ ભેગા થઇને ઉંટના ગળામા ગધેડાને બાંધી દીધુ. આ જોઇને એક માણસે જઇને ગધેડાના માલિકને ક્હ્યુ કે ગધેડાને ઊંટ સાથે બાંધવામા આવ્યુ છે. ધોબીના હાથમા લાકડી જોઇને તે ચારેય ત્યાંથી ભાગવા લાગ્યા ત્યારે રસ્તામા નદી આવી.

હવે પ્રશ્ન એ હતો કે નદી કેવી રીતે પાર કરવી. તે વિચાર વિર્મશ કરતા હતા ત્યારે એક પાન તરતુ આવતુ હતુ. પાન જોઇને તેમણે જે પાન વિશે અભ્યાસ કર્યો હતો તે યાદ આવ્યુ. આવનાર પાન તમને પાર કરાવશે. હવે પુસ્તકની વાત ખોટી ના હોય. એક બ્રાહ્મણે કંઇ જ વિચાર કર્યા વિના પાન પર તરાપ મારી તેને તરતા આવડતુ ન હતુ. તે ડૂબવા લાગ્યો હતો ત્યારે તેને ચોટલી પકડીને બચાવાની કોશિશ કરી પરંતુ તે બચી ના શકયો. હવે માત્ર ત્રણ બ્રાહ્મણ રહ્યા હતા. આ વાતની જાણ જયારે ગામના લોકોને થઇ ત્યારે તેમણે બ્રાહ્મણોને પોતાના ઘેર બોલાવીને ભોજન કરાવ્યુ હતુ. ત્યાર પછી તેમણે પોતાના નગરનો માર્ગ ગામ લોકો પાસે જાણી લીધો અને પોતાના નગરમા પાછા ચાલ્યા ગયા.






# એસ્પિરીનના સેવનથી લોહીમાં ગાંઠ થવાનું જોખમ ઘટી જશે

જો તમે શિયાળામાં લોહી જામી જવાની સમસ્યાથી પીડાતા હોવ તો નિયમિત એસ્પિરીનની ગોળીઓ લેવાનુ રાખો. ઓછા ડોઝની એસ્પિરિન લેવાથી લોહીની નવી ઝેરી ગાંઠ બનવાનું જોખમ ઘટે છે અને લાંબા સમયથી લોહીને ઘટ્ટ બનવાથી અટકાવતી દવા લેવા દર્દીઓ માટે યોગ્ય સારવારનો વિકલ્પ પૂરો પાડે છે તેમ વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે. એવા દેશો જ્યાં લોહીને ઘટ્ટ બનતા અટકાવતી સારવાર મોંઘી છે ત્યાં એસ્પિરિન અત્યંત આદર્શ પૂરવાર થઈ શકે છે. આ સારવારનો સૌથી મોટો લાભ તેનો ઓછો ખર્ચ છે. એસ્પિરિન સસ્તી છે. પરંતુ તેનાથી અનેક સંભવિત ગાંઠોની સારવાનો ખર્ચ બચી શકે છે. આમ વિશ્વભરમાં લાખો ડોલરની બચત પણ થઈ શકે છે.

આ અભ્યાસના મુખ્ય લેખક સિડની યુનિવર્સિટીના પ્રોફેસર જહોન સિમેસે જણાવ્યું હતું કે આ અભ્યાસ એવો સ્પષ્ટ અને સાતત્યભર્યો પુરાવો આપે છે કે નીચા ડોઝની એસ્પિરિન લેવાથી નવા ઝેરી લોહીની ગાંઠ બનતી નથી અને જેમનામાં લોહીની ગાંઠ હોય તેમને અન્ય કાર્ડિયોવેસ્ક્યુલર બીમારી સામે પણ રક્ષણ મળે છે. સિમેસે ઉમેર્યું હતું કે એસ્પિરિનના સારવારની અસર વોરફેરિન કે નવી પેઢીના સીધા થ્રોમ્બિન ઈન્હિબિટર્સથી હાંસલ કરી શકાય તેનાથી ઓછી હોય છે. જે વિપરીત સર્ક્યુલેટરી અને કાર્ડિયોપ્યુલ્મનરી ઘટનાઓમાં ૮૦ ટકા સુધીનો ઘટાડો કરી શકે છે.

જો કે એસ્પિરિન લોહીને ઘટ્ટ બનતાં અટકાવતી દવાઓ ન લેતાં હોય

અનુસંધાન પાના નં.૬ ઉપર

# રસપ્રદ કિસ્સા

## હોમીયોપેથીક એક સરળઉપાર

ડૉ. જગદીશ ધોળકીયા

**જીજ્ઞાસુ મિત્રો,**

જે લોકો હોમિયોપેથીમાં વિશ્વાસ તેમજ શ્રદ્ધા રાખે છે તેમને સંપૂર્ણ રીઝલ્ટો મળે છે તથા અસાધ્ય રોગોમાં સારાં પરિણામો મળે છે.

આજે આપણે ડૉ.આલાપ દ્વારા મળેલાં અદ્‌ભૂત પરિણામો વિશે જાણીશું.

૧.રાજકોટના એક વેપારી દંપતિને ઈશ્વરેબધી જ વાતનું સુખ આપેલ પણ 'શેર માટીની ખોટ' હતી જેને સંતાનની ખોટ હતી, લગ્નજીવનના પંદર વર્ષોમાં અનેક વિશેષજ્ઞો પાસે સારવાર કરાવતા જવાબ મળતો કે બંને જણા નોર્મલ છે. છતાં સંતાન પ્રાપ્તિ થઈ નહીં. આજથી પંદર મહીના પૂર્વે રાજકોટમાં ડૉ.આલાપના કલીનીકમાં આવતાં હોમિયોપેથીક પદ્ધતિ પ્રમાણે સંપુર્ણ લક્ષણો મેળવ્યાં. પંદર વર્ષ દરમ્યાન બધાં જપરીક્ષણોનો ગહન અભ્યાસ કરી સાતથી આઠ મહીના સારવાર લેવા સુચના આપી તથા પતિ-પત્ની બંનેએ સાથે દવા લેવા સુચન કર્યું. આ પહેલાં જામનગર-જામ ખંભાળીયા વિગેરેની એકાવન દંપત્તિને સંતાન પ્રાપ્તિ ડૉ.આલાપની દવાથી થયેલી તે સમાચાર જાણીને આ દંપતિ આવેલા એટલે તેઓએ પુરા વિશ્વાસથી તેમજ શ્રદ્ધાથી દવા શરૂ કરી છ મહીનાની સારવાર બાદ પ્રેગનન્સી રહ્યાનો ખ્યાલ આવ્યો ત્યારબાદ છ અઠવાડીયા બાદ પ્રેગનન્સી ટેસ્ટ પોઝીટીવ આવતાં તેઓની ખુશીનો પાર નહોતો. નવ મહીના બાદ નવા વર્ષના પહેલા દિવસે એટલે કે પહેલી જાન્યુઆરીના રોજ તેઓના ઘરમાં નવા મહેમાન 'બાબા' સ્વરૂપે નોર્મલ ડીલીવરીથી આગમન થયું. આમ નવા વર્ષે ડૉ.આલાપે દવાથી એકાવનમા દંપતિને સારવારથી સંતાન સુખ આપ્યું જેનો બધો જ જશ હોમિયોપેથીક વિજ્ઞાનને જાય છે.

૨. ભાવનાબેન : ઉ.વ.૩૮ ડીસાના બેનને છેલ્લા દશ પંદર વર્ષથી શ્વાસની (દમ)તકલીફ હતી. તેઓને એલર્જીક બ્રોન્કાઈટીસની તકલીફ હતી. અનેક ઉપચારો કરાવેલા 'એલર્જી પરીક્ષણો' પણ કરાવેલાં પણ નિયમિત દવા તેમજ પંપ દિવસમાં બેથીત્રણ વાર લેવો પડતો પણ રાહત થતી નહીં. દશ પંદર વર્ષથી એક પણ દિવસ તકલીફ વગર ગયો નહોતો. રોજ દમ ચડતો પણ ત્રણ મહીના પહેલાં એક ડૉકટર સાહેબની ભલામણથી અમારી પાસે આવેલાં. અમે તેમના લક્ષણ પ્રમાણે હોમિયોપેથીક સારવાર શરૂ કરી. શરૂઆતના પંદર દિવસમાં ત્રણમાંથી બે વાર પંપ લેવાનું થયું. ત્યાર બાદ છેલ્લા એક મહીનાથી એક જ વાર પંપ લેવો પડયો અને આજે દશ દિવસથી પંપ સંપૂર્ણ બંધ છે. તથા છેલ્લા અઠવાડીયાથી ઠંડીનું પ્રમાણ વધવા છતાં શ્વાસ ચડયો નથી. છેલ્લા ઘણા વર્ષોથી દર શિયાળામાં શ્વાસ વધી જતો. જે આજે એક અઠવાડીયાથી શ્વાસ ચડયો નથી જે સારૂં પરીણામ બતાવે છે અને અમે તેમને નિયમિત દવા લેવી સુચના આપી.

૩.રાવ : ઉ.૪૮ ગામ રાણીવાડા : તેમને છેલ્લા દશ વર્ષથી પેટની તકલીફ હતી જેમાં પેટમાં ગેસ રહેતો હતો કબજીયાત વર્ષોથી હતી પેટમાં થોડું અન્ન લેવામાં આવે તો પેટ ભરાઈ જાય અને પેટ પથ્થર જેવું થઈ જાય,આખો દિવસ ઓડકાર આવે, ભુખ્યા પેટે બળતરા થાય, આખો દિવસ પાણી પીવાનું મન થાય પણ પાણી પીતાની સાથે ખાટું પાણી મોંઢા વાટે ઉલટી થઈને નીકળે, પેટમાં દુ:ખાવો રહે, બેચેનીરહે, માથું દુ:ખે, દરરોજ સવારે પિત્તની ઉલટી થાય તથા છેલ્લા બે ત્રણ વર્ષથી શરદી ખાંસી નિયમિતપણે રહે છે,એટલું જ નહીં બોલવાથી પરિશ્રમ કરવાથી, સીડી ચડવાથી શ્વાસ ચડે છે, રાણીવાડાના અમારા જુના દર્દીએ તેમને ભલામણ કરતાં આજથી ત્રણ મહીના પહેલાં અમારા દવાખાનામાં આવ્યા. અમારી સૌથી પહેલી પ્રાથમિકતા કબજીયાત દુર કરવાની તેમજ પિત્તની ઉલટી બંધ કરવાની હતી. પંદર દિવસમાં કબજીયાત દુર થઈ ઉલટી બંધ થઈ. ત્યારબાદ ઓડકાર બંધ થયા. થોડા દિવસ બાદ શરદી, ખાંસીમાં રાહત થઈ. આજે શ્વાસમાં પણ રાહત થઈ છે અમે દવા નિયમિત લેવા સુચના આપી છે. થોડા સમયમાં બધી જ તકલીફો દુર થશે તેવી ખાત્રી આપે છે.

૪. ડીસાના એક ઈન્કમટેક્ષ-સેલટેક્ષના વકીલ સાહેબને ઘણા લાંબા સમયથી પગમાં ખરજવું થયેલ. આ સિવાય મોંઢા ઉપર ખુજલી આવતી હતી. આ સિવાય તેઓને પાંસળીમાં પણ દુ:ખાવો રહેતો હતો.

અનુસંધાન પાના નં.૬ ઉપર

# દર્દો નો દુશ્મન અને સૂર્ય નો પ્રતિનિધિ- આકડો

## આયુર્વેદનું અમૃત

વૈદ્ય મહેશ અખાણી

ઓમ અર્કાય નમઃ કહીને સવાર ના પહોર માં આપણ સૌને ઉત્સાહ, સ્ફૂર્તિ, ચૈતન્ય આપનાર સૂરજ દાદા ની દરરોજ સૂર્ય નમસ્કાર દ્વારા ઉપાસના કરીએ છીએ અને કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ. સૂર્ય નું એક સમાનાર્થી નામ છે અર્ક. અર્ક એટલે આકડો પણ થાય.આકડા ને કોણ નથી ઓળખતું આપણી આસપાસ માં સર્વત્ર ઉગતો આકડો એ સૂર્ય નો અને ભક્ત હનુમાનજી નો આપણા દર્દ નિવારક તરીકે નો પ્રતિનિધિ છે.

આકડો વાયુ ને કફ નો નાશ કરેછે. તે ગુણ માં ગરમ છે, લૂખો એટલેકે રૂક્ષ છે, પચવા માં હળવો છે,સ્વાદ માં કડવો ને તીખો છે, ભૂખ લગાડનાર, ઉગ્ર, રોચક, મળ શુદ્ધિ કરનાર, ઉલટી કરનાર, ઝાડા કરનાર અને ઝેરી પણ છે. તેથી તેને આ ગુણો ને ધ્યાન મા રાખી, સમજ પૂર્વક મર્યાદા માં ઉપયોગ થાય તો તે અમૃત સમાન કામ કરે છે.

આકડો ઝેર, કરમિયા, સુકા મસા, ચામડી ના રોગો, બરોળ વધવી, પેસાબ ની અટકાવત, ગેસ-વાયુ નો ગોળો, પેટ ના રોગો, ઉધરસ, શ્વાસ ના રોગો, વાયુ ના રોગો, ખંજવાળ મટાડે છે.

★ હડકાયા કુતરા નું વિષ .. સફેદ આકડા ના દૂધ માં સિંદુર મેળવી ને તેમાં તરબોળ કરેલું રૂ નું પુમડું દંશ ના ઘા માં રૂઝાય ત્યાં સુધી ભરવું તથા દૂધ માં પાંચ બિંદુ આકડા નું દૂધ મેળવી ને સાત દિવસ સુધી પીવડાવી ઝાડા કરાવવા. હડકાયા કુતરા નું ઝેર ઉતારી જશે તેમ શાસ્ત્ર કહે છે.

★ કાન ના દુ:ખાવા માં – આકડા ના પાન ગરમ કરી, તેનો રસ સહેજ ગરમ હોય તેવોજ કાન માં નાખવો તથા કાન ની ફરતે આકડા ના પણ ગરમ કરીને બાંધવા.

★ શ્વાસ- દમ, વરાધ – બાળકો ને વરાધ માં આકડા ના પાન ના એક ચમચી રસ માં રાઈ ને સિંધવ સહેજ ઉમેરી પાવું અને છાતી ઉપર આકડા ના ગરમ પાન બાંધી હળવો શેક કરવો.તથા પુખ્તવયની વ્યક્તિ ને શ્વાસ ના હુમલા માં કફ કાઢવા માટે આકડા નાં પીળા પાન ના એક ચમચી રસ માં આદુ નો રસ ને મધ ઉમેરી સવારે –સાંજે કે ઈમરજન્સી માં કોઈપણ સમયે આપવો જેથી દમ માં તત્કાલ લાભ થશે.

★ દાંત નો દુ:ખાવો- આકડા ના દૂધ માં રૂ પલાળી તેને દાંત માં પૂરવાથી દાંત ના મૂળ માં પડેલા કરમિયા અને તેનો દુ:ખાવો દુર થાયછે.

★ચામડી ના રોગો- આકડા ના પાન ના રસ માં લીલી હળદર ને વાટી ને તેની સાથે સરસીયું તેલ પકાવવું. આ તેલ નું માલીશ કરવાથી ખસ, ખોડો, ખંજવાળ ને અન્ય ચામડી ના રોગો માં આ તેલ ખુબજ અસરકારક છે.

★ ઉધરસ- સાકર નો મોટો ટુકડો કે પતાસું લઈ તેમાં ૨-૩ ટીપા આકડા નું દૂધ નાખવું. સાંજે તે ખાઈ ઉપર કાળીદ્રાક્ષ ખાવી, તેથી રાત્રે આવતી સુકી ત્રાસદાયક ઉધરસ કાબુ માં આવેછે.

★ દુ:ખાવો ; - શરીર ના કોઈ પણ ભાગ માં દુ:ખાવો થતો હોય ત્યારે દીવેલ લગાડેલા આકડા ના ગરમ પણ બાંધવા.. આખું શરીર જકડાઈ જઈને દુખતું હોય તો ખાટલા ઉપર આકડા ના પાન પાથરી ઉપર ગરમ શાલ ઓઢાડી, ખાટલા નીચે થી વરાળ નો શેક આપવાથી દુ:ખાવો મટે છે.★ પેટ નો દુ:ખાવો –દીવેલ ચોપડી ને ગરમ કરેલા આકડા ના પાકા પાન ને પેઢું ઉપર બાંધવા અને તેની ઉપર કપડા થી શેક કરવો. તેથી કબજિયાત, અપચો, ગેસ- વાયુ માં રાહત થાય છે.

★ કાંટો કાઢવો- કાંટો વાગ્યો હોય તે સ્થાન ઉપર આકડા ના દૂધ વાળુ રૂ દાબી પતો બાંધી દેવો તેથી કાંટો ઉપર આવી જશે.

**વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.**
**કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર)**
**મો.૯૪૨૬૩૯૯૧૨૫**

# આહાર બદલો, જીવન બદલો

## સાઈકોથેરાપીસ્ટ

તમને પસંદ હોય તેવું બધું ખાઓ. મૂળ વાત એ કે બહુ થોડું ખાઓ. આરોગ્યપ્રદ, પૌષ્ટિક ભોજન ભૂખને દૂર રાખે છે, ખાવાની લાલસા ઘટાડે છે અને તમારા મગજને સંદેશ આપે છે કે તમારૂં પેટ ભરાઈ ગયું છે

પોષણ નિષ્ણાતો સારા આહાર વિશે ટનબંધ સલાહો આપે છે પણ તેમાં સૌથી મહત્ત્વની સલાહ એ હોય છે કે એનો સતત અમલ કરો, મનને આપખુદ બનવા ન દો. આમ છતાં કેટલીક સલાહો સમયની એરણે ખરી ઉતરી છે અને નિષ્ણાતો પોતે પણ એનો અમલ કરતા હોય છે. કારણ કે એ લોકો પણ માણસ જ છે! દસ સૂચન અહીં રજૂ કર્યા છે. એનો અમલ કરશો તો તમારા ભોજનની ટેવોને અને જીવનને જ એ બદલી નાખશે. કશું છોડશો નહીં તમને પસંદ હોય તેવું બધું ખાઓ. બસ, મૂળ વાત એ કે બહુ થોડું ખાઓ. એલિઝા ઝિએદની આ સલાહ છે. સ્કૂલમાં હતાં ત્યારે એમનું વજન સૌથી વધારે હતું. પણ તે પછી એમને ૧૦ કિલો કરતાં વધારે વજન ઘટાડયું. એમનો બાંધો નાનો છે એટલે એમણે પોતાના શરીરને સમતોલ બનાવવા માટે એક જ ફેરફાર કર્યો. એમણે પહેલાં પણ વજન ઘટાડવાના પ્રયત્ન કર્યા હતા એ વખતે એ બધું છોડી દેતાં પણ ભાવતી વસ્તુઓ છોડવાનું પસંદ નહોતું એટલે શું થતું કે ફરી ખાવાનું શરૃ કરે ત્યારે જૂની ટેવો બમણા જોશથી ઉછાળો મારતી, કારણ કે હંમેશાં એક જાતનો અસંતોષ રહેતો.

આહારની યોજના બનાવો રેસ્ટોરન્ટમાં ગયાં હો ત્યારે ભૂખ લાગી હોય એનું મેન્યુ જોઈને મોઢામાં પાણી આવી જાય અને બધું સારું જ લાગે. પણ ખવાય કેમ? મન મારીને માત્ર કોઈ બાફેલા શાકનો ઓર્ડર આપવો પડે. પણ નહીં. શા માટે બાફેલું શાક ખાશો? જે પસંદ હોય તેનો જ ઓર્ડર આપો અને લહેરથી ખાઓ. પરંતુ ઝિએદ કહે છે કે તે પછી દિવસમાં જ્યારે ખાવાનો સમય થાય ત્યારે બાજી સંભાળી લો. ધારો કે રેસ્ટોરન્ટમાં લંચ કરતી વખતે બટેટાની ડિશ ખાધી હોય તો રાતે સ્ટાર્ચવાળી વસ્તુ ન લો. બરછટ અનાજ, ફળ બીજું કોઈ શાક લો. એ રીતે બટેટા તમારા ડાયેટિંગમાં આડે નહીં આવે. કેલરી ગણવાનું છોડી દો ફ્રેક્ન લિપમેન કહે છે કે કેલરી ગણવાની ટેવ છોડી દો અને તમારા માટે સારો હોય તે આહાર લેવા પર ધ્યાન આપો. લિપમેન 'ઈલેવન-ઈલેવન વેલનેસ સેંટર'ના સ્થાપક છે એમનું કહેવું છે કે ખાતી વખતે પોતાને જ પૂછો કે જે ખાઓ છો તે પૌષ્ટિક છે કે નહીં. આરોગ્યપ્રદ, પૌષ્ટિક ભોજન ભૂખને દૂર રાખે છે, ખાવાની લાલસા ઘટાડે છે અને તમારા મગજને સંદેશ આપે છે કે તમારું પેટ ભરાઈ ગયું છે. એ લોહીમાં શ્યૂગરની લેવલ વધે કે ઘટે નહી તેની પણ કાળજી લે છે. એટલે, શું ખાઓ છો તે જોશો તો કેલરી ગણવાની જરૃર નહીં પડે. કંટાળો આવે તેવું ન ખાઓ ન્યુટ્રીશનિસ્ટો હંમેશાં વધારે શાકભાજી ખાવાની સલાહ આપતા હોય છે. તો એ એવી રીતે રાંધો કે સ્વાદ મોઢામાં રહી જાય. ન્યૂ યોર્ક સિટીના ન્યુટ્રીશનિસ્ટ ઈલિસે શાપિરો કહે છે કે "બાફેલાં શાકભાજીને જોઈને જ કંટાળો આવતો હોય છે.'આરોગ્યપ્રદ' એટલે 'બેસ્વાદ' નહીં. તમે ટમેટાં પણ વાપરી શકો છો.

પૌષ્ટિક આહાર ખરીદી ને લાવો એ પૂરતું નથી વધારે જરૃરી તો એ છે કે તમે પૌષ્ટિક આહાર ખાઓ. લાવો અને ધોઈને બરાબર કાળજી લઈને ફ્રિજમાં સાચવી રાખો. તૈયાર ખાઈ શકો એવો આહાર હોય તેના કરતાં રાંધવો પડે એવો આહાર સારો. ડૉ. લિપમેન કહે છે કે તૈયાર રાંધેલો આહાર હશે તો તમે ફ્રિજમાંથી કાઢીને ખાઈ લેશો, એ રાંધવામાં વખત જશે. એટલો વખત ખાવાનું ટાળી શકશો એટલે એ તમારી સારા આહારની ટેવમાં ગણાય. બપોરે ધરાઈને જમો તમે સાંભળ્યું હશે કે નાસ્તો ભારે હોવો જોઈએ. પણ ઊઠો ત્યારે એટલી ભૂખ નથી હોતી. ડૉ. લિપમેન કહે છે કે એટલે નાસ્તો હળવો કરવો અને બપોરે ધરાઈને ખાવું. એ વખતે ભૂખ પણ સારી એવી હોય છે. તે પછી રાતે વળી હળવું ખાઓ. તમને ભાવતી કોઈ એકાદ વસ્તુ લઈ લો. સારું ખાધું એનો અપરાધભાવ ન રાખો એમ મનાય છે કે આહાર તો ઈંધણ છે. અથવા આહાર એવો હોવો જોઈએ કે વજન વધારવા કે ઘટાડવામાં મદદ કરે. આ એક ફેશન છે. ઝિએદ કહે છે કે કંઈ ખાઓ ત્યારે એ સારું લાગે છે તેથી ખાઓ છો એમ માનો અને પોતાના જજ ન બનો તો શક્ય છે કે તમે વધારે પડતું નહીં ખાઓ. સાચી વાત છે. જે ખાઓ છો તેના વિશે અપરાધભાવ હશે તો વજન

# નવા નવા વૈચારિક તરંગોનું સર્જન કરતો મોબાઈલ

## મન બિલોરી કાચ

મંજુ પ્રજાપતી

થોડા દિવસો પહેલાં મેં મોબાઈલ ફોનમાં એક સરસ મેસેજ (એસએમએસ) વાંચેલો તેમાં લખ્યું હતું કે જો બે વ્યક્તિ તેમની પાસે રહેલા એક એક રૂપિયાના સિક્કાની આપ લે કરશે તો આખરે તો તેમની પાસે એક એક રૂપિયો જ રહેવાનો પરંતુ જો એ જ બે વ્યક્તિ તેમની પાસે રહેલા એક એક સારા વિચારની આપ લે કરશે તો બંને પાસે સારા વિચારો ભેગા થશે. હે ને..? આજથી દસ પંદર વરસ પહેલાંનો સમય બાદ કરીએ તો આપણને ખ્યાલ આવે છે કે એ વખતે અત્યારના જેવી હાઈફાઈ ટેકનોલોજીનો વ્યાપ નહોતો વિસ્તર્યો. ટીવીની નવી નવી ચેનલોનો પણ શરૂઆતનો યુગ હતો. એ વખતે અખબારો, ફિલ્મો, મેગેઝિનો અને માઉથ ટુ માઉથ પબ્લીસીટીનો જમાનો હતો.

આજનો હાઈફાઈ ટેકનોલોજી ધરાવતા મોબાઈલ ફોનનો સમય ચાલી રહ્યો છે. દેશમાં મોબાઈલ ફોનની સંખ્યા રાજાની કુંવરીની જેમ દીવસે ના વધે એટલી રાત્રે અને રાત્રે ના વધે એટલી દીવસે વધવા લાગી છે. એમાંય ગુજરાતની તો વાત જ કંઈક ઓર છે. ગુજરાતમાં તો પ્રત્યેક ચાર પાંચ વ્યક્તિ દીઠ એક વ્યક્તિ પાસે મોબાઈલ ફોન જોવા મળી રહ્યો છે.

ફોન ઓપરેટરની અલક મલકની સ્કીમને કારણે મોબાઈલ વપરાશકારોને ફોન કોલની સાથે સાથે મેસેજની સુવિધા પણ રાહત દરે પ્રાપ્ત થઈ રહી છે. માર્કેટમાં અવનવા મોબાઈલ હેન્ડસેટ આવી રહ્યા છે. આજે મોબાઈલ વગરના જીવનની કલ્પના ખુબ જ મુશ્કેલ છે. અગાઉ મબલખ નાણાં ખર્ચીને કામ થતા હતા તે અત્યારે દસ પંદર પચ્ચીસ પૈસાના એક એસએમએસ કે ફોન કોલથી જમા થઈ જાય છે.

અત્યારે મોબાઈલ જીવન જરૂરી ચીજવસ્તુ બની ગયેલ છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી જણાતી. મોબાઈલનો વિવિધ પ્રકારના વપરાશ માટે ઉપયોગ થવા લાગ્યો છે. મુળ વાત પર આવીએ તો આપણે વિચારોના આદાન પ્રદાનની વાત કરી રહ્યા હતા. વિચારોની દુનિયામાં નવા નવા વિચારોની ઉત્પત્તિમાં મોબાઈલ ફોન જબરદસ્ત ભૂમિકા ભજવી રહ્યો છે. મોબાઈલને કારણે લોકો માત્ર મનોરંજન માટે નહીં, પરંતુ વૈચારિક રીતે પોતે કેટલા સમૃદ્ધ છે તે દર્શાવવા માટે પણ એસએમએસ લખતા રહે છે. ને મોકલતા રહે છે. કેટલાક લોકો વળી ચડસાચડસીમાં સારા વિચારો ધરાવતા એસએમએસનો વળતો જવાબ આપવા માટે થઈને જમેસેજ મોકલતા હોય છે. કેટલાક લોકોને સારા વિચારોવાળા મેસેજ પોતાના મિત્રવૃંદમાં મોકલવાની ટેવ પડી ગઈ હોય છે. ઘણી વખત એવું જોવા મળે છે કે સારા મેસેજની આપલે કરવામાં બે જણા વચ્ચે રીતસરની દોડ જામે છે. કેટલાકને તો વળી એવો શોખ પણ હોય છે જેમાં પોતે ખુબ જ પ્રબુધ્ધ પ્રવિણ હોય તેવું દર્શાવવા અવનવા ચિત્ર વિચિત્ર મેસેજ મોકલતા રહે છે.

મોટા ભાગે એવું જોવા મળે છે કે ભુતકાળમાં અનેક મહાનુભાવો મહાન વ્યક્તિઓ અને વિચારકોના બોલાયેલો કે લખાયેલા વાકયો મેસેજના સ્વરૂપમાં લોકોમાં ફરતા રહે છે.અરે અનેક કિસ્સાઓમાં તો ખરેખર આપણે દંગ રહી જઈએ તેવી બુદ્ધિ પ્રતિભાના દર્શન કરાવતા એસએમએસની પણ આપલે થતી હોય છે. કેટલાક ચતુર લોકો એવા જબરજસ્ત મેસેજ તૈયાર કરે છે. જેની સામાન્ય વ્યક્તિને કયારેય કલ્પના પણ ના થઈ હોય. વાંચનારની બુદ્ધિ પ્રતિભા વિકસે અને સાથોસાથ રમુજ પણ પ્રસરે તેવા હજારો લાખો મેસેજની રોજેરોજ આવ જા થતી હોય છે.

કહેવાનું તાત્પર્ય એ છેકે અત્યારે આપણા સમાજમાં વિચારોના ક્ષેત્રમાં નવા નવા પરીવર્તન સર્જન વિચારોનો મોબાઈલ ફોનના માધ્યમથી જબરો પ્રચાર પ્રસાર થઈ રહ્યો છે. લોકોના દિમાગ ધીમે ધીમે સુવિચારોથી સમૃદ્ધ રહ્યા છે. સમાજમાં સારા વિચારો જેટલા વધુ પ્રસરે એ આખરે સમાજના હીતમાં જ છે. સમાજનો વૈચારિક વિકાસ સર્વાંગી વિકાસના દ્વાર ખુલી શકે છે હે ને..? **-મંજુ પ્રજાપતિ**

# ફણગાવેલા કઠોળ તબિયત ફૂલફટાક રાખે

## આરોગ્ય સંહીતા

તમારા આહારમાં થોડા ફણગાવેલા કઠોળ, મગ, મઠ, ફણગાવેલો બાજરો કે ફણગાવેલા ઘઉં ઉમેરતા રહો. માત્ર માંસમાંથી જ પ્રોટીન મળે છે તે વાત ભૂલી જાઓ. માંસમાં ફાયબર, રેષાં, છીલકાં હોતા નથી જ્યારે ફણગાવેલા કઠોળ તમને કોલસ્ટેરોલ વગરનું પ્રોટીન આપે છે અને માંસની ગરજ સારે છેતાજું સંશોધન કહે છે કે તમે તમારા આહારનો સ્વાદ માતાનાં પેટમાં હો ત્યારથી જ જન્મ પહેલાં કેળવો છો. સાદા શબ્દોમાં માતા ગર્ભવતી હોય અને ગાજરનો રસ પીતી હોય કે વધુ સલાડ-કચુંબર ખાતી હોય તો એ બાળકને પણ કુદરતી આહારની ટેવ પડે છે. તમને તીખું તમતમતું અને રેંકડીનું કે રૂપાળી વેસ્ટર્ન રેસ્ટોરાંનો જંકફૂડ ખાવાની ઘાતક ટેવ હોય તો બાળક પણ જંકફૂડિયું થાય છે. જો ગર્ભવતી માતા ફણગાવેલા કઠોળ ખાય તો તો બાળક માટે ભયો ભયો. ફણગાવેલા કઠોળ તદ્દન મફતમાં એબીસી વિટામિનો આપે છે. ચાવી ચાવીને ખાવાની ટેવ પાડે છે. આ વાત અમેરિકાના વિખ્યાત ઈન્વેસ્ટિગેટિવ-ફૂડ-જર્નલિસ્ટ એરિક શ્લોસરે તેના પુસ્તક'ચ્યુ ઓન ધિસ'નામના પુસ્તકમાં લખી છે, પણ આ લેખ પૂરતું આપણે તેણે ફણગાવેલા કઠોળનાં વખાણ લખ્યા છે તેને જ વળગીએ. તમારા આહારમાં થોડા ફણગાવેલા કઠોળ, મગ, મઠ, ફણગાવેલો બાજરો કે ફણગાવેલા ઘઉ ઉમેરતા રહો.અમેરિકનોને ફણગાવેલા કઠોળનો લાભ હજી સમજાયો નથી. જર્મનો અને બ્રિટિશરો ફણગાવેલા કઠોળથી જ સવારનો નાસ્તો આજકાલ કરે છે. ડૉ. માર્થા ઓલિવરે લખ્યું છે કે જે છોકરીઓ ફણગાવેલા ચણા કે મગ ખાય છે તેના વાળ કાળા, ઘટ્ટ અને સુંવાળા બને છે. સૌથી મોટો ફાયદો એ છે કે કાચા ફણગાવેલા મગને તમારે ચાવી ચાવીને ખાવા પડે છે..

અનુસંધાન પાના નં.૬ ઉપર

# વિભાજન દુ:ખ તણાવ ઈર્ષાનું જનક છે મન: તેની ભ્રામકતા મિટાવો, પામો આત્માનંદ...!

## માનસ

ડૉ. પ્રવીણ પટેલ

મનુષ્યનું મન આપણે આગળ જોયું તેમ અનેક હું ના જુથોનું બનેલું છે અને આ મન અને તેના અનેક 'હું' જ નકલી હું (ઈગો) તરીકે ઓળખવામાં આવે છે. આ મન અને જુથોનું આધિપત્ય પળે પળે બદલાયા કરે છે. અરે ! કેટલીક વાર તો બે વિરૂદ્ધ પ્રકારના મતો કે ઈચ્છાઓ સાથે બે અલગ અલગ જુથો લાંબા સમયથી હરીફાઈ કે અથડામણમાં હોય છે. માણસના મનમાં એક જ સમયે અનેક પ્રકારના તદ્દન વિરૂદ્ધ પ્રકારના આવેગો સહ અસ્તિત્વ ધરાવતા હોય છે. એક બાબત અંગે અનેક પ્રકારના મતો ધરાવતા અલગ અલગ હું ના જુથો પણ હોય છે. આવા તદ્દન વિરોધાભાસી વચ્ચે મન કઈ રીતે ટકી શકે તે એક મોટો પ્રશ્ન છે ! પરંતુ આ મન કઈ રીતે આ સંજોગોમાં ટકવા પ્રયત્ન કરે છે તેના માટે ગુર્જીએફ સરસ મજાની સમજ આપે છે.

તેઓ બફર શબ્દનો ઉપયોગ કરે છે. બહારના જગતમાં આ બફર એટલે 'સ્થિતિ સ્થાપક' અથવા 'શોક એબ્સોર્સર' આ પ્રકારના બફરો આપણે ટ્રેનના દરેક બે ક્રમિક ડબ્બાઓ વચ્ચે જોઈએ છીએ અને તે બે ડબ્બાઓ વચ્ચે થતી અથડામણો રોકવામાં મદદ કરે છે. આના લીધે ડબ્બાઓમાં બેઠેલી વ્યક્તિઓ શારીરીક ઈજાથી બચે છે. વળી તેઓ ડબ્બાઓની અથડામણ રોકીને તેમને પાટા પરથી ગબડી પડતા પણ રોકે છે.

માણસનાં મનની અંદર પણ આ પ્રકારના બફરો હોય છે. જ્યારે એ વિરૂદ્ધ હું ના જુથો બે તદ્દન વિરૂદ્ધ પ્રકારના મતો સાથે અથડામણમાં હોય ત્યારે મન આ બફરોનો ઉપયોગ આવી અથડામણોને રોકવામાં કરે છે. ઘણીવાર માણસ સાચું બોલવા અંગે સમજ ધરાવતો હોય અને તેમ કરવાની તેની ઈચ્છા પણ હોય પરંતુ બહારની પરિસ્થિતિ કંઈક એવી હોય કે તેને જુઠ બોલવું પડે ત્યારે સાચું બોલવાની તરફેણ કરવાવાળા 'હું' અને મજબુરીમાં ખોટું બોલવા માટે વિવશ થયેલા 'હું' ના બે જુથો વચ્ચે ટકરાવ થાય છે.આવા વિરૂદ્ધ મતો માણસનાં મનમાં એક સાથે અસ્તિત્વમાં આવતા તે માણસ એક પ્રકારનો તણાવ અનુભવવા લાગે છે. આ તણાવથી બચવા મન બફરોનો ઉપયોગ કરે છે અને તેના માટે સમાધાનકારી મત રજુ કરે છે કે, 'સાચું બોલવું જરૂરી છે અને સારૂં છે, પરંતુ અમુક તમુક સંજોગો કે વ્યક્તિઓ કે બહારની બીજી પરિસ્થિતિઓએ તેને જુઠું બોલવા મજબુર કરી નાખ્યો છે.. આમ તે સમગ્ર બનાવનાં કારણ તરીકે બાહ્ય વ્યક્તિઓ કે સંજોગો પર દોષારોપણ કરે છે અને પોતે તેમાંથી આબાદ બચી જવા પ્રયત્ન કરે છે...!

એક જ માણસમાં એક જ સમયે, એક જ બાબતમાં વિરૂદ્ધ પ્રકારના એટલા બધા મતો અસ્તિત્વ ધરાવે છે કે આવો મનુષ્ય ખરેખર આટલી બધી અંધાધુંધી વચ્ચે નિંદ્રામાં (બેહોશીમાં કે અભાનમાં) કદાપિ ન રહી શકે. તેને આવા ઝટકા વારંવાર લાગ્યા કરે છે અને તે ગંભીર આંતરિક ઘર્ષણ કે

અનુસંધાન પાના નં.૬ ઉપર

# હળદર અને મધને મિક્સ કરીને ખાશો તો મોટી મોટી બીમારીઓથી છુટકારો મળશે

## આરોગ્ય

આપણામાંથી એવા ખૂબ જ ઓછા લોકો છે જેમને એ ખબર નથી કે હળદરમાં જો શુદ્ધ મધ મિક્સ કરીને ખાવામાં આવે તો આ કમાલની અસર બતાવી શકે છે. આ મિશ્રણ કઈ કંઈ બીમારીઓથી મુક્તિ અપાવે છે આવો જાણીએ..

ભારતમાં દરેક ઘરમાં હળદર એક જરૂરી મસાલાના રૂપમાં જોવામાં આવે છે. તેને ફક્ત ખાવામાં સ્વાદ અને રંગ માટે જ પ્રયોગ કરવામાં આવતો નથી પણ શરીરની તમામ બીમારીઓને દૂર કરવા માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે.

પણ આપણામાંથી એવા ઘણા ખૂબ ઓછા લોકો છે જેમને એ ખબર નથી કે હળદરમાં જો શુદ્ધ મધ મિક્સ કરીને ખાવામાં આવે તો આ કમાલની અસર બતાવી શકે છે. આ મિશ્રણ કંઈ કંઈ બીમારીઓથી મુક્તિ અપાવે છે.. આવો જાણીએ તેના વિશે..

ગોલ્ડન હની - જાણો ગોલ્ડન હની કેવી રીતે બનાવાય છે.

૧૦૦ ગ્રામ કચ્છી કે શુદ્ધ મધ

૧ નાની ચમચી હળદર

બનાવવાની રીત - શુદ્ધ મધ સાથે ૧ નાની ચમચી હળદર મિક્સ કરીને તેને એક ગ્લાસમાં નાખો.

**કેવી રીતે કરશો પ્રયોગ**

પ્રથમ દિવસ - ઘ ચમચી દરેક એક કલાકમાં લો.

બીજો દિવસ - ઘ ચમચી દરેક બે કલાકમાં લો.

ત્રીજો દિવસ - ઘ ચમચી દર ત્રણ કલાકમાં લો.

આ મિશ્રણને મોઢામાં ત્યા સુધી મુકો જ્યા સુધી આ મોઢામાં સંપૂર્ણ રીતે ઓગળી ન જાય. આ દવાથી શરીરની શરદી ત્રણ દિવસમાં જ ગાયબ થવા માંડે છે. અનેક લોકોને દવા ખાધા વગર માત્ર આ મિશ્રણથી જ ખુદને ઠીક કરી લીધા.

**શ્વાસની બીમારીને કરો દૂર**

આ મિશ્રણને અડધી ચમચી એક અઠવાડિયા સુધી દિવસમાં ૩ વાર લો. તમે ચાહો તો આ મિશ્રણમાં નારિયળનું દૂધ કે પછી ચા ને મિક્સ કરી શકો છો.

અનુસંધાન પાના નં.૬ ઉપર

### એસ્પિરીન

અનુસંધાન ૫ નુ ચાલુ...

તેવા દર્દીઓ ખર્ચ કે આવી દવાની સાથે સંકળાયેલાં બ્લીડિંગના વધતા જોખમને કારણે ન લઈ શક્તા હોય તેમના માટે એક યોગ્ય સારવારનો વિકલ્પ છે. સામાન્ય દર્દીઓની સરખામણીએ દૈનિક ૧૦૦ એમજી એસ્પિરિનની ગોળી લેનારાઓને થ્રોમ્બોએમ્બોલિઝમ, ગાંઠને કારણે લોહીનું પરિભ્રમણ અટકાવવા અને ઉંડી નસમાં થ્રોમ્બોસિસ (ડીવીટી) (લોહીની ગાંઠની રચનાનું જોખમ) એક તૃતીયાંશ જેટલું ઘટી જાય છે. આ ગાંઠ મોટાપાયે પગમાં વધુ બને છે. એમ્પિરિન ફેંફસામાં લોહીની ગાંઠ બનવાનું જોખમ પણ ઘટાડે છે. હાર્ડ એટેક, સ્ટ્રોક કે હ્રદય બંધ પડી જવાથી થતાં મૃત્યુનું જોખમ પણ અટકાવે છે.

### આરોગ્ય સંહીતા

અનુસંધાન ૫ નુ ચાલુ..

મે મહિનાનો ધોમ ધખે છે ત્યારે વાતાવરણમાં ઊલટાનો ભેજ છે એટલે રાત્રે પલાળેલા મગમાંથી સવારે બધું પાણી કાઢી લો. એક સફેદ કપડામાં પોટલી બાંધો તો સાંજે ખૂબ ફણગા ફૂટી જશે.ખાસ તો નીચલા મધ્યમવર્ગની બહેનોને આજકાલ શાક મોંઘું લાગે તેમજ શ્રાવણ-ભાદરવામાં તો લીલોતરી શાક ખૂબ મોંઘું થાય ત્યારે લીલા શાકભાજીની ડબલ ગરજ સારે તેવા ફણગાવેલા કઠોળને સ્વાદિષ્ટ બનાવવા હળવો વઘાર કરીને તેમાં સ્વાદ પ્રમાણે મસાલો નાખીને શાકની જગ્યાએ વાપરી શકો છો. મહુવામાં મોટા ભાગના કપોળ મિત્રોની માતાઓ અમને બપોરે ભૂખ લાગે ત્યારે ફણગાવેલા મગનો નાસ્તો આપતી.. કઠોળનું વિટામિન એ ૬૦૦ ટકા વધી જાય છે. કઠોળમાં જે સ્ટાર્ચ હોય છે તેનું અદ્ભુત પરિવર્તન થઈ તે કુદરતી શર્કરાનું રૂપ ધારણ કરે છે. તેથી જ ફણગાવેલા કઠોળ કુદરતી રીતે ગળચટ્ટા લાગે છે અને ચાવીને ખાઓ તો જલદી પચે છે. આપણા ક્રિકેટરો પરદેશ જાય અને વેસ્ટ ઈન્ડિઝ ગયેલા ત્યાં ફણગાવેલા કઠોળ ભરપૂર મળે છે.

### સાઈકોથેરાપીસ્ટ

અનુસંધાન ૫ નુ ચાલુ..

તમારા ધાર્યા પ્રમાણે નહીં ઘટે. પણ ખાવામાં મઝા લેવાની ટેવ હશે તો શક્ય છે કે વજન પર વધારે સારો કાબૂ રહેશે. મેઘધનુષ્ય ખાઓ! શાકભાજી અને ફળોના અનેક રંગ હોય છે - લાલ, પીળો, લીલો, જાંબૂડી. આવું મેઘધનુષ્ય ખાવાથી રોગપ્રતિકારક ફીટોન્યૂટ્રિઅન્ટ્સ તમને મળશે. ડૉ. લિપમેન કહે છે કે આવું ભોજન લેશો તો આરોગ્યને માટે નુકસાનકારક આહાર પર ધ્યાન ઓછું જશે. ૨૦૧૪માં એક વૈશ્વિક સર્વેક્ષણ કરાયું. એમાં જણાયું કે ૫૮થી ૮૮ ટકા પુખ્ત વ્યક્તિઓ આવું ભોજન નથી લેતી. મેઘધનુષી ભોજનથી તમારા આહારનું પ્રમાણ સુધરશે. બીજા ૨૦૧૨માં કરાયેલા એક અભ્યાસ પ્રમાણે આવું ભોજન લેનારાની કેલરીમાં વધારો ન થયો. તમારા માટે અનુકૂળ નાસ્તો ક્યાં મળશે? શાપિરો કહે છે કે ઑફિસમાં કામ કરાતાં ભૂખ લાગી, તમે કંઈક ખાવાનું મળે તે માટે ઊઠ્યા. બસ, કેલરીની ખરાબ પસંદગી એ જ વખતે થતી હોય છે. જે મળ્યું તે ખાઈ લીધું. આમ બે ભોજનો વચ્ચે કંઈક ખાવાનું વલણ છેલ્લા એક દાયકામાં વધ્યું છે. શાપિરોની સલાહ છે કે ઑફિસમાં કંઈક એવી વસ્તુ રાખો કે જે પૌષ્ટિક પણ હોય અને તમારી ભૂખને પણ સંતોષે.

૮૦/૨૦નો નિયમ લાગુ કરો ૮૦/૨૦ને સમજવાની બે રીત છે. એક તો, ૮૦ ટકા વખત આરોગ્યપ્રદ આહાર લો. ૨૦ ટકા વખત ફાવે તે લો. આહારની બાબતમાં બહુ ચોખલિયા થવાની જરૂર નથી. ભોજનમાં આનંદ પણ મળવો જોઈએ. અથવા રજા હોય ત્યારે બધાં નિયંત્રણો છોડી દો. ટકાવારીનો પણ વિચાર ન કરજો. આ તો માત્ર માર્ગદર્શન છે. બીજો અર્થ ડૉ. લિપમેન કહે છે તેમ જ્યારે તમને લાગે કે તમારું પેટ ૮૦ ટકા ભરાઈ ગયું છે ત્યારે ખાવાનું બંધ કરી દો. કંઈ પણ ખાશો તે પછી "હું તૃપ્ત છું" એવું અનુભવાય તેમાં વીસ મિનિટ લાગતી હોય છે. તે પછી તમારું મગજ ગ્લૂકોઝની લેવાલની નોંધ લે છે. પણ આપણે આટલી રાહ જોવા પણ તૈયાર નથી હોતા અને ઝાપટયે રાખીએ છીએ

### આરોગ્ય

અનુસંધાન ૫ નુ ચાલુ...

**લો બ્લડ પ્રેશરમાં રામબાણ**

જો તમને હીમાફીલિયા કે હાઈ બ ઈપી કે લો બીપી છે તો આ મિશ્રણને તમારે માટે રામબાણ સાબિત થઈ શકે છે. હળદર તમને બ્લડ શુગર લેવલને ઓછુ કરવામાં મદદ કરે છે. ૫ અણ તેને વધુ લેતા પહેલા તમારા ડોક્ટરનો સંપર્ક જરૂર કરો.

**કેટલીક જરૂરી ટિપ્સ -**

જમતા પહેલા - જો હળદર જમતા પહેલા લો તો ગળા અને ફેફડાને ફાયદો થાય છે.

જમતી વખતે - જમતી વખતે હળદરનું સેવન કરવાથી પેટ હંમેશા ઠીક રહે છે.

જમ્યા પછી - કોલોન અને કિડનીઓને ફાયદો થાય છે.

**આટલુ જરૂર જાણો**

જો તમારી કોઈ ટ્રીટમેંટ ચાલી રહી હોય કે પછી કોઈ દવાઓનુ સેવન કરી રહ્યા છો તો તમારા ડોક્ટરની સલાહ જરૂર લો. જો તમે ગોલબ્લૈડરની બીમારીથી ગ્રસ્ત છો તો હળદર ન ખાશો. તેનાથી તમને નુકશાન થઈ શકે છે.


**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ........................જ.તા. ................ઉ.વ.

પરિચયઃ ........................................................

સરનામુ : ........................................................

મોકલનારની સહી : ................................................


## અજમાના ૧૪ ફાયદા - સવારે ખાલી પેટ અજમાનું પાણી પીવો, ડાયાબિટીસથી બચી જશો

અજમાને સામાન્ય રીતે ઘરમાં મસાલાના રૂપમાં વાપરવામાં આવે છે. પણ તેમા રહેલ કેલ્શિયમ, પોટેશિયમ, ફોસ્ફરસ, આયોડીન, કેરોટિન જેવા તત્વ આપણને અનેક હેલ્થ બેનિફિટ્સ આપે છે. જો રેગ્યુલર સવારે અડધી ચમચી અજમાને ઉકાળીને પીશો તો અનેક પ્રકારની હેલ્થ પ્રોબ્લમ્સને ઓછી કરી શકાય છે. આયુર્વેદ એક્સપર્ટના મુજબ તેના ૧૪ ફાયદા છે... જાણો અજમાના ૧૪ ફાયદા વિશે..

- તેને રેગ્યુલર પીવાથી હાર્ટ ડિસીજનો ખતરો ટળે છે.
- તેનાથી દાંતોનો દુ:ખાવો અને મોઢાની દુર્ગંધની સમસ્યા દૂર થાય છે.
- આ પેટ સાથે સંકળાયેલી બીમારીઓ દૂર કરે છે અને કબજીયાતમાં આરામ આપે છે.
- આ કિડની સ્ટોન અને દુ:ખાવાથી રાહત આપે છે.
- સવારે ખાલી પેટ અજમાનું પાણી પીવો, ડાયાબિટીસથી બચી જશો
- આ ખાવાનું જલ્દી પચાવવામાં મદદ કર છે.
- આ શરીરનું મેટાબોલ્જિમ વધારીને વજન ઘટાડવામાં મદદ કરે છે.
- આ દિવસમાં ૨ વાર પીવાથી ડાયેરિયાની પ્રોબ્લેમ દૂર થાય છે.
- આ ઈનડાયજેશનની પ્રોબ્લેમ દૂર કરીને એસીડીટીથી રાહત અપાવે છે.
- આ શરદી અને કફની પ્રોબ્લેમ દૂર કરે છે અસ્થમાનો ખતરો ટાળી શકે છે.
- તેમા એક ચપટી સંચળ નાખીને મિક્સ કરીને પીવાથી ખાંસી દૂર થાય છે.
- એક કપ અજમાનુ પાણી પીવાથી માથાના દુખાવામાં રાહત મળે છે.
- પેટમાં કૃમિ થાય તો અજમાના પાણીમાં એક ચપટી સંચળ નાખીને પીવો. પેટના કીડા ખતમ થઈ જશે.
- આને રોજ સૂતા પહેલા એક કપ પીવાથી ઉંઘ સારી આવશે.

### માનસ..

અનુસંધાન ૫ નુ ચાલુ...

ઉંડા તણાવ તળે આવી જાય છે. આવા સમયે મન આમાંથી આબાદ બચી જવા માટે દરેક વખતે અને વારંવાર બફરોનો ઉપયોગ કરે છે અને સમગ્ર આંતરિક ઘર્ષણમાંથી બચી શકાય તે માટે દોષનો ટોપલો અન્ય વ્યક્તિઓ કે પરિસ્થિતિઓ ઉપર ઢોળી દે છે.

ખરેખર તો આવા બફરો માણસને એવા ભ્રમમાં રાખે છે કે તે સાચો, ડાહ્યો, નિર્દોષ અને પ્રામાણિક છે. પરિણામે આવી અસંખ્ય આંતરિક અથડામણો પણ તેને સાચી વાસ્તવિકતાથી વાકેફ કરી શકતી નથી અને તે સરળતાથી જીવી જાય છે. આવી ઘટનાઓ વારંવાર દિવસમાં અનેકવાર બન્યા કરે છે. અનેક મતો અને માન્યતાથીવિરૂદ્ધ વર્તનો,પોતાના દોષો અને ગંભીર આંતરિક અંધાધુંધી વચ્ચે પણ માણસ આરામથી પોઢી શકે છે અને તેના પેટનું પાણી પણ નથી હાલતું !

આમ માણસનો નકલી હુંઆવા ગંભીર આઘાતોથી આબાદ બચી જાય છે.જ્યાં સુધી આ નકલી 'હું' સુરક્ષિત રહે છે ત્યાં સુધી અંદરનું સત્ય અનાચ્છાદિત થઈ શકતું નથી. પરમતત્વ, પરમ આનંદ હર પળ હંમેશા મોજુદ હોવા છતાં અને નકલી હું' ઓ ઉપર થતા ભારે મોટા આઘાતો છતાં નકલી 'હું' નું તેના ઉપરનું આચ્છાદન જળવાઈ રહે છે. આમ પરમ આનંદમયતાને ઉપલબ્ધ થવામાં, અનાવૃત્ત થવાની શકયતાઓ વધુને વધુ ઘટતી જાય છે.

**ડૉ. પ્રવિણ પટેલ**

## બ્યુટી ટીપ્સ - આ ૧૧ ટીપ્સ અજમાવશો તો બની જશો "Beautiful"

૧. તમારી ત્વચા જાણોઃ કોઈપણ ઉત્પાદન ઉપયોગ કરતા પહેલા તમારી ત્વચાનો પ્રકાર જાણી લો. આવુ કરવાથી તમે યોગ્ય ઉત્પાદન પસંદ કરવા માટે સક્ષમ રહેશો. ત્વચા તેલીય છે, તો આઈલ ફ્રી અને સૂકી છે તો માયશ્ચરાઈજર યુક્ત ઉત્પાદન વાપરો.

૨ સારા ફિગર માટે : એકસ્ટ્રા કેલોરી ઘટાડવા માટે ડિટોક્સ આહાર લેવો. સપ્તાહમાં બે દિવસ નાના-નાના મીલ(ભોજન) લો. દિવસભરમાં ચાર વાર ૨૦ ગ્રામ પ્રોટીન શેક લો. પાંચમુ ભોજન શેકેલુ કે બેક્ડ હોવું જોઈએ . અડધા વાટકી બાફેલા કે શાકભાજી કે સૂકા મેવા ખાવું.

૩.પાણી આપે ભેજઃ. સારા ચયાપચય માટે દરરોજ ૮-૧૦ ગ્લાસ પાણી પીવું.પાણી ત્વચા અને પાચન બંને માટે પાણી સારુ અને ઉપયોગી છે. તે ચરબી ઘટાડે છે. વજન નિયંત્રિત રાખે છે.

૪.રાત્રે ૮ વાગ્યે પહેલાં ભોજન :રાત્રે ૮ વાગ્યા પછી ભોજન કરવુ ટાળો. જેથી ભોજન સરળતાથી પચી શકે. શરીરને પૂરતા પોષક તત્વ મળે . મોડેથી ભોજન કરવાથી પાચન ક્રિયા પ્રભાવિત થાય છે.

૫.સનસ્ક્રીન બને સાથી : ત્વચા ગમે તેવી હોય પણ સનસ્ક્રીન જરૂરી છે. સનસ્ક્રીન વગર ઘરની બહાર નીકળવુ નહી. તે સૂર્યથી થતાં નુકસાન સામે રક્ષણ કરશે. જેથી તમારી ત્વચા સ્વચ્છ, સ્વસ્થ અને બેદાગ દેખાય.

૬. મૃત ત્વચા- ત્વચા પર તાત્કાલિક ચમક માટે એકસફોલિયલ કરો. મૃત અને નિર્જીવ ત્વચા દૂર કરવા ચહેરા અને ગરદન પર સારી રીતે એકસફોશિયલ સ્કેબનો ઉપયોગ કરો. સાધારણ ભીના ચહેરા અને ગરદન પર એને થોડી માત્રામાં નરમાશથી લગાવો. ઠંડા પાણીથી ધોઈ લો અને તફાવત જુઓ.

૭.રીમિક્સ કરે માઈશચરાઈઝર : માઈશચરાઈઝર દ્વારા તમારી ત્વચા નરમ અને મુલાયમ અને નિખરેલી દેખાશે. સારુ રહેશે કે માઈશ્ચરાઈજરના ૨-૩ ટીપાં તમારા બેસ સાથે મિક્સ કરી ચહેરા, ગરદન અને હાથ પર લગાવુ. આ સૂર્યથી પણ ત્વચાને રક્ષણ કરશે.

૮. ફેશિયલ જાતે કરો : ઈંસ્ટેંટ ગ્લો માટે ફેશિયલ જાતે કરો. એક વાટકીમાં પાણી અને લીંબુનો રસના થોડા ટીપાં નાખો. હવે ફેશવાસ લગાવો અને લીંબુના પાણીથી ધોઈ લો. ચહેરા પર ગ્રેપસીડ આયલ લગાવો.તે કુદરતી ગ્લો લાવશે.

૯ બ્લશ ઓન : સારી ઊંઘ લો. આનાથી ચહેરો ચમકદાર રહેશે. ચહેરો ધોવા શિયર ગુલાબી બ્લશ લગાવો. સારી રીતે મિશ્રણ સાથે મસ્કરાનો સ્પર્શ આપો.

૧૦ ત્વચા ધોવા- દીવસભરમાં ૨-૩ વાર ગુલાબ જળના પાણી વડે ચહેરો ધૂઓ.

૧૧ કોલ્ડ ક્રીમ - રાતે સૂતાં પહેલા ચેહરા પર કોલ્ડ ક્રીમ લગાવું .પછી ટીશુથી ક્રીમ સાફ કરવું.પછી ઠંડા પાણીથી ચહેરો ધોઈ લૂછી લો.

૧. કાજળ લગાડતા પહેલા જરૂરી છે કે તમે તમારો ચેહરો ટોનરથી સાફ કરી લો. તેથી ત્વચા પર રહેલ તેલ સાફ થઈ જશે. જેનાથી કાજળને ફેલવાનો ડર ઓછો થઈ જાય છે.

૨. કાજળ લગાડતા પહેલા આંખના નીચે થોડો પાવડર લગાવી લો. તમે ઈચ્છો તો નીચે બ્રશ કે સ્પંજની મદદથી પાવડર પણ લગાવી શકો છો.

૩. હમેશા વાટર પ્રૂફ કાજળ ઉપયોગ કરો. વાટરપ્રૂફ કાજળ ફેલાતુ નથી. અને લાંબા સમય સુધી ટકી પણ રહે છે.

૪. આઈલાઈનર લગાવીને જ કાજળ લગાવવાથી પણ આ ઓછું ફેલાય છે.

### ચોટીલા મંદીર...

પાના નં.૧ ચાલુ

બંને ભાઈ આઈએમઓ એપ્લિકેશન દ્વારા વાતચીત કરતા હતા અને સંપર્કમાં રહેતા હતા. આ બંને ત્રાસવાદીઓની ઓળખ વાસિમ અને નઈમ રમોડિયા તરીકે કરવામાં આવી છે. બુરખા પહેરીને વિડિયો ચેટિંગ પણ કરતા હતા. સિરિયા અને ઈરાકમાં બંને ભાઈ સીધા સંપર્કમાં હતા. બંનેની ધરપ-કડ કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું છે કે, બંને સગા ભાઈ છે. તેમની પાસેથી બોંબ બનાવવાની સામગ્રી કબજે કરાઈ છે જેને લઈને તપાસ ચાલી રહી છે. તેમની પાસેથી જે સામગ્રી ઝડપાઈ છે તેમાં ૯૦ ગ્રામ ગન પાઉડર, નવ વોલ્ટની બેટરીનો સમાવેશ થાય છે. તેમની સાથે કોણ કોણ સંકળાયેલા છે તેમાં તપાસ ચાલી રહી છે. બંને એક બે દિવસમાં જ બોંબ બ્લાસ્ટ કરવાનો ખતરનાક ઈરાદો ધરાવતા હતા. ભાવનગરમાં સ્થિત ફિરદોશ ફ્લેટમાંથી નઈમ આરીફ રમોડિયા નામના શખ્સને પકડી પડાયો છે. ગુજરાત એટીએસે વહેલી સવારે ઓપરેશન પાર પાડ્યું હતું. ભાવનગર પોલીસને પણ આ અંગે જાણ કરવામાં આવી ન હતી. તેની પાસેથી લેપટોપ, બે મોબાઈલ કબજે કરાયા છે. બીજી બાજુ અન્ય એકને રાજકોટમાંથી પકડી પડાયો છે. બંને છેલ્લા એક વર્ષથી સોશિયલ મિડિયા ઉપર સક્રિય થયેલા હતા. એટીએસના ડીએસપી કેકે પટેલે માહિતી આપતા કહ્યું છે કે, બાતમીના આધારે ગુજરાત એટીએસને આ મોટી સફળતા મળી છે. ચોટિલા જેવા ધાર્મિક સ્થળો ઉપર હુમલા કરવાની તેમની ઘાતક યોજના હતા. બાતમી મળ્યા બાદ એટીએસ દ્વારા ગઈકાલે મોડી રાત્રે જ બે ટીમો બનાવી દેવામાં આવી હતી. આ લોકો બોંબ બનાવવા માટેની સામગ્રી સાથે તૈયાર હતા અને આગામી બે દિવસમાં હુમલાની યોજના બનાવી રહ્યા હતા. તેમની ધરપકડની સાથે જ મોટા આત-કવાદી હુમલાની ઘાત ટળી ગ ઈ છે. પટેલે કહ્યું હતું કે, પોલીસે કોમ્પ્યુટરો જપ્ત કર્યા છે જેમાં વાંધાજનક અને પ્રતિબંધાત્મક સામગ્રી મળી આવી છે. ટ્વિટર અને અન્ય સોશિયલ મિડિયા નેટવર્ક મારફતે દેશની બહાર આઈએસના આકાઓ સાથે તેઓ સીધા સંપર્કમાં હતા. એટીએસ એસપી હિમાંશુ શુક્લાએ કહ્યું છે કે, આ વાસ્તવિકતા છે કે ચોટિલા મંદિર તેમના ટાર્ગેટમાં સૌથી ઉપર હતું પરંતુ હાલના તબક્કે વિગત આપી શકાય તેમ નથી. આ મહિનાની શરૂઆતમાં એનઆઈએ દ્વારા કેરળના એક નિવાસીની ધરપકડ કરાઈ હતી જે આઈએસ મોડલ સાથે જોડાયેલો હતો. ગયા વર્ષે એટીએસ રાજસ્થાને સિકર જિલ્લામાં આઈએસના એક કુખ્યાત શખ્સની ધરપકડ કરી હતી જે દુબઈમાંથી આતંકવાદી સંગઠન માટે ફંડ એકત્રિત કરવાની ગતિવિધિમાં સામેલ હતો. આ સફળતાને ખુબ મોટી સફળતા તરી-કે ગણવામાં આવે છે. એવું પણ જાણવા મળ્યું છે કે, જે આકા સાથે આ બંને સંપર્કમાં હતા તેમના પ્રોફાઈલ નામ બિટકેટ હોવાનું જાણવા મળ્યું છે. ૧૫ દિવસ પહેલા જ ધાર્મિક સ્થળ ઉપર હુમલાની યોજના બનાવવામાં આવી હતી. સુરક્ષાના કારણોસર હુમલાની યોજના સફળ થઈ ન હતી. ગુજરાતમાં પ્રથમ વખત આઈએસના લોકોની ધરપકડ કરવામાં આવી છે.

### વિધાનસભામાં ગાળાગાળી...

પાના નં.૮ ચાલુ

લક્ષ્મીબેનની જીભ લપ્સી હતી અને તેઓએ મુર્ખ મોદી બેઠો છે તેવુ નિવેદન આપ્યુ હતુ. જયારે ખુશવિરસિંહે જણાવ્યુ હતુ કે, મોદી સાહેબના સાશનમાં જેટલા સૈનિકો સહિદ થયા છે તેટલા કોંગ્રેસમાં નથી થયા.

સંમેલનમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીરભાઈ ચૌહાણ, પ્રદેશ યુવા પ્રમુખ ગુલાબસિંહ રાજપૂત, પૂર્વ પાલિકા પ્રમુખ બળવંતસિંહ રાવ, મહેદાભાઈ પટેલ, જેસુંગભાઈ ચૌધરી, જેસુંગજી ઠાકોર, રાયમલસિંહ સોલંકી, રાયમલભાઈ ચૌધરી, વિનુભા, હરકતભાઈ રબારી, મફાભાઈ રબારી સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

### ડીસા માર્કેટયાર્ડમાં ...

પાના નં.૮ ચાલુ

રૂા.૩૧૦૫ સુધી નોંધાયો હતો. આ અંગે ડીસા માર્કેટયાર્ડના ઈન્ચાર્જ સેક્રેટરી એ.એન.જોષીએ જણાવ્યું હતું કે, ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈના પ્રયાસોથી અને વેપારીઓના સાથ અને સહકારથી ડીસા ખાતે જીરાની હરાજીનો પ્રારંભ થયો છે. જેથી રાજસ્થાન અને બનાસકાંઠાના ખેડૂતોને ઘેર બેઠા પોષણક્ષમ ભાવ મળશે.

### દીઓદર ખાતે ...

પાના નં.૮ ચાલુ

પ્રદેશ તેમજ જીલ્લાભરમાંથી પધારેલા આગેવાનોએ ભાર મુકેલ.અને ભાજપની સરકાર ઉપર પ્રહારો કરી અને ૨૦૧૭માં આવનારી વિધાનસભાની ચુંટણીમાં ભાજપની સરકારને હાલાકી ભોગવી રહેલ જનતા તેનો જવાબ આપશે.આ પ્રસંગે વિવિધ મહાનુભાવો દ્વારા પ્રાસાંગીક પ્રવચનો કરવામાં આવેલ અને લોકોને પડતી હાલાકીઓ વિશેની રજુઆતો સાંભળેલ.

આ પ્રસંગે એ.આઈ.સી.સી.પ્રભારી સુખવેન્દ્રસિંહજી જુજાવર, બનાસકાંઠા જીલ્લા કોંગ્રેસ પ્રમુખ જાકીરભાઈ ચૌહાણ, ધાનેરા ધારાસભ્યશ્રી જોઈતાભાઈ પટેલ, કોંગ્રેસ પ્રદેશ મંત્રી લક્ષ્મીબેન કરેણ, રાયમલજી સોલંકી, ડી.ડી.રાજપુત, સમરતખાન બિહારી, ઘેવરભાઈ સોની, બનાસકાંઠાના પ્રભારી પ્રકાશભાઈ ભરતીયા,પ્રદેશ ડેલીગેટ પ્રવિણસિંહજી વાઘેલા, ગુજરાત કોંગ્રેસ પંચાયત સેલના ચેરમેનશ્રી ભરતસિંહજી એમ.વાઘેલા, બ.કાં.જીલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ બી.કે.જોષી, માર્કેટ સમિતિના ચેરમેન શીવાભાઈ ભુરીયા, દીઓદર તાલુકા સંઘના પૂર્વ ચેરમેન માલજીભાઈ દેસાઈ, થરાદ કોંગ્રેસ પ્રમુખ આંબાભાઈ સોલંકી, લાખણી કોંગ્રેસ પ્રમુખ ધુડાભાઈ પટેલ,દીઓદર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ભારતીબેન ચૌધરી, જગમાલભાઈ ચૌધરી, દીઓદર તાલુકા યુથ કોંગ્રેસ પ્રમુખ ડાયાભાઈ પટેલ, કુરશીભાઈ દેસાઈ, કાળાભાઈ પટેલ, વાઘાભાઈ જોષી, બાબરાભાઈ ગુડેલ, રમેશભાઈ કે.દેસાઈ, કનુભાઈ પઢીયાર, ભલજીભાઈ રાજપૂત, ભાવનાબેન ઠાકોર, રાજાભાઈ પટેલ, ભુપતભાઈ સોની, રાજુભાઈ દેસાઈ, જીતુ ચોરાસીયા, રાહુલ રાઠોડ સહીત કોંગ્રેસના કાર્યકરો અને લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

### હોમીયોપેથીક

અનુસંધાન ૫ નુ ચાલુ...

તેઓ જ્યારે અમારી પાસે આવ્યા ત્યારે જે પગમાં ખરજવું હતું તે સખત પાકી ગયેલ હતુંઅને તેમાંથી રસી તેમજ પાણી નીકળતું હતું. તેમના મિત્રો, સંબંધીઓએ બીજા ઉપચારો કરવા ખુબ જ આગ્રહ કરેલ પણ છેલ્લા પંદર વર્ષથી તેમના પરીવારને જ્યારે પણ કોઈ તકલીફ થાય તે અમારી હોમિયોપેથીક સારવારથીજ આરામ થતો હતો. એટલે તેમને અમારામાં વર્ષોથી શ્રદ્ધા હોઈ તેઓ અમારી પાસે સારવાર માટે આવેલા. અમે જણાવેલ કે શરૂઆતના સાત દિવસ પાણી તેમજ પરૂ વધારે નીકળશે અને તે જ પ્રમાણે થયું.સાત દિવસ ખુબ જ રસી તેમજ પાણી નીકળવા લાગ્યું. વર્ષો પહેલાં જ્યારે તેઓને ચહેરા ઉપર ચામડીની રોગ થયેલો તે અમારી સારવારથી મટી ગયેલ. આ સિવાય ગત વર્ષે શરદી ખાંસી રહેતી હતી તે પણ હોમિયોપેથીક સારવારથી સંપૂર્ણ મટી ગયેલ. સાત દિવસ બાદ રસી તેમજ પાણી નીકળતું બંધ થયું અને પગમાં રૂઝ આવવા લાગી. એક મહીનાની સારવાર દરમ્યાન નેવું ટકા રાહત થયેલ છે અને નવી ચામડી આવવા લાગી છે. રસી બંધ થયેલ છે.

રાજકોટના ડૉ. આલાપ ધોળકિયા જુના હઠીલા રોગો માટે દર શનિવારે સવારે ૧૦ થી ૧ વ્રજ કોમ્પલેક્ષ પહેલે માળે, ત્રણ હનુમાન મંદિરના બાજુમાં, હાઈવે ડીસા મુકામે મળે છે. દર રવિવારે અમદાવાદમાં અક્ષત કોમ્પલેક્ષ ગુરુકુળ મેમનગર ખાતે મળશે.

**ડૉ. જગદીશ ધોળકિયા**
**ડૉ.આલાપ ધોળકિયા ડીસા**

### સિવિલ સર્વિસ...

પાના નં.૩ ચાલુ

જેમાં ૨૭ જગ્યાઓ શારીરિક રીતે વિકલાંગ કેટેગરી માટે અનામત રાખવામાં આવી છે. આ વર્ષના ટેસ્ટ માટે ખાલી જગ્યાઓ સરકાર દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં આપવામાં આવેલી જાહેરાતમાં સૌથી ઓછો આંકડો છે. ખાલી જગ્યાઓના અંતિમ આંકડા કેડર કન્ટ્રોલિંગ ઓથોરિટી પાસેથી ખાલી જગ્યાઓની સંખ્યા અંગે માહિતી મળ્યા બાદ જાણી શકાશે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત જાતિ, શારીરિક રીતે વિકલાંગ કેટેગરી સાથે જોડાયેલા ઉમેદવારો માટે રિઝર્વેશન રાખવામાં આવે છે. સરકાર દ્વારા આ જગ્યાઓ નક્કી કરવામાં આવી છે.

### કટ્ટરપંથી સામે...

પાના નં.૩ ચાલુ

કારણ કે આ તત્વો હિસા ફેલાવવામાં સામેલ રહ્યા છે. આ ઉપરાંત આવા કટ્ટરપંથી શાંતિની પ્રક્રિયાને નુકસાન પહોંચાડવાના પ્રયાસ કરી શકે છે. અલગતાવાદીઓ પ્રત્યે કઠોર વલણ રાજકીય સંદેશ તરીકે છે. આવા તત્વોનો સામનો કરવા માટે સરકાર કટિબદ્ધ દેખાઈ રહી છે. બીજી બાજુ એમ પણ માનવામાં આવે છે કે, જમ્મુ કાશ્મીરમાં મૌલવીઓ સાથે વાતચીત કરવાની નીતિ પણ તૈયાર થઈ ગઈ છે. અશાંતિ ફેલાવનાર તત્વોની સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. આર્મી ચીફ બિપિન રાવત દ્વારા આ અંગેના સંકેતો આપી દેવામાં આવ્યા છે. રાવતે હાલમાં જ કહ્યું હતુ કે, જે સ્થાનિક લોકો આતંકવાદ વિરોધી ગતિવિધિઓને રોકવા માટે પથ્થરો ફેંકવાના પ્રયાસ કરશે તેમને આતંકવાદીઓના સાથી તરીકે ગણવામાં આવશે. આર્મી ચીફના આ સંકેત પાકિસ્તાન અને ખીણ માટે ખુલ્લી ચેતવણી તરીકે છે. બીજી બાજુ મદરેસામાં અભ્યાસ કરતા બાળકોને રાષ્ટ્રવાદી વિચારથી પરિચિત કરવામાં આવશે. એકતા અને અખંડતાના સંદેશા બાળકોની વચ્ચે ફેલાવવા માટેના પ્રયાસ મોટા સ્તરે કરવામાં આવનાર છે. કટ્ટર મૌલવીઓની સાથે કાશ્મીરી કટ્ટરપંથી મૌલવીઓની એક લિસ્ટ તૈયાર થઈ છે.

## મુસ્લિમોને સપાના ગુલામ બનાવી રાખવાના પ્રયાસ નિષ્ફળ રહ્યા

લખનૌ

બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ આજે આક્રમક પ્રચારનો દોર જારી રાખ્યો હતો અને દાવો કર્યો હતો કે, ૩૦૦થી વધુ બેઠક તેમની પાર્ટી એકલા હાથે જીતી જશે. માયાવતીએ ઉત્તરપ્રદેશના પ્રધાન આઝમ ખાન ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, મુસ્લિમોને સમાજવાદી પાર્ટીના ગુલામ બનાવીને રાખવાની આઝમ ખાનની યોજના નિષ્ફળ થઈ ચુકી છે. માયાવતીએ કહ્યું હતું કે, આઝમ ખાન પોતાના નૈતિકતાને ગુમાવીને હવે સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ યાદવ અને અખિલેશ યાદવની ગુલામી કરી રહ્યા છે. મુસ્લિમોને સમાજવાદી પાર્ટીના ગુલામ બનાવીને રાખવાની તેમની યોજના હવે નિષ્ફળ થઈ ચુકી છે. હવે મુસ્લિમ સમાજના લોકો પણ તેમના માટે સારી અને ખરાબ બાબત કઈ છે તે બાબતને સમજી રહ્યા છે. ઉત્તરપ્રદેશમાં માત્ર બહુજન સમાજ પાર્ટી જ મજબૂત નેતૃત્વ આપી શકે છે. ભાજપ, સંઘ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સાંપ્રદાયિક એજન્ડાને લોકો નિષ્ફળ બનાવી દેવા માટે તૈયાર છે. આજકારણસર આ વખતે સમાજવાદી પાર્ટી અને ભાજપને બોધપાઠ ભણાવવા માટે લોકો સંપૂર્ણપણે તૈયાર છે. બીજી બાજુ ભાજપની સરકાર બનશે તો રાજ્યમાં અનામતને ખતમ કરી દેવાની નીતિ અપનાવવામાં આવશે. અત્યાચાર લોકો ઉપર વધશે. માયાવતીએ હાલમાં દલિતો ઉપર થયેલા અત્યાચારનો ઉલ્લેખ કર્યો હતો. માયાવતીએ એમ પણ કહ્યું હતું કે, આ વખતે મોટી સંખ્યામાં મુસ્લિમ સમુદાયના લોકો સાવધાનીપૂર્વક આગળ આવી રહ્યા છે. સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાનને પોતાના ભવિષ્ય કરતા પોતાના સમુદાય અને રાજ્યની ચિંતા કરવી જોઈએ. જ્યાં સુધી બહુજન સમાજ પાર્ટીની વાત છે. આ પાર્ટીએ ક્યારે પણ કોઈ સમાજના લોકોને અપમાનિત કરવાના પ્રયાસ કર્યા નથી. તેમની પાર્ટી સર્વસમાજના હિત અને કલ્યાણ માટે સમગ્ર ઈમાનદારી સાથે કામ કરી રહી છે. આજકારણસર મુસ્લિમ સમુદાયના લોકોને બસપ નેતૃત્વ ઉપર વધારે વિશ્વાસ છે. માયાવતીએ ઉપસ્થિત લોકોને સંબોધતા કહ્યું હતું કે, જો તેમની સરકાર સત્તામાં આવશે તો વંચિત લોકોને રોકડમાં સહાયતા કરશે. સાથે સાથે નોકરીમાં ઈન્ટરવ્યૂની પ્રક્રિયાને વધુ સરળ બનાવી દેવામાં આવશે. ગુંડાગીરીને દિવસોના ગાળામાં જ ખતમ કરી દેવામાં આવશે. ગુંડા તત્વો જેલ ભેગા કરશે જેથી મહિલાઓ અને યુવતીઓ કોઈપણ સમયે સ્વતંત્રરીતે સાંજે પણ બહાર નિકળી શકશે.

## કિલોમીટર દર્શાવતા સ્ટોન દેખાતા નથી : તંત્ર નિષ્ક્રિય

અમદાવાદ

૨૬ ફેબ્રૂઆરી-૧૪૧૧ના રોજ જેની સ્થાપના અહેમદશાહ બાદશાહ દ્વારા કરવામાં આવી હતી.તેવા અમદાવાદ શહેરે રવીવારે ૬૦૭મા વર્ષમાં પ્રવેશ કર્યો છે.પરંતુ સૌથી આઘાતજનક બાબત તો એ છે કે,આજે ૪૬૬ કિલોમીટરનો વિસ્તાર ધરાવતા અમદાવાદ શહેરમાં કયાંય પણ કિલોમીટર દર્શાવતા કિલોમીટર સ્ટોન તંત્ર દ્વારા નાંખવામાં આવ્યા નથી.આ સાથે જ શહેરમાં ઝીરો સ્ટોન કયાં આવેલો છે.તે અંગે પણ તંત્ર હજુ સુધી અજાણ છે.આ અંગે મળતી માહીતી અનુસાર, અહેમદશાહ બાદશાહે જે સમયે આ શહેરની સ્થાપના કરી હતી.તે સમયે આ શહેર માત્ર ૧૨ દરવાજાઓની અંદર સીમીત હતું.૧૪૧૧ના વર્ષમાં આ શહેરની સ્થાપના કરવામાં આવી.તે સમયથી અનેક તડકી-છાંયડી આ શહેર અને તેના રહીશોએ જોઈ છે.દેશમાં જે સમયે અંગ્રેજ શાસકો હતા.તે સમયે અંગ્રેજો દેશના જે શહેરોમાં જતા એ શહેરની શરૂઆત કયા વિસ્તાર અથવા તો કઈ જગ્યાએથી થાયય છે.તે જાણી શકાય એ હેતુથી એક ઝીરો સ્ટોન મુકાવતા હતા.જેથી ત્યાં રહેતા કે બહારથી આવતા તમામને ખ્યાલ આવી શકે કે શહેરની શરૂઆત આ સ્થળેથી થાય છે.દેશની મધ્યમાં આવેલા નાગપુર શહેરમાં અંગ્રેજો દ્વારા તેમના શાસસનકાળ સમયે ત્રણ અશ્વના ચિન્હવાળો એક ઝીરો સ્ટોન મુકાવ્યો હતો.જે આજે પણ હયાત છે.જયારે ૬૦૭માં વર્ષમાં પ્રવેશેલા અમદાવાદ શહેરમાં રસ્તાઓ બનાવવાનું કામ કરી રહેલા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના ૪૬૬ કિલોમીટરના વિસ્તારમાં એક પણ સ્થળે કિલોમીટર દર્શાવતા સ્ટોન મુકવાની ફરજ હોવા છતાં મુક્યા નથી..અમદાવાદ શહેરમાં ઝીરો સ્ટોન કયાં આવેલો છે.તે અંગે પણ અનેક મતમતાંતર છે.મોટાભાગના લોકોનું કહેવું છે કકે,શહેરના મિરજાપુર વિસ્તારમાં આવેલી જનરલ પોસ્ટ ઓફિસ એટલે કે જીપીઓ એ ઝીરો સ્ટોન છે.તો વળી કેટલાકનો અભિપ્રાય શહેરની મધ્યમાં આવેલા લાલદરવાજા. શહેરનો ઝીરો સ્ટોન હોઈ શકે.આ પરિસ્થિતિમાં મ્યુનિસિપલ કોર્પોરેશન મધ્ય ઝોનના ડેપ્યુટી એસ્ટેટ ઓફિસર રમેશ દેસાઈની મળેલી પ્રતિક્રીયા મુજબ,શહેરમાં એક પણ સ્થળે ઝીરો સ્ટોન કે કિલોમીટર દર્શાવતા સ્ટોન રાખવામાં આવ્યા નથી.

## આપણા ભૂતકાળને શોધવો હશેતો ગ્રંથો ફંફોસવા પડશે : બળવંતસિંહ રાજપૂત

### ખારેડા ગામે ફુલકમલ ફાઉન્ડેશન સંચાલિત પુસ્તકાલયનો શુભારંભ



(પ્રતિનિધિ) ખારેડા

સરસ્વતી તાલુકાના ખારેડા ગામે ફુલકમલ ફાઉન્ડેશન સંચાલિત સાર્વજનિક પુસ્તકાલયનું ઉદ્‌ઘાટન સિધ્ધપુર ધારાસભ્ય બળવંતસિંહજી રાજપૂતના વરદ હસ્તે દબદબાભેર કરાતું હતો. સંસ્થાને બિરદાવતા ધારાસભ્ય બળવંતસિંહજી રાજપૂતે જણાવ્યું હતું કે આપણા ભૂતકાળને શોધવો હશેતો ગ્રંથો ફંફોસવા પડશે. તેમણે ક્ષત્રિય સમાજના ઈતિહાસનું જતન કરવા પણ ટકોર પણ કરી હતી. તેમણે સંસ્થાના કાંતિકારી વિચારને બિરદાવી જયારે પણ જરૂર પડે ત્યારે યાદ કરવા જણાવ્યું હતું. પુસ્તકાલયનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે પુસ્તકાલય અને મંદિર હોય તો અવશ્ય સારા સંસ્કારોનું સિંચન થાય છે. આ ઉપરાંત તેમના રસ્તે ખારેડા થા શંકરપૂરા (વહાણા)ને જોડતા ૨૫૦ કિમીના ડામર રોડ અને મહાકાળી મંદિર થી ૧,૧૨૦ મીટરના આર.સી.સી.રોડનું પણ ખાત મુર્હત કયું હતું.

આ પ્રસંગે જીલ્લા પંચાયતના પ્રમુખ પશીબેન સોરાપજી ઠાકોર, ઉપપ્રમુખ રફીકભાઈ મોમીન, જીલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન વિનુભાઈ પ્રજાપતિ, સરસ્વતી તાલુકા પંચાયતના પ્રમુખ વદનજી ઠાકોર, તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સારજીજી ઠાકોર, ડબીગેટ સોવનજી ઠાકોર, મહીપતસિંહ રાજપૂત, વદેસિંહ ઠાકોર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનો દ્વારા મહાનુંભાવોનું ઉશ્માભેર સ્વાગત કરાયું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે ફુલકમલ ફાઉન્ડેશનના કાર્યકરો, ગ્રામપંચાયતના સચંય સદસ્યો, યુવાનો અને ગ્રામજનો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન શિક્ષક ચેતન દેસાઈ અને ગણેશરામ મહારાજે કર્યું હતું.

## પાટણ જિલ્લાના કિસાન મોરચા મંડલના પ્રમુખ-મહામંત્રી તરીકે નિમણુંક

પાટણ

પ્રદેશ મહામંત્રી શ્રી કે.સી.પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઈ પટેલની અનુમતીથી, જિલ્લા ભાજપ મહામંત્રી દશરથજી ઠાકોર, પ્રવિણભાઈ ઠક્કર તથા ભાવેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ, જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ મગનભાઈ હીરાભાઈ પટેલ દ્વારા ગત રોજ કિસાન મોરચાના પ્રમુખ તથા મહામંત્રીઓની નિયુક્તિ કરવામાં આવે છે. જેમાં સરસ્વતી તાલુકા પ્રમુખ પટેલ કાન્તિભાઈ શંકરભાઈ (કાતરા), મહામંત્રી ચૌધરી બિજલભાઈ દેવચંદભાઈ (વધાસર), હારિજ તાલુકા પ્રમુખ વાઘેલ કિર્તીસિંહ ફતેસંગ (વાઘેલ) મહામંત્રી પ્રજાપતિ અમરતભાઈ પરમાભાઈ (રૂગનાથપુરા) પાટણ તાલુકા પ્રમુખ પટેલ વિમલભાઈ ખેમચંદદાસ (સંડેર) મહામંત્રી ઠાકોર વાલાજી ગેમરજી (ખાનપુર કોડી), શંખેશ્વર તાલુકા પ્રમુખ જાદવ રાજુભાઈ જગમાલભાઈ (કુવારદ), મહામંત્રી ઠાકોર ભરતજી કેશાજી (સિપુર)

## પાટણમાં યોજાયેલી વકતૃત્વ સ્પર્ધામાં ડીસાના બે વિદ્યાર્થીઓને શિલ્ડ અર્પણ

પાટણ

શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કોલેજ, પાટણ દ્વારા તા. ૨૧/૦૨/૨૦૧૭ ના રોજ રોટરેક્ટ ક્લબ વિજયપદ્મ આંતરકોલેજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતમાં નોટબંધી સફળ કે નિષ્ફળ વિષય પર યોજાયેલ. આ વકતૃત્વ સ્પર્ધામાં ઉત્તર ગુજરાતની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. જેમાં ડીસાની ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સોની સિમરન તથા બારોટ નરસિંહે પ્રથમ ક્રમે વિજેતા થઈ શિલ્ડ પ્રાપ્ત કરીને કોલેજનું ગૌરવ અપાવ્યું છે.

આ બંને વિદ્યાર્થીઓને પ્રો.ભાવનાબેન બોસમિયા તેમજ પ્રો. તૃપ્તિ પટેલે માર્ગદર્શન આપ્યું હતું. આ બંને વિદ્યાર્થીઓની સિદ્ધિને કોલેજ પરિવાર બિરદાવે છે.

## વાંસા ગામે ખોટા દસ્તાવેજ બનાવી જમીન હડપ કરતાં ફરિયાદ

પાટણ

હારીજના વાંસા ગામે એક વૃધ્ધની જમીન ખોટા દસ્તાવેજો બનાવી પડાવી લઈ વિશ્વાસઘાત સાથે છેતરપીંડી થતાં વૃધ્ધે હારીજ પોલીસમાં ૮ ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. પોલીસ ફરિયાદ અનુસાર ગોરધનભાઈ અંબાલાલ પટેલ (રહે. વાંસા) હાલ રહે. જશોદાનગર ચાર રસ્તા- મણીનગર અમદાવાદવાળાની વાંસા ગામે આવેલી જમીનનું ફરિયાદીની જાણ બહાર બાનાખત તેમજ સોગંદનામા ખોટા કરી ખોટા સ્ટેમ્પ બનાવી, રેકર્ડ ખોટું બનાવી જમીન પચાવી પાડનાર વિરૂધ્ધ વૃધ્ધે હારીજ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ ચલાવેલ છે.

## પાટણમાં વર્લી મટકાના અડ્ડા પર રેડ : ત્રણ ઝડપાયા

પાટણ

પાટણની સ્થાનિક પોલીસે શહેરમાં રેલ્વે સ્ટેશન પર આવેલી બી.કે. ભૂણ હાઈસ્કૂલની પાછળ આવેલ આબુવાલાના ડેલા વિસ્તારમાં ધમધમતા વર્લી મટકાના અડ્ડા પર રેડ પાડી હતી. પોલીસે રેડ દરમ્યાન અભેસિંહ અમરાજી, જીવાજી કસુજી, તથા કરશનજી ખોડાજી ઠાકોરને ઝડપી પાડી તેમની પાસેથી રૂા. ૧૧,૫૭૦ ની મત્તા જપ્ત કરી હતી. અત્રે નોંધવું ઘટે કે આ બુવાલાના ડેરામાં આ અગાઉ પણ પોલીસે રેડ કરી હતી અને ચાર જણાની ધરપકડ કરી હતી.

## કડીની NRI મહિલાનું મોત, કારમાંથી ઉતરવા જતાં ડમ્પરે મારી ટક્કર

કડી

કડીના કરણનગર નજીક અકસ્માતમાં વામજની એનઆરઆઇ મહિલાનું મોત થયું હતું. કડી તાલુકાના વામજ ગામના વતની પટેલ સુરેશભાઇ મફતલાલ પરિવાર સાથે અમેરિકામાં રહે છે. ૨ મહિનાથી તેઓ પત્ની અંજનાબેન સાથે વતન આવેલા છે. હાલમાં અમદાવાદ રહેતા સુરેશભાઇ અને તેમનાં પત્ની રવિવારે રાત્રે સ્વીફ્ટ કાર (જીજે ૧ આરડી ૨૧૩૨) લઇને કડી આવતા હતા.

નર્મદા કેનાલ વાય જંકશનથી કરણનગર તરફ જવાના માર્ગે કારના ટાયરમાં હવા ઓછી થઇ હોવાનું લાગતાં સુરેશભાઇ ચેક કરવા નીચે ઉતર્યા હતા. તેમનાં પત્ની અંજનાબેન પણ ગાડીનો દરવાજો ખોલી નીચે ઉતરવા જતાં કેનાલ તરફથી આવતા ડમ્પરના ચાલકે ટક્કર મારતાં અંજનાબેનને ગંભીર ઇજા થતાં બનાવ સ્થળે જ મોત થયું હતું. કડી પોલીસે ડમ્પર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધી છે.

## સિવિલના ત્રીજા માળેથી કૂદી દર્દીનો આપઘાત, પત્નીએ કર્યો બચાવવાનો પ્રયાસ

મહેસાણા

મહેસાણા સિવિલના ટીબી વોર્ડમા છેલ્લા ૩ દિવસથી સારવાર લઇ રહેલા ટીબીના દર્દીએ યુવાને બુધવારે સાંજે ત્રીજા માળની બારી માંથી પડતુ મુકતા બીજા માળની છત પર પટકાયો હતો. ગંભીર હાલતમા ટ્રોમા સેન્ટરમા સારવાર દરમિયાન યુવાનનું મોત નિપજ્યું હતું.

મૂળ નાનીદાઉનો અને હાલમા મહેસાણામા રહી માલગોડાઉનમા મજુરીકામ કરતા વિષ્ણુ રામાજી ઠાકોરને ખાંસી અને શ્વાસની ફરિયાદ ઉઠતા મહેસાણા સિવિલમા ખસેડ્યો હતો.જયા તેને ટીબી હોવાનું નિદાન થતા અત્રેના ત્રીજા માળે ટીબી વોર્ડમાં દાખલ કરાયો હતો.બિમારીથી કંટાળેલા યુવાને બુધવારે સાંજે આપઘાતના નિર્ણય સાથે વોર્ડમા સાડા ત્રણ ફુટ ઉંચી દિવાલ પરની બારીમાંથી બહારની તરફ પડતુ મુક્યુ હતું.

જેમા તે બીજા માળની છત પર પટકાયો હતો.પતિને બારીમાંથી પડતો જોઇ તેની પત્નીએ બુમાબુમ સાથે પડતુ મુકવા પ્રયાસ કર્યો હતો.ગંભીર હાલતમા યુવાનને છત પરથી નીચે ઉતારી ટ્રોમા સેન્ટરમા સારવાર માટે લઇ જવાયો હતો.જયા તેનું મોત નિપજ્યું હતું.

ઈજાગ્રસ્ત પત્નીને સારવાર માટે પાલનપુરથી મહેસાણા આવ્યો છું.બનાવ સમયે હું કેન્ટીન નજીકના શેડ પાસે ઉભો હતો તે સમયે અવાજ આવતા તે તરફ દોડ્યો હતો.છજા પર પટકાયેલા યુવાનને બચાવવા થાંભલાની મદદથી ઉપર ચઢવાના પ્રયાસમા મને માથામા ઇજા થઇ હતી.

## થોળ નજીક પૌત્રને રમાડી રહેલા સિક્યુરિટી ગાર્ડને કારચાલકે કચડતાં મોત

થોળ

કડી તાલુકાના થોળ નજીક શેડફા ચોકથી ખાત્રજ જવાના માર્ગે ફાર્મ હાઉસના સિક્યુરિટી ગાર્ડને કાર ચાલકે કચડતાં મોત થયું હતું. કડી તાલુકાના થોળ નજીક શેડફા ચોકથી ખાત્રજ જવાના માર્ગે આવેલા જલમંઝર ફાર્મહાઉસમાં સાણંદ તાલુકાના ડરણ ગામના ચૌહાણ હર્ષદભાઇ વશરામભાઇ સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા. તેઓ ગેટ બંધ કરી રવિવારે બપોરે ૩-૩૦ વાગે ખુરશીમાં બેઠા બેઠા તેમના પૌત્ર ધવલને રમાડી રહ્યા હતા.

તે અરસામાં નિશાન કંપનીની ટેરાનો ગાડી (જીજે ૦૧ આરજી ૬૧૦૧)ના ડ્રાઇવરે સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવ્યો હતો અને રોંગ સાઇડે ધસી આવી ખુરશીમાં બેઠેલા ચૌહાણ હર્ષદભાઇ વશરામભાઇ (૪૩)ને કચડી નાખતાં તેમનું ઘટનાસ્થળે જ મોત થયુ હતુ. જયારે પૌત્ર ધવલ ફંગોળાઇ જતાં તેને ઈજા થઇ હતી. જેને સારવાર માટે કડી દવાખાને દાખલ કરાયો હતો. આ ઘટના અંગે જાણ થતાં બાવલુ પોલીસે દોડી જઇ લાશનું પંચનામુ કરી પીએમ માટે કડી સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આપી હતી. આ ઘટનામાં ગાડીના ડ્રાઇવરને ઈજા થતાં તેને સ્ટર્લિંગ હોસ્પિટલ અમદાવાદ ખાતે સારવાર અર્થે ખસેડાયો હતો.

## સુજાણપુરના ૨૮૦ મતદારો બહાર રહેતા હોવાથી મતદારયાદીમાંથી નામ કમી કરવા માંગ

ચાણસ્મા

બેચરાજી તાલુકાના સુજાણપુરા ગામે સ્થાનિક ગ્રામ પંચાયતની મતદાર યાદીમાં આશરે ૨૮૦ જેટલા મતદારો વર્ષોથી બહાર ગામ રહેતા હોવા છતાં તેમજ તેમની પાસે સ્થાનિક રહેવાસીના કોઈપણ પુરાવા મોજુદ ન હોવા છતાં છેલ્લા કેટલાય વર્ષોથી ગામ તેમજ બહાર ગામ બે-બે જગ્યાએ મતદાર યાદીમાં નામ ધરાવતા હોવાથી તેવા મતદારોનાં નામ કમી કરવા ગામના સ્થાનિક નાગરિક ઠાકોર વિરસંગ બચુજીએ નમુના નં. ૭ માં વાંધાજનક ફોર્મ ભરી તા. ૨૨/૦૨/૨૦૧૭ ના રોજ ભુતિયા મતદારો અંગે આધાર પુરાવા સહ સ્થાનિક મામલતદાર કચેરી તેમજ રાજ્ય ચૂંટણી આયોગ સમક્ષ લેખિત ફરિયાદ કરતાં ભૂતિયા નામ ધરાવતા મતદારોમાં ફફડાટની લાગણી ફેલાઈ ગઈ છે.

બેચરાજી તાલુકાના સુજાણપુરા ગામે હાલની ગ્રામ પંચાયત મતદાર યાદીમાં મહિલા અને પુરૂષ મળી આશરે ૭૮૬ જેટલા મતદારો છે. જે પૈકી આશરે ૨૮૦ જેટલા મતદારો વર્ષોથી અમદાવાદ, સુરત અને અન્ય સ્થળે રહે છે. પોતાના ગામે રેશનકાર્ડ કે આધારકાર્ડ જેવા કોઈ પુરાવા ધરાવતા નથી. તેમજ તેમના મુળ વતન સુજાણપુરા ગામે અને અન્ય જગ્યાએ એક કરતાં વધુ જગ્યાએ મતદાર યાદીમાં નામો ધરાવે છે. અને બે- બે જગ્યાએ ચૂંટણીકાર્ડ પણ ધરાવે છે. જે ચૂંટણીપંચના નિયમ વિરૂધ્ધ હોઈ આવા મતદારો ગુન્હાને પાત્ર બને છે.

આગામી માર્ચ-૨૦૧૭ માં બીજા તબક્કાની ગ્રામ પંચાયતની ચૂંટણીનું જાહેરનામું બહાર પાડવાની તૈયારી ચૂંટણીપંચે આરંભી દીધી છે. ત્યારે ગામના અરજદાર ઠાકોર વિરસંગ બચુજીએ નામ કમી કરવાના નમુના નં.૭ નું ફોર્મ ભરી આશરે -૧૪૦ જેટલા ભૂતિયા મતદારોના નામ કમી કરવા જરૂરી આધાર પુરાવા સાથે તા. ૨૨/૦૨/૨૦૧૭ ના રોજ મામલતદાર કચેરી બેચરાજી, જિલ્લા કલેક્ટર, મહેસાણા અને રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાતને એક લેખિત ફરિયાદ કરી છે. જો ચૂંટણી અગાઉ બે- બે જગ્યાએ મતદાર યાદીમાં નામો ધરાવતા ભૂતિયા નામ કમી કરવામાં નહી આવે તો અરજદાર તેમજ ગામલોકો દ્વારા આ સમગ્ર મામલાને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવાનું વિચારાઈ રહ્યું છે.

## ઊંઝાથી દ્વારકા- ઓખા સીધી બસ સેવા શરૂ કરવા મુસાફરોની માંગ

ઊંઝા

વેપારી મથક અને યાત્રાસ્થળ એવા ઊંઝા ખાતેથી સૌરાષ્ટ્રના સુપ્રસિધ્ધ યાત્રાસ્થળ દ્વારકાને જોડતી સીધી કોઈ જ બસ સર્વિસ ન હોઈ દ્વારકા જનાર યાત્રિકો અને મુસાફરો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

ઊંઝા શહેર એશિયાભરમાં વેપારક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવે છે. આ ઉપરાંત કડવા પાટીદારોના કુળદેવીશ્રી ઉમિયા માતાજીનું સુપ્રસિધ્ધ યાત્રાસ્થળ છે. ઊંઝા એસ.ટી.બસ સ્ટેશનથી સૌરાષ્ટ્રના સુપ્રસિધ્ધ યાત્રાસ્થળ દેવભૂમિ દ્વારકા જવા માટે સીધી કોઈ જ એસ.ટી.બસ સેવા ઉપલબ્ધ નથી. ઊંઝા તાલુકામાંથી ઘણા યાત્રાળુઓ સૌરાષ્ટ્રના યાત્રાસ્થળ દ્વારકા ખાતે દર્શનાર્થે જતા આવતા હોય છે.

વધુમાં જામનગર જિલ્લાના સલાયા, ઓખા, મીઠાપુર તરફથી ઘણા યાત્રાળુઓ ઊંઝા નજીકના ઉનાવા ગામે આવેલ મીરાં દાતારની દરગાહે દર્શનાર્થે આવતા હોય છે. ત્યારે આ યાત્રાળુઓને પણ ઉનાવા આવવા માટે સીધી કોઈ જ એસ.ટી.બસ મળતી નથી. આમ ઊંઝાથી સૌરાષ્ટ્રના દ્વારકા, ઓખા જવા માટે વર્ષોથી કોઈ જ સીધી એસ.ટી. બસ સેવા ઉપલબ્ધ ન હોઈ મુસાફરોને તૂટક તૂટક રીતે મુસાફરી કરવાની ફરજ પડે છે. ત્યારે મહેસાણા એસ.ટી. વિભાગના સત્તાધીશોએ મુસાફરોની વ્યાજબી માગણીને ધ્યાનમાં લઈને સત્વરે ઊંઝાથી દ્વારકા-ઓખા સુધીની નવિન બસ સર્વિસ શરૂ કરવી જરૂરી છે.

## વઘરોડામાં ગામમાં મંદિરની જગ્યા ખાલી કરવા બાબતે માર માર્યો

મહેસાણા

કડી તાલુકા વઘરોડા ગામ ખાતે સરકારી જમીનમાં માતાજીનું મંદિર આવેલ હોઈ તે જગ્યા ખાલી કરવાના મામલે તકરાર થઈ હતી. જેમાં એક શખ્સને જાતિ વિષયક અપશબ્દો બોલી માર મારતાં ચાર વ્યક્તિ સામે બાવલુ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી.

જણવા મળતી વિગતો અનુસાર નટવરભાઈ અંબારામભાઈ સેનમાએ ગામના રતીલાલજી ઘેલાજી ઠાકોર, સંજયજી જયંતીજી ઠાકોર, રસીકજી રતીલાલ ઠાકોર અને મઘીબેન રતીલાલજી ઠાકોર સામે ગત ગુરૂવારે બાવલુ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર નટવરભાઈ સેનમા જોગણી માતાની પૂજા કરતા ગત ગુરૂવારે ગયા હતા. ત્યારે રતિલાલજી ઠાકોરે તેમને કહેલ કે આ જગ્યા સરકારી છે. ખાલી કરી દો.

જેમાં આરોપીએ ઉશ્કેરાઈને જાતિ વિષયક શબ્દોચ્ચાર કરી ગડદાપાટુનો માર માર્યો હતો.

## તલોદના વાવડી ગામના તળાવમાં ડૂબી જતાં આધેડનું મોત

મોડાસા

તલોદ તાલુકાના વાવડી ગામના તળાવમાં ડૂબી જતાં ૫૩ વર્ષની વયના દિપસિંહ ઝાલા નામના આધેડનું મોત થયું હતું.

જાણવા મુજબ વાવડી (સોનીસર) ગામના રહીશ દિપસિંહ ભવાનસિંહ ઝાલા કોઈ અગમ્ય કારણોસર ગામના તળાવ પાસે ગયા હતા, અને ત્યાં પગ લપસી જતાં તળાવમાં ગરકાવ થઈ ઊંડા પાણીમાં ડૂબી ગયા હતા.

તેઓને તળાવમાં ડૂબતા જોતા જ લોકોએ બૂમાબૂમ કરી મુકી હતી અને આસપાસના લોકો ત્યાં દોડી આવ્યા હતા અને તેઓના મૃતદેહને તળાવની બહાર કાઢી રેફરલ હોસ્પિટલમાં પી.એમ. માટે પોલીસ દ્વારા વ્યવસ્થા થઈ હતી.

પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## શાળા જવા નીકળેલા મહેસાણાના ૨ કિશોરો મુંબઈ ફરી આવ્યા, પરિવારજનો ચિંતાતુર

મહેસાણા

ગુરુવારે સવારે શાળામાં જવા નીકળેલા મહેસાણાના ૯મા ધોરણમાં ભણતા બે મિત્રો સાયકલ લઈને અમદાવાદ પહોંચ્યા હતા અને અહીંથી ટ્રેનમાં મુંબઇ ફરવા પહોંચી ગયા હતા. બીજી તરફ પરિવારજનો તેમને શોધવા ફાંફે ચઢ્યા હતા. જો કે, શુક્રવારે સાંજે મુંબઈથી અમદાવાદ આવેલી ટ્રેનમાંથી બંને છાત્રો મળી આવતાં પરિવારજનોએ રાહત અનુભવી હતી.

મહેસાણાની એક શાળામાં ધોરણ ૯માં અભ્યાસ કરતા અને માનવઆશ્રમ વિસ્તારમાં રહેતા ૧૪ વર્ષિય બે મિત્રો ગુરુવારે સવારે ૧૦-૩૦ વાગ્યે ઘરેથી સાઈકલો લઈને શાળામાં જવા નીકળ્યા હતા. સાંજ સુધી છાત્રો ઘરે પરત ન ફરતાં પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. જેમાં તેઓ શાળામાં પણ ન ગયા હોવાનું જણાતાં પરિવારજનો ચિંતિત બન્યા હતા. એક છાત્ર પાસેના મોબાઈલ પર ફોન કરતાં ઘરે પાછા નથી આવવવાના તેવું કહીં ફોન બંધ કરી દીધો હોઈ વાલીઓ પોલીસ મથકે દોડી ગયા હતા. નાની ઉંમરના છાત્રો ગુમ થયા હોઈ એ ડિવિઝન પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બીજી તરફ છાત્રોએ તેઓ મુંબઇ ફરવા ગયાનો મેસેજ છોડ્યો હોવાનું વાલીએ જણાવ્યું હતું. આરપીએફમાં ફરજ બજાવતા સંબંધી અને પોલસની મદદથી લોકેશનના આધારે તેઓ મુંબઈથી અમદાવાદ પરત ફરી રહ્યા હોવાનું જણાતાં શુક્રવારે અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશને આવતી ટ્રેનો પર વોચ ગોઠવાઈ હતી. છેવટે સાંજે ૫-૩૦ વાગ્યે આવેલી ટ્રેનમાંથી બંને છાત્રો મળી આવ્યા હતા.

બંને કિશોરો મુંબઇ ફરવા ગયા હોવાનું જણાવી રહ્યા છે. તેઓ બોરીવલ્લી રેલવે સ્ટેશનમાં જ ૪ કલાક જેટલું ફરીને એ જ ટ્રેનમાં પરત અમદાવાદ આવી ગયા હતા. સાંજે ૫-૩૦ વાગ્યે અ

## મેઘરજના રોલેશ્વર મહાદેવ પાસેથી વિદેશી દારૂ જપ્તઃ ચાલક ફરાર

મોડાસા

રાજસ્થાનથી મેઘરજ તાલુકાના રોલેશ્વર મહાદેવ પાસે વિદેશી દારૂ ભરેલુ ‘અમુલ’ મિલ્ક લખેલા ટેમ્પામાંથી મેઘરજ પોલીસે રૂા. ૪ લાખનો વિદેશી દારૂ અને છ લાખના ટેમ્પા સહિત ૧૦ લાખનો મુદ્દામાલ ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જાણવા મળતી વિગતો અનુસાર મહાશિવરાત્રીના દિવસે નિલકંઠ રોલેશ્વર મહાદેવ સહિત અનેક જગ્યાએ સંખ્યાબંધ મેળા ભરાયા હોવાના કારણે મેઘરજ પોલીસ પેટ્રોલિંગમાં હતી. ત્યારે એક ટેમ્પા પર ‘અમુલ મિલ્ક’ લખેલું હતું તેને રોલેશ્વર મહાદેવ પાસે પોલીસે રોકવાનો પ્રયત્ન કરતા ટેમ્પા ચાલકે ટેમ્પાની ઝડપ વધારી દીધી હતી. જેથી પોલીસને શંકા જતા ટેમ્પાનો પીછો કર્યો હતો. બાદમાં ચાલક ટેમ્પો એક તરફ મુકી ફરાર થઈ ગયો હતો.

પોલીસે ટેમ્પામાં તપાસ ચલાવતા હરિયાણા બનાવટની વિદેશી દારૂની પેટીઓમાંથી કુલ ૩૦૨૪ દારૂની બોટલો મળી આવી હતી. જેની કિંમત રૂા. ૩.૩૬ લાખ થવા જાય છે જ્યારે છ લાખનો ટેમ્પો ૪૦૭ જપ્ત કર્યો હતો.

મેઘરજ પીએસઆઈ ગુણવંતભાઈ બારોટે શિવરાત્રીના દિવસે જ રૂા. ૧૦ લાખની માલમત્તા જપ્ત કરી હતી. જ્યારે આ અંગે રાઈટર રતીભાઈએ મેઘરજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## મેડા આદરજ ગામે યુવતીને ભગાડી જવાનો વહેમ રાખી બે પક્ષો વચ્ચે મારામારી

મહેસાણા

કડીના મેડા આદરજ ગામમાં યુવતીને ભગાડી જવાનો વહેમ રાખી બે પક્ષો વચ્ચે મારામારી થવા પામી હતી. આ મુદ્દે બંને પક્ષોએ બાવલુ પોલીસ મથકે ક્રોસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ ચલાવેલ છે.

ગાંધીનગર ઝુંડાલના વર્ષાબેન વીરેનભાઈ નાયીએ મેડા આદરજના અંબાલાલ ભીખાલાલ પટેલ અને અંબાલાલ પટેલની પત્નિ સામે ગત બુધવારે બાવલુ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર યુવતીને ભગાડી જવાના મામલે બંને પક્ષો વચ્ચે તકરાર થઈ હતી. આ મામલે સામે પક્ષે અંબાલાલ ભીખાલાલ પટેલે પણ મેડા આદરજના વર્ષાબેન બળદેવ નાયી ઉર્મિલાબેન બળદેવભાઈ નાયી, મહેશભાઈ રોહિતભાઈ નાયી, રવિભાઈ બીપીનભાઈ નાયી સામે ફરિયાદ નોંધાવામાં આવી હતી.

## શંખેશ્વરના પંચાસરા નજીક કારની ટક્કરથી બાઈક સવારનું મોત

પાટણ

શંખેશ્વર તાલુકાના પંચાસર પાસે એક અકસ્માતમાં એકનું મોત થયું હતું.

જાણવા મળતી વિગતો અનુસાર શંખેશ્વર હાઈવે પર પંચાસર ગામ પાસેથી પસાર થતી એક ઈનોવા ગાડીનાં ચાલકે બાઈક નંબર જીજે ૦૧.ડી.એફ ૨૫૨૮ ને ટક્કર મારતા બાઈક સવાર અજમલજી અમથાજી ઠાકોર (રહ. મંકોડીયા)ને ગંભીર ઈજાઓ થતાં તેનં મોત નિપજ્યું હતું.

આ બનાવ અંગે પોલીસે મૃતકના ભાઈ પરખાજીની ફરિયાદના આધારે તપાસ ચલાવેલ છે.

ઉનાળો શરૂ થતાં પહેલાં જ પીવાના પાણી માટે વલખાં

# લુદરામાં એક અઠવાડિયાથી કેનાલનું પાણી બંધ થતાં ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા

### અનેક રજૂઆતો કરવા છતાં પાણીની વ્યવસ્થા થતી નથી

પ્રતિનિધિ લુદરા

દિયોદર તાલુકાના લુદરા ગામે છેલ્લા એક અઠવાડિયાથી નર્મદા કેનાલનું પાણી બંધ થઈ ગયુ હોઈ ગ્રામજનોને પાણી માટે વલખા મારવા પડે છે. હજુ ઉનાળો શરૂ થયો નથી ત્યાં ગામમાં પાણીની પોકારો ઉઠવા લાગી છે ત્યારે ખરા ઉનાળામાં શું હાલત થશે તેવી આશંકા સાથે ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે તંત્રમાં વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ સાંભળતું નથી.

દિયોદર તાલુકાના લુદરા ગામે ગ્રામ પંચાયતના બોરનું પાણી ખારાશવાળુ હોઈ તેનો ઉપયોગ થતો નથી. આથી બોર બંધ હાલતમાં છે. આથી ગામમાં જાડાથી પાઈપલાઈન મારફત નર્મદા કેનાલનું પાણી આપવામાં આવે છે. પરંતુ છેલ્લા એક અઠવાડિયાથી કેનાલ મારફત આપવામાં આવતુ પાણી બંધ થઈ જતાં ગ્રામજનોને પાણી માટે વલખાં મારવા પડી રહ્યા છે. ગામની મહિલાઓને દુર દુરથી પાણી ઉપાડીને લાવવુ પડે છે. જ્યારે પશુઓના પાણી માટેના હવાડા પણ ખાલીખમ ભાસે છે. આ અંગે ગામના સરપંચ તથા ઉપ સરપંચે સાંબલા પાણી પુરવઠા કચેરીમાં વારંવાર રજૂઆતો કરવા છતાં પાણીની કોઈ વ્યવસ્થા થઈ નથી. જેથી ગ્રામજનોમાં તંત્ર પ્રત્યે રોષ જોવા મળી રહ્યો છે. હજુ તો ઉનાળાની શરૂઆત થઈ નથી ત્યાં પાણીની પોકારો ઉઠવા લાગી છે. ત્યારે આ બાબતે દિયોદર ધારાસભ્ય અંગત રસ દાખવી લુદરા ગામે પાણીની વ્યવસ્થા કરાવે તેવી ગ્રામજનોએ માંગ કરી છે.

# થરાદમાં મંદિરની કામગીરી દરમ્યાન પથ્થર વાગતાં મજુરનું મોત



(પ્રતિ.) થરાદ

થરાદ શહેરની ચકલી શેરીમાં આવેલ જૈન સમાજનાં જયાદેવી માતાજીના મંદિરનું જુનુ મંદિર ખોલવાની કામગીરી રાજસ્થાનના શ્રમિકો કરી રહ્યા હતા. દરમ્યાન રવિવારના સવારે ખેતારામ વણવીજી રબારી નામનો ૨૭ વર્ષીય યુવક રહે. રાજસ્થાનના ગામ નાદીયા તા.પીંડવાડા જી.શિરોહીનો દસ ફુટની ઉંચાઈએથી ભારે પથ્થર સાથે નિચે પટકાયો હતો. પથ્થર યુવકના ગુપ્તાંગ પર પડવાના કારણે ગંભીર ઈજા થતાં સ્થળ પર જ કરુણ અને કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. જેને રિક્ષામાં શહેરની રેફરલ હોસ્પીટલમાં લઈ આવ્યા હતા પણ તેનું પ્રાણ પંખેરૂ ઉડી જતાં આ અંગે પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત રજીસ્ટરે નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# ડીસામાં ''પ્રયાગ ઉત્સવ'' નિમિત્તે ભગવાનનું ''મામેરૂ'' ભરાયું

### આજે શ્રી નેમિનાથ ભગવાનની પંચ કલ્યાણક પૂજા થશે



(ભરત સુંદેશા)

ડીસા

ડીસાના નેમિનાથ નગરે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાદિ જિનબિંબ તેમજ આદિનાથનગરે સમર્થ ક્રિયોદ્ધારક પ.પૂ.આ.ભ.શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા. આદિ ગુરૂબિંબની અંજનશલાકા પ્રતિષ્ઠા તથા દિક્ષાના ન્વાન્હિકા મહોત્સવને લઈ છેલ્લા પાંચ દિવસથી ડીસા નગર જાણે ભક્તિ ભાવનાના રસથી તરબોળ બની ગયુ હોય તેવો ધર્મોલ્લાસભર્યો માહોલ જોવા મળી રહ્યો છે.

આ મહા મહોત્સવ નિમિત્તે ગઈકાલે બપોરે નારોલી નિવાસી કોરડીયા બબીબેન ડાહ્યાલાલ રામચંદભાઈ પરિવાર દ્વારા ભગવાનનું 'મામેરૂ' ભરવામાં આવ્યું હતું. તેમજ શ્રી મહાવીર સ્વામી ભગવાનની પંચ કલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી. આજે મહોત્સવના છઠ્ઠા દિવસે સવારની નવકારશીના લાભાર્થી લાલપુર નિવાસી વોહેરા સવિતાબેન શાંતિલાલ ભૂખણદાસ પરિવાર, બપોરની સાધર્મિક ભક્તિના લાભાર્થી ધનકવાડા નિવાસી મોરખીયા ઈશ્વરલાલ દલીચંદભાઈ પરિવાર, શ્રી નેમિનાથ પંચ કલ્યાણક પૂજાના લાભાર્થી મડાલ નિવાસી વોહેરા દિવાળીબેન ભુદરમલભાઈ પરિવાર, સાંજની સાધર્મિક ભક્તિના લાભાર્થી લાખણી નિવાસી મોરખીયા જાસુબેન હરીલાલ ત્રિભોવનદાસ પરિવાર, અંગરચનાના લાભાર્થી ઈઢાટા નિવાસી દોશી ધનીબેન વાઘજીભાઈ રામચંદભાઈ પરિવાર તથા ભક્તિભાવનાનો લવાણા નિવાસી મોરખીયા બબીબેન મણીલાલ સગથાચંદભાઈ પરિવારે લાભ લીધેલ છે.

# ગાંધીધામથી વાયા દીઓદર જલંધર સીટી ટ્રેન શરૂ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

રેલ્વે તંત્ર દ્વારા ઉનાળુ વેકેશનને ધ્યાને લઈ ઉનાળામાં પ્રવાસીઓ માટે સમર એક્સપ્રેસ ટ્રેન શરૂ કરવામાં આવી છે.આ ટ્રેન ગાંધીધામથી તા.૧૦-૪-૨૦૧૭,૧૭-૪-૨૦૧૭,૨૪-૪-૨૦૧૭ના રોજ સાંજે ૫.૩૦ કલાકે ઉપડી રાત્રે ૮.૩૮ કલાકે દીઓદર પહોંચશે ત્યાંથી ઉપડી આ ટ્રેન બીજા દિવસે રાત્રે ૧૦.૫૦ કલાકે જલંધર સીટી પહોંચશે. ત્યાંથી ગાંધીધામ આવવા માટે તા.૧૨-૪-૨૦૧૭, ૧૯-૪-૨૦૧૭, ૨૬-૪-૨૦૧૭ના રોજ જલંધરથી સવારે ૫.૫૦ કલાકે ઉપડી બીજા દિવસે સવારે ૫.૫૨ કલાકે દીઓદર આવશે. જ્યાંથી સવારે ૯.૩૦ કલાકે ગાંધીધામ પહોંચશે. જવા માટે ટ્રેન નં.૦૯૪૫૩ તેમજ આવવા માટે ૦૯૪૫૪ નંબરનો ઉપયોગ થશે.આ ટ્રેન ગાંધીધામથી વાયા દીઓદર થઈ ફુલેરા, રીગેસ થઈ જલંધર સીટી પહોચશે. આ ટ્રેન એક મહીનામાં ત્રણ દિવસ જશે અને ત્રણ દિવસ આવશે. આ ટ્રેન એપ્રિલ મહીના પુરતી જ ચાલુ રહેવા પામશે.

# બીએસએફના જવાનોને કાયદાનું માર્ગદર્શન



ભરત સુંદેશા

દાંતીવાડા ૯૪ બીએસએફ બટાલિયનનાં જવાનોને ડીસા લો કૉલેજનાં પ્રોફેસર ડો.રાજુલાબેન દેસાઈ દ્વારા કાયદા અંગેનું માર્ગદર્શન આપેલ. દાંતીવાડા બીએસએફ કેમ્પસમાં જવાનોને માર્ગદર્શન માટે પ્રથમ વખત સેમિનાર યોજાયો છે.

# વિધાનસભામાં ગાળાગાળી મુદ્દે ભાજપના ધારાસભ્યો જવાબદાર : જોઈતાભાઈ પટેલ

### ધાનેરામાં કોંગ્રેસ દ્વારા જનવેદના સંમેલન યોજાયુ



(એન.કે.મોદી)

(તા.પ્રતિ.) ધાનેરા

ધાનેરામાં કોંગ્રેસ દ્વારા યોજાયેલ જન વેદના સંમેલનમાં ઉપસ્થિત આગેવાનોએ વડાપ્રધાનના નોટબંધી સહિતના આડેધડ નિર્ણયો ઉપર આકરા પ્રહારો કરી ભાજપની ખેડૂતો અને લોક વિરોધી નીતિઓની ઝાટકણી કાઢી હતી.

ધારાસભ્ય જોઈતાભાઈ પટેલે કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે દેશમાં તમામ વર્ગને પીડા આપતી કોઈ સરકાર હોય તો તે ભાજપની સરકાર છે. એક સમયે નર્મદાની નહેર ગાંધીનગરથી કપડવંજ અને બનાસકાંઠા સુધી નીકળનારી હતી પરંતુ ભાજપ સરકાર બનાસવાસીઓ સાથે ભેદભાવ કરી હળાહળ અન્યાય કર્યો છે. તેમણે વિધાનસભામાં તાજેતરમાં થયેલ ગાળાગાળી પાછળ ભાજપના ધારાસભ્યોને જવાબદાર ઠેરવ્યા હતા. જિલ્લાના પ્રભારી રાજસ્થાનના પૂર્વ ધારાસભ્ય ખુશવીરસિંહે વડાપ્રધાન મોદી શહીદ સૈનિકો ઉપર પણ રાજનીતિ કરે છે તેવા આક્ષેપો કરી તેમના નોટબંધી જેવા આડેધડ નિર્ણયોથી દેશનો દરેક વર્ગ પરેશાન છે તેમ છતાં તેણે લોકોના પ્રાણ પ્રશ્નોની જાહેરમાં ચર્ચાથી દૂર ભાગે છે. કોંગ્રેસ અગ્રણી નથાભાઈ પટેલે પણ વડાપ્રધાને ડીસાના બટાટા સોનાના ભાવે વેચાશે તેવી જાહેરાતને વર્ષો વિત્યા છતાં ખેડૂતોને ભાવ ન મળતા બટાટા રોડ ઉપર ફેંકવાનો વારો આવ્યો છે. તેમ જણાવી ખેડૂત વિરોધી નીતિની ઝાટકણી કાઢી હતી.

આ સંમેલનમાં હાજર રહેલા એક માત્ર મહિલા કોંગ્રેસી અગ્રણી લક્ષ્મીબેન કરેણે વડાપ્રધાન મોદી પર આકરા પ્રહારો કર્યા હતા. જે સમયે અતિ ઉત્સાહમાં આવી જતા

અનુસંધાન પાના નં.૬

# પાલનપુરના સુખબાગ રોડની કામગીરીમાં ગેરરિતીનો આક્ષેપ



સંજય જોશી

પાલનપુર

પાલનપુર શહેરના સુખબાગ રોડ વિસ્તારમાં નગરપાલીકાની ગ્રાન્ટમાંથી નવા રોડનુ કામ થઈ રહ્યુ છે. પરંતુ રોડ બનાવવામાં ગુણવત્તા જળવાતી ના હોવા સાથે એસ.ટી.એન્ટ મુજબ રોડ ન બનતો હોવાના તેમજ તેમાં ગેરરીતિ આચરાઈ હોવાના સ્થાનિક રહિશોએ આક્ષેપ કર્યા છે. આ ઉપરાંત કોંગ્રેસના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈના મકાન આગળ પણ દબાણ થયુ હોવાના આક્ષેપ સાથે કલેક્ટર સમક્ષ રજુઆત કરાઈ હતી. જેના પગલે ગઈકાલે પાલનપુર ધારાસભ્ય મહેશભાઈ પટેલે રોડની કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું.

# થરાદમાં નવજાત બાળકનો મૃતદેહ મળતાં ચકચાર

(પ્રતિ.) થરાદ

થરાદ મીઠા રોડ પર આવેલ સરકારી કોલેજની દિવાલની નજીકની બાવળની જાડીઓમાં બાજુમાં ખેતર ધરાવતી એક વ્યક્તિ કુદરતી હાજતે જવા જતાં એક શંકાસ્પદ પ્લાસ્ટીકની થેલી જણાઈ હતી.આથી તેની તપાસ કરતાં તેમાં એક તાજુ જન્મેલ બાળક જણાઈ આવ્યું હતું.આથી તેણે આજુબાજુના ખેતરોમાં જાણ કરતાં લોકોમાં પોતાનું પાપ કર્મ છુપાવવા બાળકને જન્મ આપી તરછોડનાર તેની માતા પ્રત્યે ધૃણાની લાગણી વ્યક્ત કરી રહ્યા હતા.આ બનાવની કોઈએ મિડીયા અને થરાદ પોલીસને જાણ કરતાં પી આઈ જેજીચાવડાની સુચનાથી પીએસઆઈના રાયટર નવિનભાઈ અને સેવાભાવી એએસઆઈ રવજીભાઈ દોડી આવ્યા હતા અને મૃતદેહને થરાદની રેફરલમાં મોકલી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.આ બનાવથી ભારે ચકચાર અને અરેરાટી મચવા પામી હતી.

# પાલનપુરમાં મહિલા પર દુષ્કર્મ આચર્યાની ફરીયાદ

પાલનપુર

પાલનપુર તાલુકાના ગઠામણ ગામે રહેતી એક દલિત સમાજની મહિલાને લલચાવી ફોસલાવી તેની ઉપર દુષ્કર્મ આચર્યુ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. જે અંગે અફઝલ મલપરા, ઈરફાન મુમન, સોયેબ ઉર્ફે સિકંદર સામે દુષ્કર્મ અને એટ્રોસીટીની ફરિયાદ નોંધાવા પામી છે. આ ઘટનાથી ગામમાં ચકચાર મચી જવા પામી હતી.

# પાલનપુરમાં બિલ્ડીંગની કામગીર દરમ્યાન જમીન પર પટકાતા યુવકનું મોત



સંજય જોષી

પાલનપુર

પાલનપુર શહેરના બારડપુરા વિસ્તારમાં નવી બિલ્ડીંગનું બાંધકામ થઈ રહ્યું છે. જયાં બિલ્ડીંગનું સેન્ટીંગ કામ કરતી વખતે ત્રીજા માળેથી પટકાતા મજુર યુવકનુ ઘટના સ્થળે મોત નિપજ્યુ હતુ. મૃતકની લાશને પીએમ અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. મૃતકનુ નામ મહેશ સ્વરૂપભાઈ બારીયા ઉ.વ.૨૪ રહે.સંતરામપુર, નવાગામ જિ.પંચમહાલ હોવાનુ જાણવા મળ્યુ હતુ.

# દીઓદર ખાતે વિધાનસભા વિસ્તારનું કોંગ્રેસનું જનવેદના સંમેલન યોજાયું





(અશોક શેઠ)

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકા કોંગ્રેસ સમિતિ તેમજ લાખણી તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ગઈકાલે બપોરે ૧ કલાકે દીઓદર માર્કેટયાર્ડ ખાતે દીઓદર વિધાનસભા વિસ્તારનું કોંગ્રેસનું જનવેદના સંમેલન યોજાયું હતું.આ પ્રસંગે પધારેલા સૌ મહેમાનોને દીઓદર તાલુકા કોંગ્રેસના પ્રમુખશ્રી નરસિંહભાઈ રબારીએ શબ્દોથી સ્વાગત કરેલ.આ જનવેદના સમેલનમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી અને લોકોને પડતી હાલાકીઓ જેવી કે નોટબંધીથી સમગ્ર ભારતનું અર્થતંત્ર ડામાડોળ બન્યું છે. તમામ સમાજના લોકો તથા ખેડુતોને નાણાકીય હાલાકી ભોગવવી પડે છે. નોટબંધી બાબતે ખેડુત,નાના વેપારી અને પશુ પાલકોને પડતી હાલાકીનો તાત્કાલીક ધોરણે ઉકેલ લાવવો.,ખેડુતોને નોટબંધી બાબતે થયેલ નુકશાન પેટે વળતર આપવું.,ખેડુતોને વીજ કંપની દ્વારા લોડ વધારા, તથા મીટરના આડેધડ આવતા બીલો વિગેરેની થતી હેરાન ગતીઓને બંધ કરવી.,શિક્ષિત બેરોજગારોને રોજગાર આપવો અથવા બેકારી ભથ્થું આપવું.આર.એમ.એસ.યોજના દ્વારા બનાવેલ માધ્યમિક શાળાઓમાં મહેકમ પ્રમાણે શિક્ષકો તથા સ્ટાફની તાત્કાલીક ધોરણે ભરતી કરવી.,ખેડુતોની જમીનોનું રિ-સર્વેમાં થયેલ ગેરરીતીઓને સુધારવા ફરીથી સર્વે કરીને પછી જ પ્રમોલગેશન કરવું., ખેડુતોની ખેતી,શાકભાજીના યોગ્ય બજાર ભાવ મળી રહે તે માટે યોગ્ય વેચાણ વ્યવસ્થા કરવા માંગણી અને પુરેપુરા ભાવો મળી રહે., આરોગ્ય કેન્દ્રોમાં ડોક્ટરો તથા સ્ટાફની ઘટ તત્વરીત પૂર્ણ કરી પ્રજાની આરોગ્ય સેવાઓ વધારવી., જેવા પ્રશ્નો ઉપર

અનુસંધાન પાના નં.૬

# ડીસા માર્કેટયાર્ડમાં જીરાની નવી આવકના શ્રીગણેશ

### ખેડૂતોને હવે જીરૂ વેચવા ઉંઝા સુધી લાંબા થવું નહી પડે

ડીસા

રાજસ્થાન તેમજ બનાસકાંઠા જિલ્લામાં જીરાનું વાવેતર કરતાં ખેડૂતોને હવે જીરૂ વેચવા માટે ઉંઝા સુધી લાંબા થવું નહી પડે કારણ કે ડીસા માર્કેટયાર્ડમાં ગઈકાલે શનિવારથી જીરાની નવી આવક શરૂ થવા પામી છે. જેમાં પ્રથમ દિને જીરાનો પ્રતિ મણ (૨૦ કીલો)ના રૂ. ૩૧૦૫નો ભાવ નોંધાવા પામ્યો હતો.

ઉત્તર ગુજરાતની અગ્રણી સહકારી સંસ્થા શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ દ્વારા રાજસ્થાન તેમજ બનાસકાંઠા જિલ્લામાં જીરાનું વાવેતર કરતાં ખેડૂતોને ઘર આંગણે જ પોષણક્ષમ ભાવ મળે અને ટ્રાન્સપોર્ટેશન ખર્ચ બચે તે માટે ઘર આંગણે જ જીરાનું સુવ્યવસ્થિત ખરીદ-વેચાણ થાય તે માટે ડીસા માર્કેટયાર્ડમાં જીરાના વેચાણ માટે વેપારીઓ સાથે એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચેરમેન માવજીભાઈ દેસાઈએ જીરાની ખરીદ-વેચાણ કરતાં વેપારીઓને તમામ પ્રકારની સવલતો આપવાની ખાત્રી આપતાં વેપારીઓએ ચેરમેનના આ નિર્ણયને આવકારીને ડીસા માર્કેટયાર્ડમાં જીરાની લે-વેચ થાય તેવા પ્રયત્નો હાથ ધર્યા હતા. જેથી શનિવારે માર્કેટયાર્ડમાં પ્રથમ દિને ૧૨ બોરી જીરાની આવક નોંધાઈ હતી. જ્યારે પ્રતિ મણનો ભાવ

અનુસંધાન પાના નં.૬

# ડીસા પંથકમાં બટાટાના પાકના સરેરાશ ઉત્પાદનમાં ઘટાડો

### ભાવ પણ તળીયે જતાં બમણો માર ઝીલતા ખેડૂતો : ગત વર્ષ કરતાં ૨૦ ટકા ઉત્પાદન ઓછું નીકળતું હોવાનો અંદાજ



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

બટાટાનું ઉત્પાદન કરતા ખેડૂતો માટેનું આ વર્ષ નુકશાનકારક સાબિત થઈ રહ્યું છે.બટાટા પાકમાં ખેડૂતોને મોટી માર સહન કરવી પડે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ગત વર્ષ કરતાં બટાટાના ખેતરોના ભાવ ઘણા નીચા જોવા મળી રહ્યા છે.

ગત વર્ષ ઉત્પાદન પણ સારૂં હતું અને ભાવ પણ સારા હતા જેથી ખેડૂતોને ખેતરોમાં વેચેલા બટાટાના સારા એવા પૈસા મળ્યા હતા પણ આ વર્ષે ખેતરોમાં પડેલા બટાટાના ભાવ સાવ સામાન્ય જોવા મળી રહ્યા છે. બટાટા ખરીદનાર કોઈ વેપારી પણ મોટો સોદો પણ કરતો નથી જેથી ખેડૂતો પણ મુંઝવણમાં પડી રહ્યા છે. બીજી બાજુ બટાટાના ઓછા ભાવની સાથે સરેરાશ ઉત્પાદન પણ ઓછું મળી રહ્યું છે.ડીસા પંથકમાં બટાટાનું ૨૦ ટકા ઉત્પાદન ઓછું મળી ગયું છે. જેથી ખેડૂતોને ગત વર્ષ કરતાં ઓછા ભાવ અને ઓછું ઉત્પાદનથી મોટું નુકશાન જોવા મળી રહ્યું છે. આ બાબતે જાણકારો પાસેથી મળતી માહિતી પ્રમાણે ગત વર્ષે ખેતરોમાંથી બટાટાના ભાવ ૧૫૦ રૂપિયા જેટલો હતો ત્યારે ચાલુ સીઝનમાં ૫૦ થી ૬૫ રૂપિયા સુધીના ભાવ જોવા મળી રહ્યા છે. ગત વર્ષે ૧૦ મણીકાનું ઉત્પાદન થયું હતું ત્યારે ચાલુ વર્ષ ૬ મણિકા જેટલું ઉત્પાદન મળી રહ્યું છે. જેના પગલે ખેડૂતોને બમણો માર સહન કરવાનો વારો આવ્યો છે.

# ડીસા કોલેજ વકતૃત્ય સ્પર્ધામાં પ્રથમ




ભરત સુંદેશા

ડીસા

હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિ. સંલગ્ન શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કોલેજ પાટણ અને રોટરી કલબ ઓફ પાટણ દ્વારા આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. નોટબંધી સફળ કે નિષ્ફળ વિષય પર યોજાયેલી આ સ્પર્ધામાં યુનિ.ની વિવિધ કોલેજોએ ભાગ લીધો હતો. જેમાં ડીસાની ડીએનપી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની સીમરન સોની અને નરસિંહ બારોટ પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા. બન્નેને માર્ગદર્શન કોલેજના પ્રો.ભાવનાબેન અને પ્રો.તૃપ્તિ પટેલે આપ્યું હતું. વિજેતા છાત્રોને આયોજકો દ્વારા શિલ્ડ અર્પણ કરાયા હતા.

શ્રી રામસાપીર જ્યોતિષ-પાટણ
Mo.9909410573
બધા કરે વારંવાર મારૂ કરેલું એકવાર